સીતા વનવાસ

અનુવાદક:
પરાગજી ખંડુભાઈ દેશાઈ.
ફિનીક્ષ (નાતાલ-આફ્રિકા.)

સંવત ૧૯૭૨-ઈ. સ. ૧૯૧૬.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦.

મૂલ્ય ૦-૬-૦

અમદાવાદ ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટિંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું અને પ્રાગજી ખંડુભાઇ દેશાઇએ ફિનીક્ષ (નાતાલ–આફ્રિકા) માં પ્રસિદ્ધ કર્યું.

અર્પણપત્રિકા

અખંડ સૌભાગ્યવંતાં શ્રીમતી કસ્તુરબેન,

દક્ષિણ આફ્રિકાની જગપ્રસિદ્ધ સત્યાગ્રહની લડતમાં આપે ત્રણ માસ સુધી સખત મજુરી સાથની શિક્ષા ભોગવી પવિત્ર આર્યાવર્તની કીર્તિ ઉજ્જવલ કરી છે. દક્ષિણ આફ્રિકાની સરકારે હિંદી સ્ત્રીઓનાં લગ્નો ગેરકાયદેસર ઠરાવી ભારતમાતાની પુત્રીઓનું તેમજ હિંદના મહાન ધર્મોનું અપમાન કર્યું. ગીરમીટની પદ્ધતિથી હિંદથી આવતાં પુરુષો, સ્ત્રીઓ તથા તેર વર્ષની નાની બાળાઓ પાસેથી વાર્ષિક રૂા. ૪૫ નો કર સરકાર વસુલ કરતી હતી, તે કર સામે આપે આપની નાપસંદગી જાહેર કરી લાચાર પુરુષ તેમજ અબળાની વ્હારે આપ ધાયાં અને એ સર્વને માટે અનહદ દુઃખો કારાગૃહમાં રહી સહન કર્યાં. આપની તબીયત નબળી હતી છતાં તેની દરકાર ન રાખતાં આપ તરતજ જુલ્મી સરકારના જુલમને હસતે વદને સહન કરવા તૈયાર થયાં. આપના પતિ મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીએ છ વર્ષ થયાં ઉપાડેલી સત્યાગ્રહની લડતમાં આપ તેમને હમ્મેશાં ઉત્સાહ આપતાં આવ્યાં છો. શ્રી રામચંદ્રજીના ઉદ્દેશને અનુસરી સીતાજીએ અનેક સંકટો તેમની સાથે રહી સહન કર્યાં હતાં, તેજ માફક આપે પણ આપના પતિના ઉદ્દેશોને અનુસરી તેમની સાથે અનેક સંકટો ભોગવ્યાં

છે, અને તેમાં આનંદ માન્યો છે. આપ કારાગૃહમાંથી છૂટયાં ત્યારે આપની તબીયત કરૂણા ઉપજાવે એવી હતી. તે વેળાએ જેમણે આપની તબીયત જોઇ હશે તેને તરતજ ખાત્રી થઇ હશે કે યુનિયન સરકારના કારાગૃહમાં કેવાં સંકટો સહન કરવાં પડે છે? ભારતમાતાના ગૌરવ તથા સ્ત્રી જાતિનાં સ્વમાનને ખાતર આપે આ સંકટો સહન કર્યાં છે, તેમજ મારા પ્રતિ આપ પુત્રવત્ પ્રેમદૃષ્ટિથી જોતાં આવ્યાં છો. આ સર્વના સ્મરણાર્થે આ લઘુ પુસ્તક આપના ચરણારવિંદમાં અર્પણ કરૂં છું તે સ્વીકારી કૃતાર્થ કરશોજી.

લી. આપનો છોરૂ

પરાગજી ખંડુભાઇ દેશાઇ.

પ્રસ્તાવના

શ્રીયુત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું નામ ભારતવર્ષના સુશિક્ષિત વર્ગને અજાણ્યું નથી. તેમની જન્મભૂમિ બંગાળ હતી. શિક્ષિત તેમજ અશિક્ષિત, પુરુષ યા સ્ત્રી, બાલ યા વૃદ્ધ સર્વ તેમના અનેક સદ્ગુણોનું સ્મરણ કરી તેમની સુકીર્તિનું આજે પણ ગાન કરી રહ્યાં છે.

સીતા વનવાસના મૂળ લેખક તેઓ છે. તેમણે એ પુસ્તક બંગાળી ભાષામાં લખ્યું, અને પંડિત રામજીલાલ શર્માએ હિંદીમાં તેનું ભાષાંતર કર્યું. એ ભાષાંતરની ચોપડી મારા હાથમાં આવી ત્યારે મારા નિયમાનુસાર મેં પ્રસ્તાવના વાંચવાનું શરૂ કર્યું. જેમાં ભાષાંતર કર્ત્તાએ આ મુજબ લખ્યું છેઃ—" આ પુસ્તકની ઉત્તમતાનું અનુમાન વાંચકવર્ગ આટલા ઉપરથીજ કરી શકે છે કે આજ સુધીમાં એ પુસ્તકની ૫૦ આવૃત્તિઓ છપાઈ બહાર પડી છે, અને લાખો નકલો વેચાઇ ગઈ છે. બંગાળની ટેક્સ્ટ બુક કમીટીએ આ પુસ્તકને પોતાના પ્રાંતની શાળાઓમાં દાખલ કર્યું છે. બંગાળામાં કોઇ પણ એવું ઘર ન નીકળે કે તપાસ કરતાં ત્યાંથી સીતા વનવાસની એક નકલ પણ ન મળી આવે. બંગાળમાં લખી-વાંચી જાણનાર કોઇપણ એવો માણસ ન મળશે કે જેણે આ પુસ્તક વાંચ્યું ન હોય. " ઉપર મુજબ જ્યારે મેં પ્રસ્તાવનામાં વાંચ્યું ત્યારે હું પ્રથમથી આખર સુધી એ ચોપડી વાંચી ગયો અને તરતજ મારા મનમાં થયું કે આવા સરસ પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર થાય તો ઘણુંજ સરસ. એમ ધારી એ કાર્ય મેં હાથમાં લીધું. સીતા વનવાસની હકીકતથી ભાગ્યેજ કોઇ હિંદુ અજાણ્યો હોય, છતાં આ પુસ્તકના મૂળ લેખકે એવી ઉત્તમ રીતે તે લખેલું છે કે તેમાંથી દરેકને વિશેષ જાણવાનું મળી શકે છે. કરૂણારસને ખાસ પ્રાધાન્યતા

આપેલી છે. સીતાજીએ ઉઠાવેલાં કષ્ટો, તેમની અપૂર્વ સહનશક્તિ, પોતે વિશુદ્ધ તેમજ નિરપરાધિની છતાં શ્રી રામચંદ્રજીએ તેમને ત્યજી દીધાં તે છતાં પતિને પ્રભુતુલ્ય માની તેમના પ્રત્યે છેવટ સુધી અખંડ ભક્તિભાવ, આ સર્વ આર્યસ્ત્રીઓને એક આદર્શરૂપ છે. શરૂઆતનો કેટલોક ભાગ ઉત્તર રામચરિત્ર નાટકમાંથી લીધેલો માલૂમ પડે છે. આ પુસ્તકમાં કરૂણારસ એટલી બધી ઉત્તમ રીતે વર્ણવ્યો છે કે પાષાણહૃદય પણ તે વાંચવાથી પીગળે છે.

હિંદી ભાષામાંથી ભાષાંતર કરવાનો આ મારો પ્રથમજ પ્રયત્ન છે, જેથી એમાં અનેક ભાષાદોષો જોવામાં આવશે. વાંચક વર્ગ પાસે તેને માટે ક્ષમા યાચું છું.

આ પુસ્તક હિંદીમાં અનુવાદિત કરનાર પ્રયાગના હિંદી પ્રેસના અધિપતિ પંડિત રામજીલાલ શર્મા તેમજ તેના પ્રકાશક ઇન્ડીયન પ્રેસના અધિપતિ મહાશયે તેનો અનુવાદ કરવાની રજા આપી તેને માટે એ બંને સજ્જનોનો આ પ્રસંગે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ફિનીક્ષ—નાતાલ.

પરાગજી ખંડુભાઈ દેશાઈ.

અનુક્રમણિકા

પૂર્વ અને પશ્ચિમ.

આ અસલ લેખો લખનાર બહુ વિદ્વાન ને અનુભવી ઇંગ્રેજ છે. તેણે પોતાનાજ સુધારાનું ઘણી સરસ રીતે ખંડન કર્યું છે. પશ્ચિમની નીતિને વખોડી છે. ઇંગ્રેજી પાર્લામેન્ટને વખોડી છે. ચીનના લોકોનાં બંધારણનો આબેહુબ ચિતાર આપીને બતાવી આપ્યું છે કે ચીનના લોકોને પશ્ચિમના લોકો પાસેથી કંઈ શીખવાનું નથી રહ્યું. પશ્ચિમની નીતિ તો નહિજ, કેમકે તે નીતિનું મૂળ શરીરબળમાં છે. પશ્ચિમનું સાંચાકામ નહિ, કેમકે તેથી ત્યાંના માણસો નમાલા ને ગુલામ બની ગયા છે. પશ્ચિમનાં શહેરો નહિ, કેમકે શહેરોની ધમાલથી લોકો બહાવરા બની ગયા છે ને ઇશ્વરને તદ્દન ભૂલી ગયા છે. પશ્ચિમની રાજનીતિ નહિ, કેમકે તે રાજનીતિને પરિણામે બીજી પ્રજાઓ ઉપર ઉપકારને નામે અપકાર થયો છે, તેઓના રક્ષણને બહાને તેઓનો નાશ થયો છે. આ બધું ઉપરના લેખોમાં ઘણીજ અસરકારક રીતે બતાવવામાં આવ્યું છે. કિંમત છ આના; ટપાલ ખરચ ૧ આનો.

હિંદી ખેડૂત

અને બારિસ્ટરનો સંવાદ.

આ પુસ્તકમાં હિંદને લગતા ઉપયોગી વિષયોની ચર્ચા સંવાદરૂપે ખેડુત અને બારિસ્ટર વચ્ચે થાય છે. દેશોન્નતિ ઇચ્છનારે આ નાનું પુસ્તક ખાસ વાંચવું જોઇએ. કિંમત ૩ આના, ટપાલ ખરચ ૧ આનો.

લેખક—પરાગજી ખંડુભાઇ દેશાઇ.

મળવાનું ઠે. ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ, ફિનીક્ષ—નાતાલ.

સીતા વનવાસ

પ્રકરણ ૧ લું.

શ્રી રામચંદ્રજી મહારાજ અયોધ્યાની ગાદીપર બેસી નિર્વિઘ્ન રાજ્ય ચલાવતા હતા, અને અયોધ્યાની પ્રજાનું પુત્ર-વત્ પાલન કરતા હતા. એમની ન્યાયપૂર્ણ રાજ્યનીતિના પ્રતાપથી આખું રાજ્ય સુખ અને સંપત્તિથી પરિપૂર્ણ થઈ રહ્યું. ટુંકમાં એટલુંજ કે શ્રી રામચંદ્રજી ગાદી ઉપર વિરાજમાન થઇ રાજ્ય ચલાવવા લાગ્યા તેને લીધે પ્રજાને એટલું બધું સુખ અને આનંદ પ્રાપ્ત થયાં કે એવું સુખ અને આનંદ કોઇ બીજા રાજાના વખતમાં પ્રજાને પ્રાપ્ત થયાં નહોતાં. મહારાજ શ્રી રામચંદ્રજી પ્રતિદિન નિર્ણય કરેલા સમયે પોતાના મંત્રીઓ સાથે બેસી અત્યંત ધ્યાનપૂર્વક રાજ્યનાં કામકાજની સંભાળ લેતા હતા. ત્યારબાદ જે સમય મળતો તે પોતાના બંધુઓ સાથે તેમજ સીતાજી સાથે વ્યતીત કરતા હતા. આ પ્રમાણે કેટલાક દિન વીત્યા બાદ માલૂમ પડયું કે શ્રી જાનકીને ગર્ભ રહ્યો છે. આ સમાચાર જાણી શ્રી રામચંદ્રજી મહારાજ તથા તેમનાં માતુશ્રી કૌશલ્યાને અપૂર્વ આનંદ થયો. આ આનંદ સમાચાર સાંભળીને આખું રાજ્યભુવન ઉત્સવથી પરિપૂર્ણ થયું. તેમજ આખા અયોધ્યાની પ્રજા શ્રી જાનકીજીને જલદી રાજકુમારનો પ્રસવ થાય તેના ઉલ્લાસમાં પોતપોતાના

ઘરમાં અનેક પ્રકારના આનંદ અને ઉત્સવ કરવા લાગી.

કેટલાક દિવસો વીત્યા બાદ મહર્ષિ ઋષ્યશૃંગે પોતાને ત્યાં એક યજ્ઞ કરવાનો પ્રારંભ કર્યો. આ યજ્ઞમાં ભાગ લેવાને મહર્ષિ ઋષ્યશૃંગે શ્રી રામચંદ્રજીને સહકુટુંબ પધારવાનું આમંત્રણ મોકલ્યું. શ્રી જાનકીજીનો પ્રસવકાળ પણ આજ વખતે હતો, તેથી તેણીના આગ્રહથી શ્રી રામચંદ્રજી તેમજ લક્ષ્મણજી આ યજ્ઞોત્સવમાં ભાગ લેવા ન જઈ શકયા. માત્ર કૌશલ્યાજી બીજી વૃદ્ધ રાજ્ય રાણીઓ, વશિષ્ઠ ગુરૂ તથા અરૂંધતી સાથે પોતાના જામાત્રને ત્યાં યજ્ઞમાં જવા રવાના થયાં. જો કે આવા સમયે શ્રી જાનકીજીને ઘરમાં છોડી ચાલ્યાં જવાનું એમને પણ પસંદ ન પડયું, પરંતુ જામાત્રનું આવેલું નિમંત્રણ ન સ્વીકારવું એ ઉચિત નથી, એમ ધારી યજ્ઞોત્સવમાં જવાની તેમને જરૂર પડી.

આ પહેલાં કેટલાક દિવસ ઉપર જનક રાજા પોતાની પુત્રી તથા જામાત્રને જોવા અયોધ્યા આવી રહ્યા હતા. કૌશલ્યાજી વગેરે યજ્ઞોત્સવમાં ભાગ લેવા ગયાં બાદ જનક રાજા પણ પોતાની મિથિલા નગરી તરફ સીધાવ્યા. પ્રથમ તો પોતાનાં સાસુ વગેરેથી વિખુટાં પડયાં અને ફરીથી પોતાના પિતાજી પણ મિથિલા નગરી ગયા એટલે શ્રી જાનકીજીને ઘણોજ શોક થયો. પૂર્ણ ગર્ભના સમયે સ્ત્રીઓને શોક, મોહ આદિથી બહુ ભારે નુકસાન થવાનો સંભવ હોય છે, એટલે શ્રી રામચંદ્રજી સીતાજીને ધૈર્ય આપવા તેમજ તેમને ઉત્સાહિત રાખવા ખાતર સઘળું કામકાજ છોડી તેમનીજ પાસે રહેતા હતા.

એક દિવસ શ્રી રામચંદ્રજી સીતાજીની નજીકમાં બેઠા હતા.

એટલામાં દરવાને આવી નમ્રતાપૂર્વક દર્શાવ્યું કે મહારાજજી, મહર્ષિ ઋષ્યશૃંગના આશ્રમમાંથી કંઇક સમાચાર લઇને અષ્ટાવક્ર મુનિ પધાર્યા છે. આ સાંભળી શ્રી રામચંદ્રજી તેમજ જાનકીજી આશ્ચર્યચકિત થઇ ગયાં અને કહ્યું:–એમને તુરત અંદર બોલાવી લાવો. દરવાન ત્યાંથી તરતજ વિદાય થઈ અષ્ટાવક્ર મુનિને ત્યાં બોલાવી લાવ્યો. અષ્ટાવક્ર મુનિએ અંદર દાખલ થતાં હાથ ઊંચો કરી "ચિરંજીવ રહો" એમ કહી આશીર્વાદ આપ્યો. શ્રી રામચંદ્રજી તથા જાનકીજીએ મુનિ મહારાજને પ્રણામ કર્યા અને બેસવાને માટે આસન બીછાવી દીધું. જ્યારે મુન મહારાજ બેસી ગયા ત્યારે શ્રી રામચંદ્રજી પૂછવા લાગ્યા:–"ભગવાન ઋષ્યશૃંગ તો કુશળ છે ને ? એમનું યજ્ઞકાર્ય નિર્વિઘ્ને ચાલી રહ્યું છે કે કેમ ?" સીતાજી પણ પૂછવા લાગ્યાં:–"મારાં ગુરૂજનો, તેમજ આર્યા શાન્તા વગેરે સર્વ કુશળ છે ને ? એ લોકો કોઇ વાર અમને સંભારે છે ખરાં ?" આ સર્વના પ્રત્યુત્તરમાં મુનિજીએ સીતાજીને સર્વના કુશળવર્તમાન જણાવી કહ્યું:–"દેવિ, ભગવાન વશિષ્ઠ ગુરૂદેવે આપને કહાવ્યું છે કે ભગવતી વિશ્વંભરા દેવીથી તમો ઉત્પન્ન થએલાં છો, સાક્ષાત્ પ્રજાપતિ રાજા જનક તમારા પિતાજી છે, સૌથી શ્રેષ્ઠ કુળનાં તમો વધૂ છો, તમારે માટે તે હું શું પ્રાર્થના કરૂં ? રાત્રિ અને દિવસ હું એજ પ્રાર્થના કરી રહ્યો છું કે એક વીર પુત્રનો પ્રસવ તમને થાઓ." આ સાંભળી સીતાજી લજ્જાને લીધે કંઇક સંકોચાયાં. શ્રી રામચંદ્રજી અતિ આનંદ પામી કહેવા લાગ્યા, ગુરૂ વશિષ્ઠ દેવ જ્યારે એવો આશીર્વાદ આપે છે તો જરૂર મારા સર્વ મનોરથો પરિપૂર્ણ થશે. બાદ

અષ્ટાવક્ર મુનિએ શ્રી રામચંદ્રજીને કહ્યું:–"મહારાજ! ભગવતી અરૂન્ધતી દેવીએ, આપની સર્વ માતાઓએ, તેમજ શ્રીમતી ભગિની શાન્તાએ વારંવાર કહાવ્યું છે કે સીતાજી દેવી જે જે સમયે જે જે વસ્તુની ઇચ્છા કરે તે તે વસ્તુ તેમને આપી તેમની ઇચ્છાને પરિપૂર્ણ કરવી." શ્રી રામચંદ્રજીએ પ્રત્યુત્તર આપ્યો કે આપ એ સર્વને મારા પ્રણામ કરી કહેજો કે સીતાજી જે જે વસ્તુઓની અપેક્ષા રાખે છે તે તે વસ્તુઓ ક્ષણમાત્રમાં એમને મંગાવી દેવામાં આવે છે. એમાં હું એક પળની પણ ઢીલ કરતો નથી.

અષ્ટાવક્ર મુનિએ કહ્યું:–" દેવિ જાનકિ, ભગવાન ઋષ્યશૃંગે, સન્માન તેમજ પ્રેમપૂર્વક આપને કહ્યું છે કે બેટી! તમને પ્રસવનો સમય નજીક આવેલો હોવાથી હું બોલાવી શકયો નથી, જેથી તમે મારા ઉપર ક્રોધ ન કરશો; તેમજ રામચંદ્રજી તથા લક્ષ્મણજીને પણ તમને આનંદમાં રાખવા ખાતર તમારી પાસેજ રાખવા પડયા છે. આ યજ્ઞનું કાર્ય પૂર્ણ થયા બાદ અમો સર્વ અયોધ્યા આવીશું, ત્યારે તો નવકુમાર બાળકથી તમારી ગોદ શોભતી હશે તે જોઇ આનંદ પામીશું." આ સાંભળી શ્રી રામચંદ્રજી હર્ષિત થઇ બોલ્યા:–" ભગવાન વશિષ્ઠજીએ મને શી આજ્ઞા ફરમાવી છે?" અષ્ટાવક્ર મુનિએ જવાબ આપ્યો:–"મહારાજ! વશિષ્ઠ દેવે આપને એમ કહ્યું છે કે, બેટા! જામાત્રના યજ્ઞમાં અમે બધાં રોકાએલાં છીએ અને હજી બીજા કેટલાક દિવસો રોકાવું પડશે. તમો હજી બાળક છો, ગાદીપર બેસવાને ફક્ત થોડાજ દિવસ થયા છે, પ્રજાને સર્વદા સંતુષ્ટ રાખવા પુરતો પ્રયત્ન કરજો. પ્રજા પ્રસન્ન હોવાથી જે ઉજ્વળ કીર્ત્તિ

પ્રાપ્ત થાય છે, એજ રઘુવંશનું પરમ ધન છે." આ સાંભળીને શ્રી રામચંદ્રજીએ કહ્યું:-"ગુરૂજીની આ આજ્ઞાથી હું ઘણોજ ઉપકૃત થયો છું. એમની આજ્ઞા અને ઉપદેશ મને હમેશાં શિરસા વંદ્ય છે, એમના ચરણારવિંદમાં મારા સાષ્ટાંગ પ્રણામ નિવેદન કરી આપ કહેજો કે પ્રજાને સર્વ પ્રકારે પ્રસન્ન કરવામાં મારે દયા, સ્નેહ, યાતો સુખ-ભોગને છોડવાં પડે અગર ચાહે તો પ્યારી જાનકીજીનો પણ ત્યાગ કરવો પડે તો પણ હું પ્રજા-પાલનમાં લેશ માત્ર પણ ખામી આવવા દઇશ નહિ. એ બાબતમાં આપ નિશ્ચિંત રહેશો. પ્રજાને પ્રસન્ન કરવામાં એક પળ પણ હું નિશ્ચિંત નથી." આ સાંભળી સીતાજીને ઘણોજ આનંદ થયો. તેઓ કહેવા લાગ્યાં કે જો એમ ન હોય તો આખો સંસાર આપને રઘુકુલ ધુરંધર સમજે છે તે કેમ સમજે?

વાતચિત કરી રહ્યા પછી શ્રી રામચંદ્રજીએ અષ્ટાવક્ર મુનિને વિશ્રામસ્થાનપર લઇ જવા, પાસે બેઠેલા એક સેવકને આજ્ઞા આપી. સારી રીતે વાતચિત કર્યા પછી આશીર્વાદ આપી મુનિ ત્યાંથી વિશ્રામ કરવા સારૂ ચાલ્યા ગયા. તેમના ગયા બાદ શ્રી રામચંદ્રજી તથા સીતાજી આપસમાં વાતચિત કરતાં હતાં. એટલામાં લક્ષ્મણજીએ આવી કહ્યું કે, વડીલ બંધુ! આપનું જીવનચરિત્ર ચિત્રરૂપમાં પ્રસિદ્ધ કરવાનું મેં એક ચિત્રકારને ફરમાવ્યું હતું, તે એ ચિત્રપટ તૈયાર કરીને લાવ્યો છે. લો, એને આપ જુઓ. શ્રી રામચંદ્રજીએ કહ્યું:-બંધુ! દેવીનું ચિત્ત વ્યાકુલ થયું હોય ત્યારે કેવી રીતે એના મનને આનંદિત રાખવું એ તમે સારી રીતે સમજો છો. ઠીક, મને એ તો દર્શાવો કે આ ચિત્રપટપર કયાં સુધીનું ચારત્ર આલે-

ખ્યું છે ? લક્ષ્મણજીએ કહ્યું:–આર્યા સીતાજી અગ્નિજ્વાળા-માંથી સુરક્ષિત બહાર નીકળી આવ્યાં અને અગ્નિપરીક્ષા આપી ત્યાં સુધી છે.

આ સાંભળીને શ્રી રામચંદ્રજીનું મન મલિન થઇ ગયું, અને તેમણે કહ્યું:–"બંધુ! મારી સામે ફરીથી એ વાત તમો ન લાવશો. સીતાજીની અગ્નિપરીક્ષાની વાતનું સ્મરણ થવાથી હું ભારે લજ્જિત થાઉં છું. જેનો જન્મ થવાથી આખું જગત પવિત્ર થઈ રહ્યું છે, તેની પવિત્રતાની પરીક્ષા મેં બીજીજ રીતે કરાવી ! હા ! સંસારને પ્રસન્ન રાખવો (લોકાચાર) એ કેટલું કઠિન કાર્ય છે!" આ સાંભળી સીતાજીએ કહ્યું:–"પ્રા-ણનાથ! આપ એ વાતને યાદ કરી હવે શા માટે દુઃખી થાઓ છો ? આપે તે સમયે જે કર્યું હતું તે ઠીકજ કર્યું હતું. આપે એ પ્રમાણે ન કર્યું હોત તો રઘુકુલના નિર્મળ યશને કલંક લાગત અને મારા શિરપરથી પણ બુરાઈનું આળ દૂર ન થાત." સીતાજીની વાત સાંભળી એક દીર્ઘ નિઃશ્વાસ નાખી શ્રી રામચંદ્રજી કહેવા લાગ્યા: પ્યારી ! એ ગત વાતોને હવે જવા દો, આવો આપણે ચિત્ર જોઈએ.

ત્રણે જણાં ચિત્ર જોવા લાગ્યાં. આમતેમ જોઇ પછી સી-તાજીએ પૂછ્યું: "પ્રાણનાથ! આ ચિત્રની ઉપર તથા આજુબાજુ આ બધું શું બનાવેલું છે?" શ્રી રામચંદ્રજીએ કહ્યું:– "આ તમે જે ઉપર જોઇ રહ્યાં છો એ મંત્રવાળાં મોહિની બાણોનો સમૂહ છે. બ્રહ્મા આદિ પ્રાચીન ઋષિ મુનિઓએ વેદની રક્ષાને માટે ચિરકાલ સુધી તપ કરીને આ તપોમય તથા તેજસ્વી અસ્રોને પ્રાપ્ત કર્યા છે. ગુરૂપરંપરાની રીતિમુજબ

ભગવાન કૃશાશ્વની પાસે જઈ વિશ્વામિત્રજી આ બાણોની સર્વ વિદ્યા શીખી આવ્યા હતા. તાટકા રાક્ષસીને મારતી વેળાએ પરમકૃપાળુ શ્રી વિશ્વામિત્રજીએ એ સર્વ વિદ્યા મને શીખવી હતી. ત્યારથી એ સર્વ અસ્ત્ર-વિદ્યા મારી પાસે છે. જ્યારે તમને પુત્ર પ્રાપ્ત થશે ત્યારે એ વિદ્યા હું એને ભણાવીશ.

લક્ષ્મણજીએ કહ્યું:—દેવિ, મિથિલાનું સર્વ વૃત્તાંત અહીં ચિતર્યું છે તે તો જુઓ, એ જોઈ સીતાજી આનંદપૂર્વક બોલ્યાં: હા, આતો સરસ છે. આર્યપુત્ર શ્રી રામચંદ્રજી શિવ ધનુષ્યને ઉઠાવી તેપર બાણ ચઢાવવા પરિશ્રમ કરી રહ્યા હતા; અને મારા પિતાશ્રી આશ્ચર્યચકિત થઈ તે જોઇ રહ્યા હતા, તેવુંજ આબેહુબ ચિત્ર દોર્યું છે. અહા! કેટલું બધું મોટું ચિત્ર દોરેલું છે! કેવો સરસ ચમત્કાર બતાવ્યો છે! આ મારા વિવાહસમયની રચેલી સભા છે, આ વિવાહમંડપ છે, આ સભામાં આપ ચારે ભાઈ બેઠા હતા. તે સમયના ધારણ કરેલા વેશથી આપ કેવા મનોહર લાગો છો! કેવી સરસ શોભા થઈ રહી છે! આ ચિત્ર જોવાથી એમજ માલૂમ પડે છે કે જાણે આ તેજ જગ્યા હોયની! શ્રી રામચંદ્રજીએ કહ્યું:— પ્રિયે! જે જગ્યાએ મહર્ષિ શતાનન્દે (રાજર્ષિ જનકના કુલ-ગુરૂ) તમારો કોમલ કરકમલ લઇને મારા હસ્તમાં મૂકયો હતો તે સર્વ પણ બતાવવામાં આવ્યું છે.

આ ચિત્રપટપર એક જગ્યાએ આંગળી રાખી લક્ષ્મણજીએ કહ્યું:—આર્યા, આ આપ છો. આ આર્યા માંડવી છે. આ વધૂ શ્રુતકીર્તિ છે. લજ્જાને લીધે લક્ષ્મણજીએ પોતાની અર્ધાંગના ઊર્મિલાને ન બતાવી. સીતાજી તે સમજી ગયાં. કૌતુકને

ખાતર ઊર્મિલાની મૂર્તિ ઉપર આંગળી રાખી સીતાજીએ પૂછયું: વત્સ! અહીંઆં આ શું છે ? આ કોની મૂર્તિ બનાવેલી છે? લક્ષ્મણજીએ કંઇ પણ ઉત્તર ન આપતાં હસીને કહ્યું:–જુઓ, જુઓ, શિવધનુષના ટુકડા થએલા સાંભળીને ક્ષત્રિયકુળ-નાશક ભગવાન પરશુરામજી ક્રોધે ભરાઈ અમારો અયોધ્યાનો માર્ગ રોકી કેવા ઉભા છે ? અને જુઓ.! લોકવિજયી આર્ય રામચંદ્રજી એમનું અભિમાન તોડવાને માટે અસ્ત્ર સજ્જ કરી કેવા તૈયાર થઈ ઉભા છે! પોતાની પ્રશંસા સાંભળી રામ-ચંદ્રજી કંઇક લજ્જિત થયા. એથી તેમણે કહ્યું:–લક્ષ્મણ ! આ ચિત્રમાં બીજી ઘણીએ બાબત બતાવવા જેવી છે. તમે ખાસ એજ બાબત કેમ બતાવી રહ્યા છો? શ્રી રામચંદ્રજીની વાત સાંભળી સીતાજી પ્રસન્ન થઈ બોલ્યાં:–પ્રાણનાથ, એમ જો ન હોય તો આખી સૃષ્ટિ આપની પ્રશંસા શા માટે કરે ?

ત્યાર બાદ અયોધ્યામાં પ્રવેશ કરતી વખતનું ચિત્ર દૃશ્ય-માન થયું. એ જોઇનેજ શ્રી રામચંદ્રજીની આંખોમાં અશ્રુ આવી ગયાં, ગદ્ગદ કંઠે તેઓ બોલ્યા:–અમારાં લગ્ન થઇ ગયા બાદ કેવા આનંદમાં દિવસો પસાર થયા હતા. પિતાશ્રીને કેટલો આનંદ થયો હતો, કેટલું સુખ મળ્યું હતું. શ્રીમતી માતુશ્રીઓ પુત્રવધૂઓને મેળવી આનંદિત તથા પ્રફુલ્લિત થઈ હતી. તેઓના પ્રત્યે કેટલી મમતા રાખતી હતી. કેટલો પ્રેમ કરતી હતી. આખો રાજમહેલ આનંદ–ઉત્સવથી છવાઈ રહ્યો હતો. અહા! એ દિવસો કેટલા આનંદ અને સુખમાં વીતી ગયા હતા. પછી લક્ષ્મણજીએ કહ્યું:–આ મંથરા છે. મંથ-રાનું નામ સાંભળીને શ્રી રામચંદ્રજી ઘણાજ ઉદાસ થઇ ગયા.

મન અને દૃષ્ટિ ત્યાંથી બીજી જગ્યાએ ખેંચી લઇ શ્રી રામચંદ્રજી બોલ્યાઃ–પ્રિયે ! જુઓ, જુઓ, શૃંગવેરપુરમાં ઝાડની નીચે વહાલા બંધુ નિષાદરાજની સાથે મુલાકાત થઈ હતી એ દેખાવ કેવો સરસ ચિત્રેલો છે ?

સીતાજી એ જોઇને પ્રસન્ન થઈ બોલ્યાંઃ–પ્રાણનાથ ! જ્યાં આપે જટા બાંધી વન–પટકુળ ધારણ કર્યાં હતાં, તે ચિત્ર તો જુઓ. લક્ષ્મણજીએ કહ્યું કે ઇક્ષ્વાકુવંશીઓમાં એવો નિયમ ચાલતો આવ્યો છે કે વૃદ્ધાવસ્થામાં રાજા પોતાના પુત્રને રાજ્યભાર સોંપી પોતે વનમાં તપસ્યા કરવા ચાલ્યા જાય, પરંતુ આર્ય રામચંદ્રજીને તો બાળપણમાંજ કઠોર વનવાસ ભોગવવો પડયો. ત્યારપછી રામચંદ્રજી તરફ જોઇ લક્ષ્મણજીએ કહ્યુંઃ–બંધુ! મહર્ષિ ભરદ્વાજે ચિત્રકુટનો રસ્તો બતાવતાં વડના ઝાડની વાત કરી હતી તે ઝાડ તે આજ છે. ત્યારે સીતાજી બોલ્યાંઃ–કેમ પ્રાણનાથ ! અહીંની વાત યાદ છે ? શ્રી રામચંદ્રજીએ કહ્યુંઃ–પ્રિયે! એ કેમ ભૂલી જઈ શકાય ? આ જગ્યાએ વિકટ પંથ ચાલતાં ચાલતાં શ્રમ લાગવાથી તમે મારી છાતીપર શિર રાખી સૂઈ ગયાં હતાં.

બીજી જગ્યાએ આંગળી મૂકી સીતાજીએ કહ્યુંઃ–પ્રાણનાથ ! જુઓ તો ખરા, આપણે દક્ષિણ વનમાં દાખલ થતાં હતાં તે વેળાનું આ ચિત્ર કેવું સુંદર લાગે છે ? મને યાદ છે કે આ જગ્યાએ ઘણીજ ગરમીને લીધે હું જ્યારે વ્યાકુલ થઈ ગઇ હતી, ત્યારે આપે આપના હાથે તાડનાં પાંદડાં લઇ આવી મારા મસ્તક ઉપર છાંયો બનાવ્યો હતો. શ્રી રામચંદ્રજીએ કહ્યુંઃ–પ્રિયે ! આ બધી પહાડી નદીઓના તટપર તપોવન આવેલું

છે. એ તપોવનનાં વૃક્ષોની નીચે ગૃહસ્થાશ્રમી લોકો વાનપ્રસ્થમાં દાખલ થઇ, આનંદપૂર્વક કેવા પોતપોતાના કર્તવ્યનું પાલન કરી રહ્યા હતા! લક્ષ્મણજીએ કહ્યું:—બંધુ! આ જનસ્થાનવાળો પ્રસ્રવણ નામનો પર્વત છે. એ પર્વતની ઊંચી ટોચ ઉપર વાદળો સદા આવીને ફર્યા કરે છે અને તેથી નીલ રંગ કેવો આનંદજનક લાગે છે! વૃક્ષોનાં પુષ્કળ ઝુંડો આવી રહેલાં હોવાથી આ સ્થાન કેવું રમણીય, સોહામણું તથા શીતળ લાગે છે? એની નીચે સ્વચ્છ નિર્મળ જળથી ભરેલી ગોદાવરી નદી કેવા પ્રબળ વેગથી ચાલી જાય છે! શ્રી રામચંદ્રજીએ કહ્યું:—પ્રિયે! તમને યાદ છે? આ જગ્યામાં તમો અને હું પર્ણકુટીમાં કેવાં મગ્ન થઈ બેસતાં અને લક્ષ્મણજી ખાવાને વાસ્તે ફળો શોધતા ફરતા રહેતા હતા! આજ ગોદાવરીના તીર ઉપર આપણે સર્વ ફરવા નીકળતાં હતાં અને ફરતાં ફરતાં શીતળ, મંદ, સુગંધિત વાયુની મીઠી લ્હેરોનો કેવો આનંદ લેતા હતા. હાય! એવી દશામાં રહેતાં છતાં પણ કેટલો બધો આનંદ આપણે ભોગવતાં હતાં, તેમજ કેવા સુખમાં સમય વ્યતીત કરતાં હતાં.

એજ ચિત્રમાં એક જગ્યાપર આંગળી રાખી લક્ષ્મણજી બોલ્યા:—આ પંચવટી છે અને આ શૂર્પનખા છે, સીતાજી ભોળાં ભાળાં તો હતાંજ, તેઓ પંચવટી અને શૂર્પનખાનું ચિત્ર જોઈ પુરાણો સમય આવ્યો છે એમ સમજી ઉદાસ થઇ કહેવા લાગ્યાં:—હા પ્રાણનાથ! હવે આટલુંજ જોવું અને સાંભળવું બસ છે. શ્રી રામચંદ્રજી સમજાવતા સમજાવતા હસીને બોલ્યા:—આર્યે વિરહભીતે! આતો માત્ર ચિત્રપટ છે. વાસ્તવમાં પંચવટી અને શૂર્પનખા નથી. લક્ષ્મણજી આમ તેમ જોઈ બોલ્યા:—

કેવું આશ્ચર્ય છે ! આ ચિત્રને જોવાથી જનસ્થાનની સર્વ વાતો કેવી પ્રત્યક્ષ દેખાઇ આવે છે. પાપી રાક્ષસે સોનાનો હરણ બની છળ કપટ કરી ભારે અનર્થ કર્યો હતો; તેવુંજ યોગ્ય ફળ તેને પોતાની કરણી પ્રમાણે મળી ગયું છે. તોપણ જ્યારે જ્યારે એ દુર્ઘટના યાદ આવે છે ત્યારે ત્યારે હૃદયમાં ભારે વેદના થઈ આવે છે. એ ઘટના પછી શ્રી રામચંદ્રજી વ્યાકુલ બની અફસોસ પ્રકટ કરી રહ્યા હતા. એ સમયની દશા જોઈને તો પત્થરના જેવું કલેજું પણ નરમ બની જાય, તેમજ વજ્રનું હૃદય હોય તે પણ ફાટી જાય.

લક્ષ્મણજીના મુખથી એટલી વાત સાંભળી આંખોમાં અશ્રુ લાવી સીતાજી મનમાં ને મનમાં કહેવા લાગ્યાં:–હાય ! મારા જેવી અભાગિણીને ખાતર આર્યપુત્ર શ્રી રામચંદ્રજીને કેટલાં વિકટ કષ્ટો ઉઠાવવાં પડયાં ! એજ સમય શ્રી રામચંદ્રજી પણ પોતાની આંખોમાંથી અશ્રુની ધારા વહેવરાવવા લાગ્યા. આ જોઇ લક્ષ્મણજી એ કહ્યું:–બંધુ ! ચિત્ર જોઇ આપ આ-ટલા બધા અધીર કેમ બની ગયા છો ? શ્રી રામચંદ્રજીએ કહ્યું:–વત્સ, એ સમયે વિયોગનું વિષમ દુઃખ મને થઈ આવ્યું હતું, મારા અંતઃકરણમાં ભારે પીડા થઈ હતી, તેમજ શત્રુઓનો બદલો લેવા ક્ષણે ક્ષણે પ્રતિજ્ઞા લેવાનો સંકલ્પ મેં તે સ્થિતિમાં ન કર્યો હોત તો તેવી દશામાં પ્રાણ ધારણ કરી રાખવો એ મુશ્કેલ હતું. આ ચિત્ર જોઇ તે દુર્દશાપન્ન સમય મને યાદ આવી ગયો. તમે તો સર્વ તમારી દ્રષ્ટિએ જોયું છે, તો તમે અજાણની માફક શું વાત કરી રહ્યા છો.

આ સાંભળી લક્ષ્મણજી જરા ઉદાસ અને લજ્જિત થઇ

ગયા. શ્રી રામચંદ્રજીનું ધ્યાન બીજી બાબત તરફ ફેરવવું જોઇએ, એમ ધારી તેમણે કહ્યુઃ–બંધુ! આ અહીં દંડકારણ્ય ભૂમિ તો જુઓ. અહીં ઋષ્યમૂક પર્વતપર મતંગ મુનિનો આશ્રમ હતો. આ પંપા નામનું સરોવર છે. પંપાનું નામ સાંભળી શ્રી રામચંદ્રજી સીતાજીને કહેવા લાગ્યાઃ–પ્રિયે! પંપા એ ઘણુંજ સુંદર સરોવર છે. હું તમને શોધતો શોધતો એજ પંપા સરોવરને કિનારે ગયો હતો. મેં તે વેળા જોયું હતું કે એ રમણીય સરોવરમાં મોટાં મોટાં મનોહર કમળનાં ફૂલ ખીલી રહ્યાં હતાં. મંદ મંદ વાયુની લહેરોને લીધે ધીરે ધીરે હાલતાં એ કમળનાં ફૂલોથી સરોવરની શોભા અત્યંત રમણીય થઈ રહી હતી. એ ફૂલોની સુવાસ ચારે બાજુમાં પ્રસરી રહી હતી. એની સુગંધીમાં ગુલતાન થઇ ભ્રમરો તેની આસપાસ ગુંજારવ કરી રહ્યા હતા. હંસ, સારસ આદિ પક્ષીઓ મનમાં મગ્ન થઈ ત્યાં કલ્લોલ કરી રહ્યાં હતાં. એ વેળાએ મારી આંખોમાંથી અશ્રુઓની ધારા બરાબર ચાલી જતી હતી. એટલે એ સરોવરની શોભા હું સારી રીતે જોઇ પણ ન શકયો. થોડું ઘણું હું જોવા પામ્યો તે એજ વેળા એ કે પ્રથમ એક આંસુ મારી આંખમાંથી પડે અને તેની પછી બીજું તરતજ પડવાની શરૂઆત થાય તેટલા સમય દરમીઆનમાં દૃષ્ટિ જેટલું જોઈ શકતી હતી તેટલુંજ મેં જોયું હતું.

આ ચિત્રપટપર એક જગ્યાએ દૃષ્ટિ રાખી સીતાજી લક્ષ્મણજીને પૂછવા લાગ્યાંઃ–વત્સ! જે પર્વતના ઉપર મયૂર પક્ષી નાચ કરી રહેતાં હતાં, તેમજ જેના ઉપર શ્રી રામચંદ્રજી મૂર્છિત થઇ ગયા હતા, અને તમે પણ રોતા રોતા એમને

પકડી રહ્યા હતા, તે પર્વતનું નામ શું? લક્ષ્મણજીએ કહ્યું:–એ પર્વતનું નામ માલ્યવાન છે. વર્ષા ઋતુમાં માલ્યવાન અત્યંત મનોહર સ્થાન છે. જુઓ, નવાં નવાં વાદળો એનાં શિખરો ઉપર આવી રહેવાથી કેવી અવર્ણનીય શોભા થઇ રહી છે!

આજ જગ્યાએ શ્રી રામચંદ્રજી મહાવ્યાકુળ થઇ ગયા હતા. આ સાંભળીને તેમજ આગલી દશાનું સ્મરણ થઇ આવતાં રામચંદ્રજી અધીર તથા વ્યાકુલ થઈ લક્ષ્મણજીને કહેવા લાગ્યા:–વત્સ બસ કરો. બસ કરો. રહેવા દો. માલ્યવાનની વિશેષ ચર્ચા તમે હવે નહિ કરો. એ સાંભળી મારૂં હૈયું શોકસાગરથી ભરાઈ જાય છે. સીતાજીનો વિયોગ–વિરહ ફરીથી ઉત્પન્ન થાય છે.

એટલામાં સીતાજીને આળસ ભરાવા લાગ્યું, એ જોઇ લક્ષ્મણજીએ કહ્યું:–બંધુ! બસ, હવે ચિત્ર જોવાનું બંધ કરવું જોઇએ. આર્યા જાનકીજી થાકી ગયાં છે. હવે એમને આરામ લેવા દો. હું જાઉં છું. આપ વિશ્રાંતિ લો.

એટલું કહી આજ્ઞા લઇને જ્યારે લક્ષ્મણજી વિદાય થયા ત્યારે સીતાજી રામચંદ્રજીને કહેવા લાગ્યાં:–પ્રાણનાથ! ચિત્ર જોઈ જોઈને મારા દિલમાં એક ઇચ્છા ઉત્પન્ન થઇ છે. આપ તે ઇચ્છા પરિપૂર્ણ કરો. શ્રી રામચંદ્રજીએ કહ્યું:–પ્રિયે! શું ઇચ્છા છે? તે કહો. તે તરતજ પૂરી કરવામાં આવશે. ત્યારે સીતાજીએ કહ્યું:–પ્રાણનાથ! મારી મોટી ઇચ્છા એ છે કે હું તપોવનમાં ઋષિપત્નીઓ સાથે ફરીથી વિહાર કરૂં અને નિર્મલ પવિત્ર જલથી ભરપુર ભાગીરથી ગંગામાં સ્નાન કરૂં. સીતાજીની ઇચ્છા સાંભળી શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણજીને કહ્યું:–વત્સ! આપણા

ગુરૂદેવ તથા બીજાં વૃદ્ધોએ આજ્ઞા મોકલી છે કે જે જે સમયે સીતાજી જે જે ઇચ્છા કરે તે તે સર્વ પૂરી પાડવી. એટલાસારૂ જવાને માટે તૈયારી કરો. કાલે પ્રાતઃકાળ થતા પહેલાં એમણે કહેલા સ્થાનપર એમને પહોંચાડવાં જોઇએ. આ સાંભળી અત્યંત પ્રસન્ન થઇ સીતાજીએ કહ્યું:-પ્રાણનાથ ! આપ પણ સાથે ચાલશો કે નહિ ? શ્રી રામચંદ્રજીએ કહ્યું:-પ્રિયે ! તમે એ શું કહો છો ? તમારી આંખોથી દૂર રહી હું શું એક ઘડીભર પણ સુખપ્રાપ્તિ લઈ શકું ખરો ? ત્યાર બાદ સીતાજી લક્ષ્મણ પ્રતિ જોઈ બોલ્યાં:-વત્સ ! અમારી સાથે તમારે પણ આવવાનું છે. લક્ષ્મણજી 'જેવી આજ્ઞા' એમ કહી ત્યાંથી વિદાય થયા અને ઉપડવાની સર્વ તૈયારી કરવા લાગ્યા.

પ્રકરણ ૨ જું.

લક્ષ્મણજી ચાલ્યા ગયા બાદ શ્રી રામચંદ્રજી તથા સીતાજી બન્ને વિશ્રામ-મંદિરમાં ચાલ્યાં ગયાં. ત્યાં જઇ બન્ને નિઃસંકોચ વાતચિત કરવા લાગ્યાં. કેટલોક સમય વીત્યા બાદ સીતાજીને આળસ ભરાવા લાગી. ત્યારે શ્રી રામચંદ્રજીએ કહ્યું:-પ્રિયે ! તમને હવે નિદ્રા આવી રહી છે તેમજ શ્રમિત થએલાં લાગો છો માટે મારા ગળામાં તમારા હાથ પ્રસારી આરામ કરો. સીતાજીએ તેમ કર્યું. શ્રી રામચંદ્રજીએ કહ્યું:-પ્રિયે ! તમારી ભુજલતાઓનો મારા શરીરે સ્પર્શ થવાથી મારા શરીરમાં કેમ જાણે તે અમૃતની વૃષ્ટિ થઇ રહી હોય, તેમ લાગે છે. મારી સર્વ ઇંદ્રિયો અમૃતરસનું પાન કરી અવશ થઇ

રહી છે. ચેતનતા તો દૂરજ ભાગી જાય છે. મને ખબર નથી પડતી કે મને નિદ્રા દેવીએ ઘેરી લીધો છે યા મોહે? કંઇ સમજણ પડતી નથી. શ્રી રામચંદ્રજીના મુખમાંથી અમૃત-જેવાં મધુર વચનો નીકળેલાં સાંભળી સીતાજી અતિ પ્રસન્ન થઇ હસતે વદને કહેવા લાગ્યાં:–નાથ! આપ જેના ઉપર અનુકૂળ થાઓ છો તેના પ્રતિ ચિરકાલ સુધી અનુકૂળ રહો છો અને આપની પ્રસન્નતા પણ ચિરકાળ એવીજ રહે છે. આથી વિશેષ સૌભાગ્યની વાત સ્ત્રીઓને માટે બીજી શી હોય? પ્રાણનાથ આપ પ્રતિ એટલીજ પ્રાર્થના છે કે ચિર-કાલ સુધી આવોજ સ્નેહ, પ્રેમ અને અનુગ્રહ રાખી રહેશો. સીતાજીનાં કોમલ, મધુર, અને મોહિનીયુક્ત વચન સાંભળીને શ્રી રામચંદ્રજીએ કહ્યું:–પ્રિયે! તમારી વાત સાંભળી મારા શરી-રમાં ઠંડક વળી છે. બન્ને કાનોમાં જાણે અમૃતરસનું સિં-ચન થયું હોય એમ લાગે છે, અને સર્વ ઇંદ્રિયો મોહમયી થઈ રહી છે. મારા શરીરમાં એક પ્રકારનું નવીન જીવનજ આવી ગયું છે. સીતાજી કંઇક લજ્જિત થઇને બોલ્યાં:–પ્રાણ-નાથ! આવી પ્રિય વાણી આપ હંમેશાં બોલો છો તેથીજ લોકો આપને પ્રિયંવદ–પ્રિય બોલનારા કહે છે. મારા જેવી અભા-ગિણીને સ્વપ્નમાં પણ વિશ્વાસ ન હતો કે મને આવું સૌભા-ગ્ય પ્રાપ્ત થશે. એટલું કહી સીતાજી સૂવાની ઇચ્છા કરવા લાગ્યાં. શ્રી રામચંદ્રજીએ કહ્યું:–પ્રિયે! આ વખતે કોઈ બીજી તરેહની શય્યાની આવશ્યકતા નથી. જ્યારથી મેં તમારૂં પાણિ-ગ્રહણ કર્યું છે ત્યારથી મારા આ હસ્તે, ચાહે ઘરમાં, ચાહે વનમાં, યા ચાહે બાળપણમાં, સર્વદા તકીયાનું કાર્ય કર્યું છે,

તો આજ પણ તમારે વાસ્તે એ હસ્ત તકીયાનું કાર્ય કરશે. એમ કહીને શ્રી રામચંદ્રજીએ પોતાનો હસ્ત પ્રસારી દીધો. સીતાજી પોતાનું શિર તેના ઉપર રાખી નિદ્રાવશ થઈ ગયાં.

શ્રી રામચંદ્રજી કેટલોક સમય સીતાજીના મુખારવિંદને એક દૃષ્ટિએ જોઈ રહ્યા, અને પ્રફુલ્લનયન થઈ બોલ્યા: કેવો અદ્ભૂત ચમત્કાર છે! જે વેળાએ પ્રિયના મુખકમળનું દર્શન કરૂં છું તે સમયે મારૂં ચકોર ચિત્ત કૃતાર્થ અને અન્તરાત્મા અનિર્વચનીય આનંદથી ભરપૂર થઇ જાય છે. વાસ્તવમાં આજ ઘરની લક્ષ્મી છે, મારી આંખોને માટે રસાંજનરૂપ છે. એના સુકુમાર શરીરનો સ્પર્શ એવી ઠંડક પહોંચાડે છે કે જાણે શરીરે ચંદનનો લેપ ન કર્યો હોય? એની બાહુલતા જ્યારે મારા ગળામાં વીંટાય છે ત્યારે તે જાણે શીતળ અને સ્નિગ્ધ મોતીનો હાર ન હોય તેમ દીસે છે. કેટલું આશ્ચર્ય!! પ્રિયાની સર્વ વાતો અલૌકિક આનન્દદાયક છે. શ્રી રામચંદ્રજી આ પ્રમાણે વિચારી રહ્યા છે એટલામાં નિદ્રાધીન સીતાજીએ સ્વપ્ન નિરખ્યું અને કહેવા લાગ્યાં. હાય! પ્રાણનાથ, આપ કયાં રહી ગયા?

સીતાજીએ સ્વપ્નાવસ્થામાં બોલેલા શબ્દો સાંભળી શ્રી રામચંદ્રજી કહેવા લાગ્યા, કેટલા આશ્ચર્યની વાત છે! ચિત્ર જોવાથી પ્યારીના જીવમાં વિરહવેદના યાદ આવી ગઇ હતી તેજ ફરીથી સ્વપ્નમાં જોઈ દુઃખ પામી કહે છે. એમ કહી શ્રી રામચંદ્રજી સીતાજીના શરીરપર હાથ ફેરવતા ફેરવતા સ્વતઃ કહેવા લાગ્યાઃ અહા! સાચો પ્રેમ એ કેવી વસ્તુ છે! ચાહે સુખ યા દુઃખ, સંપત્તિ યા વિપત્તિ, યુવાની યા વૃદ્ધાવસ્થા, સર્વ

સમયમાં એ સાચો પ્રેમ એકજ રૂપે રહે છે. એમાં કંઇ પણ વિકાર ઉત્પન્ન થતો નથી. એવા શુદ્ધ પ્રેમના અધિકારી થવું એ કંઇ થોડા સૌભાગ્યની વાત નથી. પરંતુ ખેદની વાત એટલીજ છે કે એવો સાચો શુદ્ધ પ્રેમ જગતમાં મળવો અતિ દુર્લભ છે. એ પ્રમાણે જો દુર્લભ ન હોય તો આ સંસારમાં સુખની સીમાજ ન રહે.

રામચંદ્રજી આ પ્રમાણે વિચારમાં હતા એટલામાં એક દાસી સામે આવી હાથ જોડીને કહેવા લાગી:–મહારાજ! દુર્મુખ દ્વારપર આવી ઉભો છે. શી આજ્ઞા છે?

દુર્મુખ એક વિશ્વાસપાત્ર સેવક છે. નગરનિવાસી તથા અન્ય રાષ્ટ્રનિવાસી લોકોની વર્તમાન શાસન–વિષયમાં કેવી સંમતિ છે, એ જાણવા ખાતર એને ખાસ નિયુક્ત કર્યો હતો. એ આખો દિવસ લોકો વચ્ચે ફર્યા કરતો અને દિવસમાં જે વાત જોતો યા સાંભળતો તે રાત્રે શ્રી રામચંદ્રજી પાસે આવીને કહેતો.

એ વખતે એનું આગમન થએલું જાણી શ્રી રામચંદ્રજીએ દાસીને ફરમાવ્યું કે એને જલદી મારી પાસે આવવા દો. દુર્મુખ પ્રણામ કરી સામે આવી હાથ જોડીને ઉભો રહ્યો. શ્રી રામચંદ્રજીએ તેને જોઇને પૂછયું:–કેમ છો દુર્મુખ, આજ શી નવીન વાત છે? દુર્મુખે કહ્યું:–મહારાજ! નગરનિવાસી તેમજ રાષ્ટ્રવાસી સર્વ કહે છે કે અમે સર્વ લોકો આજકાલ ઘણા સુખ–ચેનમાં છીએ. આ સાંભળી શ્રી રામચંદ્રજીએ કહ્યું:–તમે નિત્ય મારી પ્રશંસાનીજ વાતો લાવીને સંભળાવ્યા કરો છો. કોઈ પણ મારૂં કંઈ બુરૂં બોલ્યું હોય, યા મારા કોઇ પણ કાર્યને નાપસંદ કર્યું હોય તો તે કહો, કે તેને દૂર કરવાને હું પ્રયત્ન કરૂં. હું

તમને માત્ર મારી પ્રશંસા સાંભળવાને માટે નથી મોકલતો, પરંતુ એટલા માટે મોકલું છું કે પ્રજા મારે વિષે સારૂં યા બુરૂં જે કંઈ પણ બોલે તે નિષ્કપટ દિલથી તમારે મને કહી દેવું. સર્વ દિવસ તો દુર્મુખ બહારથી પ્રશંસા સાંભળીને આવતો હતો અને જે કંઈ સાંભળતો તે રામચંદ્રજીને આવીને વિદિત કરતો. પરંતુ આજે સીતાજીના વિષયમાં એણે કોઈના મ્હોંએથી બુરાઈની વાત સાંભળી હતી, અને તે વાત અપ્રિય સમજી શ્રી રામચંદ્રજીને નાહ સંભળાવી. શ્રી રામચંદ્રજીએ કહેલી વાત સાંભળી તે ચકિત થઇ કેટલીક વાર ચૂપચાપ ઉભો રહ્યો. ત્યારબાદ સાવધાન થઈ ઉદાસ મ્હોંએ સ્વર બગાડી તે કહેવા લાગ્યોઃ—ના, મહારાજ! મેં કોઇ દોષ-કીર્તનની વાત નથી સાંભળી, કોઇના પણ મ્હોંએથી મેં આપના વિષે બુરાઇ સાંભળી નથી. આ પ્રમાણે તેણે અવશ્ય કહ્યું, પરંતુ કહેતી વખત એના મ્હોંની ચેષ્ટા, આકાર, પ્રકાર વગેરે જોઈને શ્રી રામચંદ્રજીના મનમાં કંઈક સંદેહ પ્રકટ થયો. શ્રી રામચંદ્રજીએ સમજી લીધું કે અવશ્ય આજે એણે કોઇ એવી વાત મારે વિષે સાંભળી છે, પરંતુ તે છુપાવી રાખે છે. શ્રી રામચંદ્રજીએ એને કહ્યુંઃ—આજે તમે જરૂર કંઈ દોષ સાંભળ્યા છે. શા માટે વાત છુપાવો છો? શું સાંભળ્યું છે? બોલો! વખત ન લગાડો. જો ન કહેશો તો તમારા ઉપર હું બહુ નારાજ થઈશ, અને આખી જીંદગી-પર્યંત તમારૂં મ્હોં જોઇશ નહિ. શ્રી રામચંદ્રજીનો આટલો બધો આગ્રહ જોઇ દુર્મુખ ભારે શંકિત થયો. તે પોતાના મન સાથે શોચવા લાગ્યોઃ—હું આજે કેવા વિષમ સંકટમાં આવી પડયો છું. શ્રી સીતાજીના વિષયમાં લોકનિન્દાની વાત મહારાજ

રામચંદ્રજી આગળ હું કેમ કહી શકું ? હાય ! હું મહાન અભાગી છું. નહિ તો આવા કામનો ભાર મારા શિરપર કેમ આવી પડે ? મને જો આવી ખબર હોત તો આવું કાર્ય કરવાનું શરૂઆતથીજ માથે ન લેત. પ્રથમથી આગળ પાછળ જોઈ કંઈ વિચાર ન કર્યો; હવે તો અવશ્ય યથાર્થ વાત કહેવીજ જોઇશે. એમ વિચાર કરી કાંપતો કાંપતો તે બોલ્યો:–મહારાજ ! જો આપ સર્વ બીના સારી રીતે સાંભળવા ઇચ્છતા હો તો અહીંથી ઉઠી બીજી જગ્યા ઉપર ચાલો. મારો પ્રાણાંત થઇ જાય તો પણ એ વાત હું અહીંઆ ન કહી શકું. શ્રી રામચંદ્રજી વાત સાંભળવા એટલા બધા ઉત્સુક થયા હતા કે સીતાજીના ઉઠવાની પણ રાહ તેમણે ન જોઇ, અને ધીરે ધીરે પોતાનો હાથ સીતાજીના શિર નીચેથી કાઢી લીધો, અને દુર્મુખને સાથે લઇ શીઘ્ર એક બીજા ભુવનમાં વાત સાંભળવા તેઓ ગયા. આવી રીતે એકાંત સ્થાનમાં જઈ શ્રી રામચંદ્રજી વ્યગ્ર થઇ દુર્મુખપ્રત્યે કહેવા લાગ્યા:–વખત ન લગાડો, જે કંઈ કહેવું હોય તે તરત સાચેસાચું કહી દો. તમારો આકાર, પ્રકાર, અને ચેષ્ટા જોઇ મારા જીવમાં તરેહ તરેહના સંદેહ ઉઠે છે. દુર્મુખે કહ્યું:–મહારાજ ! જે ભયાનક વાત મેં સાંભળી છે તે આપની સામે કહી શકીશ કે નહિ એમ સંદેહ થાય છે, અને મારા આખા શરીરનું રૂધિર ખળભળી ઉઠયું છે. પરંતુ હિતાહિતની વાતનો વિચાર કર્યા સિવાય મેં એ કાર્ય હાથ લીધું છે, તો અવશ્ય સર્વ વાત મારે આપને કહેવીજ જોઇએ. મેં જેવું સાંભળ્યું છે તેવુંજ હું કહીશ. એમાં મારો કંઇ પણ અપરાધ નથી. મહારાજ ! આપના રાજ્યશાસનની લોકો મુક્ત કંઠે

એકત્ર થઇ પ્રશંસા કરી રહ્યા છે. લોકો કહી રહ્યા છે કે આ રાજ્યમાં અમો બહુજ સુખી છીએ. આજ સુધીમાં કોઈ પણ રાજાએ આવી સરસ રીતે રાજ્ય ચલાવ્યું નથી; પરંતુ કોઈ કોઈ સીતાજીની વાત લઈ લઇને નિંદા કરે છે. તેઓ કહે છે કે અમારા મહારાજાનો સ્વભાવ અત્યંત નિર્વિકારી છે. તેઓ બહુજ ભોળા છે, કારણ કે સીતાજી એકલાં કેટલાએ દિવસ સુધી રાવણને ઘેર રહ્યાં તો પણ મહારાજે એમાં કોઇ દોષ અગર બુરાઇ ન જોઇ અને તેમને ઝટ લઇ પોતાને ઘેર લઇ આવ્યા. હવે ભવિષ્યમાં અમારા લોકોની સ્ત્રીઓ પણ દૂષિત થઇ જશે. તેમની રક્ષા અને શિક્ષા હવે બહુ કઠિન થઈ જશે. તેઓને જો અમે સમજાવવા જઇશું તો સીતાજીનો દાખલો આપી અમને નિરૂત્તર કરી દેશે. ધર્મ અને અધર્મના કર્તા રાજાઓજ છે. રાજા જે ધર્મનું આચરણ કરશે તેજ ધર્મના ઉપર, અમે કે જે પ્રજા છીએ તેને પણ ચાલવું પડશે. મહારાજ ! જે સાંભળ્યું તે મેં આપને સંભળાવી દીધું છે. મારો અપરાધ ક્ષમા કરશો. હે ઈશ્વર ! આટલા દિવસ બાદ તેં મારૂં દુર્મુખ નામ યથાર્થ કરી બતાવ્યું ! એમ કહી વિદાય માગી રોતો રોતો તે ત્યાંથી ચાલ્યો ગયો.

સીતાજીના પવિત્ર ચરિત્રપર કલંક લગાડવાની વાત દુર્મુખના મ્હોંએથી સાંભળી શ્રી રામચંદ્રજી મહારાજ છિન્નમૂલ વૃક્ષની પેઠે પૃથ્વી ઉપર ‘हा हतोऽस्मि’ કરી ઢળી પડયા. આંખોમાંથી ગદ્‌ગદ અશ્રુઓની ધારા વહી જતી હતી. મુખમાંથી વિલાપ અને પરિતાપ કરી કહેવા લાગ્યાઃ—હા ! કેવી સર્વનાશની વાત સાંભળી છે ! આને બદલે મારી છાતી ઉપર

શા માટે વજ્ર આવી ન પડયાં ? હું શા માટે હજી જીવન ધારણ કરી રહ્યો છું ! હું મહા અભાગી છું. નહિ તો રાજ્ય છોડી શા માટે વનવાસ ભોગવવો પડે ? અભાગી ન હોત તો વન પણ ન જવું પડત. દુષ્ટ પાપી રાવણ પંચવટીમાં આવી સીતાજીને હરી પણ ન જાત ! અને નિર્મળ, સુકુમાર કુલવધૂને આવો મહાન દોષ ન લાગત ! એક વાર તો અદ્‌ભુત ઉપાય દ્વારા એ દોષને દૂર કર્યો. હવે શું આ ફરીથી નવો દોષ આવે છે ? મારો જન્મ સદા સર્વદા દુઃખ ભોગવવા સારૂજ થએલો છે. હવે હું શું કરૂં ? કંઇ પણ સમજમાં આવતું નથી. આ લોકનિંદા મહા કઠિન છે. હવે આ લોકાપવાદને સાંભળ્યો ન સાંભળ્યો કરૂં યા નિરપરાધિની જાનકીનો પરિત્યાગ કરૂં ? કંઈ પણ સમજી શકાતું નથી. મારી માફક કોઇ પણ ઉભય સંકટમાં આવી પડયું ન હશે.

આ પ્રમાણે પરિતાપ કરતા શ્રી રામચંદ્રજી કેટલોક સમય દૃષ્ટિ નીચી રાખી શોકગ્રસ્ત થઈ રહ્યા. પછી હૃદયમાંથી એક દીર્ઘ નિઃશ્વાસ નાખી કહેવા લાગ્યાઃ–ઠીક, હવે એ વિષયમાં કર્ત્તવ્યાકર્ત્તવ્યનો લાંબો વિચાર કરવાથી શું ફળ ? જ્યારે મેં રાજ્યભાર મારા શિર ઉપર ઉઠાવી લીધો છે, તો પ્રજાને રંજન કરવી એ મારૂં પ્રધાન કર્તવ્ય છે. એટલા વાસ્તે પ્રિય જાનકીનો પરિત્યાગ કરવો પડશે. હા ! હતવિધિ ! શું તારા મનમાં એજ હતું ? એટલું બોલી શ્રી રામચંદ્રજી પુનઃ ધરણી ઉપર ઢળી પડયા.

કેટલોક સમય વીત્યા બાદ ચૈતન્ય આવ્યા પછી શ્રી રામચંદ્રજી કરૂણ સ્વરે કહેવા લાગ્યાઃ–મને આ ચેતનતા ન આવી હોત તો ઠીક થાત, કારણ કે એમ થાત તો પવિત્ર

સીતાજીના ત્યાગ કરવાના અનિર્વાર્ય પાપકર્મમાંથી તો હું બચી જાત ! અષ્ટાવક્ર મુનિની સામે મેં કહ્યું હતું કે પ્રજારંજનને વાસ્તે મારે સીતાજીનો પણ ત્યાગ કરવો પડે તો તે પણ હું કરીશ. શું આ વાકય ખરૂં પડવાને ખાતરજ મારા મ્હોંમાંથી આ પ્રતિજ્ઞા નીકળી હતી ? હા ! પ્રિયે જાનકિ ! હા ! પ્રિયભાષિણિ ! હા ! રામમયજીવિતે ! આખરે તમારી આ દશા થશે એવું મને સ્વપ્નમાં પણ જ્ઞાન ન હતું. તમો એવા દુરાચારી, એવા નરાધમ, તેમજ એવા હતભાગ્યને પાલવે પડયાં છો કે થોડા દિવસ પણ તમારા ભાગ્યમાં સુખ જોવાનું ન રહ્યું. તમે વિષ-વૃક્ષને ચંદનતરૂ સમજીને આશ્રય લીધો. મેં એમ માની લીધું કે હું એક મહા પવિત્ર કુળમાં જન્મ્યો છું, પરંતુ મારૂં આચરણ તો ચંડાલના કરતાં પણ સહસ્રઘણું ખરાબ છે. નહિ તો વિના અપરાધ તમને વનમાં કાઢવા કેમ તૈયાર થઇ શકું ? હાય ! જો આ સમયે મારા પ્રાણ નીકળી જાય તો પણ આ દુઃખથી હું છૂટકારો પામું. હવે જીવન ધારણ કરવાથી શું ફળ ? હવે વધુ જીવવાની આવશ્યકતા રહી નથી. હવે મને આખું જગત શૂન્ય તથા ઉજ્જડ વનની માફક દેખાય છે. આ પ્રમાણે કહેતાં કહેતાં શ્રી રામચંદ્રજી અતિ વ્યાકુળ થઈ ગયા અને તેમનું શરીર કાંપવા લાગ્યું. થોડો સમય ચૂપ રહ્યા બાદ એક દીર્ઘ નિઃશ્વાસ નાખી વિલાપ કરવા લાગ્યા. અરેરે ! આ શું થયું ? કૌશલ્યા આદિ માતાઓને સંભારી તેઓ આર્તનાદથી કલ્પાંત કરવા લાગ્યા. હા ! માત, હા ! તાત જનક, હા ! દેવિ વસુન્ધરે, હા ! ભગવતિ અરૂન્ધતિ. હા, કુલ-ગુરૂ વસિષ્ઠ, હા ભગવન્ વિશ્વામિત્ર, હા પ્રિય બંધુ વિભીષણ,

હા પરમોપકારી મિત્ર સુગ્રીવ! હા વત્સ અંજના–હૃદયનંદન હનુમાન! તમો સર્વ ક્યાં છો? આપ સર્વને માલૂમ નથી કે રામ તમારૂં સર્વનાશ કરવા તૈયાર થઈ રહ્યો છે. હવે હું આવા મહાત્મા લોકોનાં નામ લેવાને પણ અધિકારી ન રહ્યો. મારા જેવો પાપી જો એવા મહાત્માઓનાં નામ લે તો એમને નિઃસંદેહ પાપ લાગે. જ્યારે ભોળી ભાળી, શુદ્ધાચરણી પતિ-પરાયણ કામિનીને નિરપરાધ જાણ્યા છતાં સહસા તેનો પરિ-ત્યાગ કરવા હું ઉદ્યત થયો તો અવશ્ય મારા જેવો બીજો મહા પાતકી કોણ હોય? હા, રામાધારપ્રાણે! પાષાણહૃદય નરાધમ રામને લીધે તારી આ દુર્ગતિ થશે, એવો તને સ્વપ્નમાં પણ ખ્યાલ નહિ હોય. નિઃસંદેહ રામનું હૃદય વજ્રનું છે. નહિ તો શું આ વેળા આ હૈયું ફાટી ન જાય? અગર તો વિધા-તાએ જાણી બુઝીને મારૂં આવું કઠોર હૃદય બનાવ્યું છે. જો એમ ન હોય તો આવાં આવાં મહા કઠોર કામ હું કેમ કરી શકું?

આ પ્રમાણે વિલાપ કરી શ્રી રામચંદ્રજી આંખોનાં અશ્રુઓ લુછી જે ભવનમાં સીતાજીને સૂતેલાં છોડીને આવ્યા હતા તેમાં ચાલ્યા ગયા. સીતાજીની સામે હાથ જોડી ઉભા રહી કહેવા લાગ્યાઃ–પ્રિયે! અભાગી રામ આ જન્મથી હવે વિદાય માગે છે. પછી પૃથ્વીને સંબોધીને બોલ્યાઃ–દેવિ વિશ્વમ્ભરે! દુરાત્મા રામ સાધ્વી સીતાજીને ત્યજી દે છે તો તેની સંભાળ તુંજ રાખજે. માત્ર આટલુંજ બોલી શોકાગ્નિથી દીલને બાળતા તેઓ ત્યાંથી બહાર ચાલ્યા ગયા; અને જ્યાં બેસી પોતાના બંધુઓ સાથે હમેશાં મંત્રણા કરતા ત્યાં આગળ આવ્યા.

પ્રકરણ ૩ જું.

શ્રી રામચંદ્રજી મહારાજ મંત્રભવનમાં જઇ રાજસિંહાસન ઉપર બેઠા. પછી ભરત, લક્ષ્મણ, શત્રુઘ્ન એ ત્રણે ભાઇઓને જલદી બોલાવી લાવવાની આજ્ઞા કરી. જલદી બોલાવે છે એવી આજ્ઞા સાંભળી ત્રણે ભાઇઓ ચકિત થયા. સંધ્યા-સમયે તો શ્રી રામચંદ્રજી આર્યા જનકપુત્રી સાથે વાતચિત કરી રહ્યા હતા, અને હમણાં મંત્રભવનમાં જઇ અકસ્માત શા માટે બોલાવે છે, એ ભેદ ત્રણે ભાઇઓ ન સમજયા અને ભારે સંદેહમાં પડી ગયા. તેઓ પોતપોતાના મન સાથે તરેહતરેહના તર્ક-વિતર્ક કરતા મંત્રભવનમાં પહોંચી ગયા. ત્યાં જઈ જોયું તો શ્રી રામચંદ્રજી ગાલપર હાથ રાખી એકલાજ સિંહાસન-ઉપર બેઠેલા છે, વારંવાર દીર્ઘ નિઃશ્વાસ મૂકયા કરે છે, અને આંખોમાંથી અસ્ખલિત અશ્રુઓની ધારા વહી જાય છે. વડિલ બંધુની આ દશા જોઇ ત્રણે ભાઈઓ મહા વિચારમાં પડી ગયા. રામચંદ્રજી શોકસાગરમાં આ પ્રમાણે બેઠા છે, તેનો મર્મ તેઓ ન સમજી શકયા, તેથી તેઓ સામે આવી શોકાતુર થઇ ઉભાજ રહ્યા. કોઈ મહાન ભારે આપત્તિ આવી પડવાની સંભવના હોય એમ શ્રી રામચંદ્રજીના મુખપરથી સમજાતું હતું, પરંતુ એ વિષે કંઇ પણ પૂછવાનું સાહસ ત્રણે ભાઇઓમાંથી એક પણ ન કરી શકયા. આખરમાં ભારે વિપત્તિ આવેલી જાણી ત્રણે ભાઇઓ પણ પોતાના વડિલ બંધુની આવી શોચનીય દશા જોઈ અધીર થઇ આંખમાંથી અશ્રુ વરસાવવા લાગ્યા.

થોડો વખત વીત્યા બાદ શોકને સમાવી આંખોમાંનાં અશ્રુને લુછી શ્રી રામચંદ્રજીએ સ્નેહયુક્ત ત્રણે ભાઈઓને સામે બેસવાની આજ્ઞા કરી. તેઓ ત્રણે જણા બેસી શ્રી રામચંદ્રજીનું મ્લાન મુખારવિંદ ફરીથી જોવા લાગ્યા. શ્રી રામચંદ્રજી નેત્રયુગલમાંથી ફરીથી અશ્રુધારા વર્ષાવી રહ્યા. આ જોઈ તેઓ પણ શોકથી વિહ્વળ બની પોતપોતાની આંખોમાંથી આંસુ પાડવા લાગ્યા. કેટલોક સમય ગયા બાદ જ્યારે લક્ષ્મણજીથી ન રહી શકાયું ત્યારે તેમણે પૂછ્યું:-વડિલ બંધુ ! આપની આ દશા જોઇ અમને મરવા જેવું લાગે છે. આપની મુખાકૃતિ ઉપરથી માલૂમ પડે છે કે કોઈ ભારે અનિવાર્ય વિપત્તિ આવી પડી છે. ગંભીર મહાસાગર નાની મોટી વાતોથી કદી ચલાયમાન થતો નથી. સાધારણ વાયુના વેગથી હિમાચલ કદી હાલતો નથી. તેથી આપ શા કારણે દુઃખથી અતિ ઘાયલ થઈ રહ્યા છો ? એ વિસ્તારપૂર્વક સમજાવી અમારી પ્રાણરક્ષા કરો. આપનું મુખારવિંદ અત્યારે સંધ્યા સમયના કરમાઇ ગએલા કમળ જેવું, તેમજ પ્રાતઃકાળ સમયે પ્રભાહીન થઈ ગએલા ચંદ્રમા જેવું દીસે છે. બંધુ ! શીઘ્ર એનું કારણ અમને કહો, વખત ન લગાડો, અમારાં અંતઃકરણો આપની આ દશા જોઇ ચીરાઇ જાય છે-ભેદાઇ જાય છે. લક્ષ્મણજીના આ પ્રમાણે આગ્રહપૂર્વક પૂછવાથી શ્રી રામચંદ્રજીએ એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો અને શોકથી વ્યાકુલ થઇ કહેવા લાગ્યા:-વત્સ ભરત, વત્સ લક્ષ્મણ, વત્સ શત્રુઘ્ન, તમોજ મારૂં જીવન છો, મારૂં સર્વસ્વ તમોજ છો, અને તમારાજ ખાતર આ દુઃસહ રાજ્યભાર હું ચલાવી રહ્યો છું. હિતસાધનમાં યા અહિત-અમંગલ-ને દૂર

કરવામાં માત્ર એક તમેજ મારા સહાયક છો. હું મહાન વિષમ સંકટમાં પડયો છું અને એ વિપત્તિસાગરમાંથી છૂટવાની ઇચ્છાથી આ સમયે મેં તમને બોલાવ્યા છે. જે સંકટ આવી પડયું છે તેમાંથી બચવાનો એકજ ઉપાય છે. મેં બહુ બહુ વિચાર કર્યો, અને આખરે એજ ઉપાય કરવાનો નિશ્ચય કર્યો છે. તમે ધ્યાન રાખી સાંભળો. સર્વ વાત હું તમને સંભળાવું છું. યોગ્ય ઉપાયથી એ વિપત્તિમાંથી છૂટકારો મેળવવો જોઇએ.

આટલું કહી શ્રી રામચંદ્રજી ચૂપ થઇ ગયાઃ તેઓ ફરીથી પ્રબળ વેગથી અશ્રુધારા ચલાવી રહ્યા. ત્રણે ભાઇઓ આ જોઇને પહેલાંથી વિશેષ દુઃખી થઈ શોચવા લાગ્યા. આર્યનું આ લક્ષણ જોઈને ખાત્રી થાય છે કે અવશ્ય કોઇ મહાન અનર્થ થયો છે. માલૂમ નથી કે કેવી સર્વનાશની વાત હમણાં કહેશે. અટકળથી તો કંઇ જાણી શકાતું નથી. એટલા ખાતર ત્રણે ભાઇઓ ભારે દુઃખ પામી દુર્ઘટના સાંભળવાની પ્રબળ ઇચ્છાથી મોટા ભાઇનું મુખારવિંદ જોવા લાગ્યા.

પ્રથમ તો કેટલોક સમય શ્રી રામચંદ્રજી ચૂપ રહ્યા, પછી ગંભીર થઇ કરૂણસ્વરે બોલવા લાગ્યા. બંધુઓ, સાંભળો. અમારી પહેલાં ઇક્ષ્વાકુવંશમાં જેટલા જેટલા નરપતિઓ થઇ ગયા છે, તે સર્વ પોતાના પ્રબળ પ્રતાપના પ્રભાવથી, પ્રજા-પાલનથી, તેમજ બીજાં અનેક અલૌકિક સુકૃત્યો કરવાથી એ પરમ પવિત્ર રાજવંશને આખા ત્રિભુવનમાં સુવિખ્યાત કરી ગયા છે. મારા જેવો બીજો અભાગી કોઈજ ન હશે, કારણ કે મેં જન્મ ધારણ કરીને એ ચિર પવિત્ર, તેમજ ત્રિલોકવિખ્યાત ઉજ્વળ વંશને અપયશરૂપી કીચડથી મલિન કરી દીધો છે ! લક્ષ્મણ !

તમારાથી તો કોઇ વાત છાની નથી, તમે તો સર્વ જાણો છો. જે સમયે હું, તમે, અને સીતા, ત્રણે જણાં પંચવટીમાં રહેતાં હતાં તે સમયે દુરાચારી રાવણ સીતાને હરી લઈ ગયો, સીતા એકલી ઘણા દિવસ સુધી એ પાપીને ઘેર રહી; અન્તમાં સુગ્રીવની સહાયતાથી તે દુષ્ટને મારી સીતાજીને પુનઃ પ્રાપ્ત કર્યાં. મેં સીતાજી બીજા પુરૂષના ઘરમાં ઘણા દિવસ સુધી રહ્યાં છે, તેમને ઘરમાં રાખ્યાં છે તેથી પુરવાસી તેમજ રાષ્ટ્રવાસી લોકો અસંતુષ્ટ થઇ મારી નિન્દા કરી રહ્યા છે. એટલા માટે મેં પ્રતિજ્ઞા કરી છે કે મારે જાનકીનો ત્યાગ કરી દેવો. સર્વ વાતે પ્રજાનું રંજન કરવું એ રાજાનો પરમ ધર્મ છે. જો એ ધર્મ ઉપર હું આરૂઢ ન રહું, તેમજ પ્રજારંજન ન કરૂં તો અનાર્યોની માફક મારા જીવવાથી શું ફાયદો ? તમે પણ મારી આ પ્રતિજ્ઞા મારી પાસે પળાવવા પ્રસન્ન થઇ મને સહાનુભૂતિ આપો, અને એમ કરવાથીજ એ ભારે સંકટમાંથી હું ઉદ્ધાર પામી શકીશ. બીજો કોઇ માર્ગ છેજ નહિ.

વડિલ બંધુની વાત સાંભળી ત્રણે ભાઇઓ અત્યંત દુઃખી થયા. ભય, વિસ્મય, તેમજ શોકથી વ્યાકુલ થઈ થોડો સમય સુધી ચૂપચાપ બેઠા. આખરે શોકાતુર હૃદયે, નમ્રભાવે, લક્ષ્મણજીએ કહ્યું:–આર્ય ! આપ જ્યારે જે આજ્ઞા ફરમાવો છો ત્યારે તેમાં અમે કદી ચું કે ચાં નથી કરતા. આ વખતે પણ આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા અમે અસમર્થ છીએ. પરંતુ આપની પ્રતિજ્ઞા સાંભળી અમારા પ્રાણ નીકળી રહ્યા છે. અમારા અંતઃકરણમાં લેશ માત્ર પણ એવી શંકા ન હતી કે આપની પાસે આવીને આવી વાત સાંભળીશું. આ વિષયમાં મારે સહેજ

કહેવું છે. જો આપની આજ્ઞા હોય તો નિવેદન કરૂં ?

શ્રી રામચંદ્રજીએ કહ્યું:-વત્સ ! જે કહેવું હોય તે મનમાં કંઇ પણ સંકોચાયાવિના કહો. ત્યારે લક્ષ્મણજીએ કહ્યું:-આર્યા જાનકીજી એકલાંજ રાવણના ઘરમાં રહ્યાં એ ઠીક છે, તેમજ રાવણ દુરાચારી હતો એ પણ ઠીક છે, એમાં કંઇ સંદેહ નથી. પરંતુ એ પાપીને આપે માર્યા પછી જ્યારે સીતાજીને આપની પાસે લાવવામાં આવ્યાં ત્યારે લોકનિંદાના ભયથી આપે તેમને ગ્રહણ ન કર્યાં. પરંતુ જ્યારે અલૌકિક પરીક્ષા દ્વારે આખી દુનિયાંએ સીતાજીને શુદ્ધ માની લીધાં ત્યારેજ આપે તેમને ગ્રહણ કર્યાં. એ પરીક્ષા તો સર્વની સામે થઈ હતી. કંઈ છુપી રીતે તો કરવામાં નહોતી આવી. હું અને આપ, આપણી સર્વ સેના, સેનાપતિ, તેમજ કેટલાક દેવો, દેવર્ષિઓ, તથા મહર્ષિઓ પણ એ પરીક્ષા વખતે ત્યાં ઉપસ્થિત હતા. સર્વ જણાએ, આર્યા નિર્દોષ અને શુદ્ધાચારિણી છે એમ સ્વીકારી લીધું હતું, અને એટલા માટે કોઇ પણ માણસ-સીતાજી પારકે ઘેર રહ્યાં છે એટલા સારૂ તેઓ દૂષિત છે એમ કહી શકે નહિ. તો પછી આપે આવી વિષમ પ્રતિજ્ઞા શા માટે કરી લીધી છે ? એ મારા સમજવામાં નથી આવતું. માત્ર લોકનિંદા સાંભળી આપ જેવા મહાત્માઓએ વિચલિત થવું એ ઉચિત નથી. સાધારણ લોકો ન્યાય અન્યાયનો વિવેક ન પણ જાણી શકે. તેઓની બુદ્ધિ અને વિચારશક્તિ ન્યૂન હોય છે. તેમના મનમાં આવ્યું તેવું વગર વિચારે કહી દીધું હશે. જે કંઇ પણ કોઈના મ્હોંએથી સાચું જૂઠું સાંભળી લીધું તેને સાચું માની તેઓ વિશ્વાસ કરી લે છે. એવાઓની વાતપર

વિશ્વાસ રાખવાથી સંસાર ન ચાલી શકે. આર્યા સીતાજી સર્વથા શુદ્ધાચારિણી છે, એ બાબત હું સરસ રીતે જાણું છું; તેમજ આપના દીલમાં પણ કંઈ સંશય નથી, અને જે અલૈકિક પરીક્ષાદ્વારા સીતાજીની પવિત્રતા આપે આખા સંસારમાં વિદિત કરી દીધી છે, તેથી કોઇના પણ દીલમાં સંદેહ ન હોઈ શકે. જયારે એવું છે ત્યારે આપ સીતાજીને ત્યજી દેશો તો આખી સૃષ્ટિ આપણને મૂર્ખમાં ગણશે; અને આપણને દુર્નિવાર્ય પાપમાં પડવું પડશે; એટલે આપ સર્વ વાતનો શોચ કરી કાર્ય કરવાનો નિશ્ચય કરશો. અમે તો ફકત આપની આજ્ઞાનું પાલનકર્તા છીએ. જે આજ્ઞા આપ ફરમાવશો તેને નિઃસંદેહ શિરપર ઉઠાવાશું.

એટલું કહી શ્રી લક્ષ્મણજી ચૂપ થઇ ગયા. પછી શ્રી રામચંદ્રજી બોલ્યાઃ—વત્સ, સીતા શુદ્ધાચારિણી છે એ બાબતમાં મને લેશ માત્ર પણ સન્દેહ નથી. સાધારણ માણસો જેવું સાંભળે છે તે ઉપર તેઓ વિશ્વાસ બેસાડે છે એ પણ હું સારી રીતે જાણું છું. પરંતુ આ વિષયમાં પ્રજાનો કંઇ પણ અપરાધ નથી. અપરાધ તો મારી અદૂરદર્શિતા તથા અવિચારિતાનો છે. જે વેળા હું સીતાને અયોધ્યામાં લાવ્યો તેજ વખતે જો અયોધ્યાવાસીઓની સામે સીતાજીની પરીક્ષા કરત તો લોકોને કંઇ પણ કહેવાનો અવકાશ ન રહત, અને એમ કરવાથી સર્વના દીલમાં તેણીની શુદ્ધતા વસત. સીતાજીએ અદ્‌ભુત પરીક્ષાદ્વારા પોતાની પવિત્રતા તેમજ શુદ્ધિની સાબીતી આપી છે ખરી પરંતુ તે ઉપર પ્રજાનો વિશ્વાસ નથી. મને ખબર પડે છે કે કેટલાક લોકોને તો સીતાજીની આવી પરીક્ષા લેવામાં આવી

તેની ખબર પણ નથી; અને તેટલાજ ખાતર સીતાજી પવિત્ર છે યા નહિ તે વિષે શંકા કરે છે. વિશેષ કરીને રાવણનું પાપાચરણ અને સીતાજીનું ત્યાં વિશેષ દિન રહેવું, આ બે બાબતથી લોકો શંકામાં રહેલા છે; અને તે ખાતર હું પ્રજાનો કંઈ પણ દોષ કહાડી શકતો નથી. મારા પ્રારબ્ધાનુસાર એ સર્વ ઉપદ્રવ ઉપસ્થિત થાય છે, અને તેટલા ખાતર હું બીજાને દૂષિત બનાવવા ઇચ્છતો નથી. કદાચ મેં રાજકાર્ય માથે લીધું ન હત અને ધર્મને સાક્ષી રાખી પ્રજાને રંજન કરવાની પ્રતિજ્ઞા ન લીધી હત તો હું જરૂર લોકનિંદાનો નિરાદર કરી નિશ્ચિંતપણે મારૂં જીવન વ્યતીત કરત. પરંતુ હવે રાજા હોઇને જો હું પ્રજાને સંતુષ્ટ ન કરી શકું તો મારા જીવવામાં શું ફળ? જુઓ, પ્રજાએ સીતાજીને અસતી સમજી લીધાં છે, અને તેઓની એ માન્યતા કોઈ રીતે હઠાવવી એ મુશ્કેલ છે. એટલા ખાતર સીતાજીને ઘેર રાખવામાં હું અસતી ઉપર પ્રેમ રાખું છું, એ પ્રયોજનથી મારાપર પણ તેઓ અસંતુષ્ટ થાય; અને જીવનપર્યંત પ્રજાની દૃષ્ટિમાં હલકા રહેવું એના કરતાં મૃત્યુ બહેતર છે. પ્રજારંજન ખાતર હું મારા પ્રાણનું બલિદાન આપવા પણ તૈયાર છું. તમો એ પ્રાણથી પણ વિશેષ પ્રિય છો. તો પણ પ્રજાના રંજનને ખાતર એકવાર તમારો સર્વનો ત્યાગ કરવો પડે તો પણ હું નિઃસંકોચ કરૂં અને એવી દશામાં સીતાજીનો ત્યાગ કરવો એ કંઈ મહાન વાત નથી. એટલા માટે તમે ગમે એટલું કહો તેમજ જોઇએ તો એમાં અન્યાય હોય તો પણ કુળપર લાગેલા કલંકને ધોવા સારૂ મારે સીતાજીનો પરિત્યાગ કરવોજ જોઇએ.

તમે ભાઇઓ જો મારાપર પ્રીતિ રાખતા હો તો એ બાબતમાં મને વધુ ન કહેશો. સીતાજી જો રહે તો હું મારા પ્રાણનો ત્યાગ કરૂં. તાત્પર્ય એ કે જોઇએ તો સીતાજી રહે, યા તો મારો પ્રાણ રહે. એ બેમાંથી એકજ રહી શકે છે, અને આ મેં નિશ્ચયપૂર્વક કહ્યું છે.

આટલું કહી શ્રી રામચંદ્રજીએ એક નિઃશ્વાસ નાખ્યો અને નીચું જોઈ રહ્યા. આંખોમાંથી ચોધાર અશ્રુઓની ધારા ચાલી રહી. થોડી વાર રહી ફરીને લક્ષ્મણજીને કહેવા લાગ્યાઃ–વત્સ! મનમાંથી સર્વ શોકને દૂર કરી મારી આજ્ઞાનું પાલન કરો. આ ઉપદ્રવ જાગ્યો તે પહેલાં સીતાજી તપોવનમાં જવાની ઇચ્છા કરી રહ્યાં હતાં અને એ બ્હાને તમે તેમને લઈ જઇ મહર્ષિ વાલ્મીકિના આશ્રમમાં રાખીને ચાલ્યા આવો. આમ થવાથીજ હું પ્રસન્ન થઈશ. એમાં જો તમે કાંઇ પણ હા, ના, કરશો તો હું દુઃખી થઈશ. તમે આજ પર્યંત મારી આજ્ઞાનું કોઇ પણ દિવસ ઉલ્લંઘન કર્યું નથી. એટલા માટે વત્સ! કાલે પ્રાતઃકાળમાં મારી આજ્ઞાનું પાલન કરવું એમાં કોઇ પણ જાતની ઢીલ ન થાય. એક બીજી વાત હું કહી દઉં છું કે ગંગાજી ઉતરી પેલી પાર જાઓ ત્યાં સુધીમાં એ વાતની ખબર સીતાજીને ન પાડવી. તમારૂં હૃદય દયાથી ભરપૂર છે એટલે પ્રથમથી હું એ વિષે સાવધાન રહેવા તમને ચેતવું છું. એમ કહી શ્રી રામચંદ્રજી મ્હોં નીચું કરી રૂદન કરવા લાગ્યા. ત્રણે ભાઇઓ પણ આવી દ્રઢ પ્રતિજ્ઞા સાંભળી કંઈ પણ બોલ્યા સિવાય મ્હોં નીચું રાખી અશ્રુધારા વર્ષાવવા લાગ્યા. શ્રી રામચંદ્રજીએ સીતાજીને વનમાં કહાડી આવવાના

વિષયમાં ફરીને લક્ષ્મણને કહ્યું. ત્યાર બાદ ત્રણે ભાઇઓ વિદાય લઈ પોતપોતાના વિશ્રામભવનમાં ગયા. શ્રી રામચંદ્રજી પણ પોતાના વિશ્રામભવનમાં ચાલ્યા ગયા. ચારે બંધુઓએ તે રાત્રિ મહાન દુઃખમાં કહાડી.

પ્રકરણ ૪ થું.

બીજે દિવસે સવારમાં લક્ષ્મણજીએ સુમંત્રને બોલાવી આજ્ઞા કરી, સારથિ, જલદી રથને જોડી અહીંઆં લઈ આવો? આર્યા જાનકી તપોવન જોવા જનાર છે. આ હુકમ સાંભળી સુમંત્ર તરત રથ જોડવા ચાલ્યો ગયો. ત્યાર બાદ સીતાજીના ભવનમાં લક્ષ્મણજી ગયા તો માલૂમ પડયું કે તપોવનમાં જવાની સર્વ તૈયારી સીતાજીએ કરી રાખી છે અને રથનીજ વાટ જોઈ ઉભાં છે. લક્ષ્મણજીએ ભવનમાં સીતાજી પાસે જઇ કહ્યું:–" આર્યે, પ્રણામ કરૂં છું " એમ કહી અભિવંદન કર્યું. સીતાજીએ " વત્સ ! ચિરંજીવી તેમજ ચિર સુખી રહો " એમ કહી અત્યંત સ્નેહથી આશીર્વાદ દીધો. લક્ષ્મણજીએ કહ્યું:– આર્યે, રથ તૈયારજ છે એમ સમજો. હવે વિશેષ વખત નથી. સીતાજી અત્યંત પ્રસન્ન થઇ કહેવા લાગ્યાં:–વત્સ ! આજ પ્રાતઃકાળમાં તપોવનની યાત્રા કરીશું, એ ખુશાલીમાં મને આખી રાત્રિ નિદ્રા પણ ન આવી. હું દરેક રીતે તૈયાર થઇ બેઠી છું. રથ આવે કે તરત હું બેસી જઇશ. મારા મનમાં સંદેહ હતો કે આર્યપુત્ર શ્રી રામચંદ્રજી આવા સમયે મને તપોવન જોવા કદાચ નહિ મોકલે પરંતુ તેમણે કૃપા કરી પ્રસન્ન થઇ મને

તપોવન જવાની અનુમતિ આપી દીધી, એ વખતે મને એટલો બધો હર્ષ થયો કે તે હું કહી શકતી નથી. મેં મારા પ્રથમ અવતારમાં અનેક તપસ્યાઓ કરેલી હશે કે જેના ફળથી મને આવા પતિ મળ્યા. આર્યપુત્રના જેવા ભરથાર બીજા કોઇને પણ ન મળ્યા હશે. એમનો અપૂર્વ સ્નેહ, દયા અને મમતા જોઈ મને મારા સૌભાગ્યને માટે ભારે ગર્વ પેદા થાય છે. હું દેવતાઓ પાસે નિત્ય એજ પ્રાર્થના કર્યા કરૂં છું કે કદી ફરી પણ મને સ્ત્રીનો અવતાર મળે તો હું આર્યપુત્ર શ્રી રામચંદ્રજીનીજ સ્ત્રી થાઉં. એમ કહી સીતાજી હર્ષિત થઈ ફરી કહેવા લાગ્યાં:—વત્સ ! વનવાસના સમયે મુનિપત્નીઓ સાથે મારે સ્નેહ બંધાયો હતો અને તેમણે મને આ સર્વ વસ્ત્રાભૂષણો આપ્યાં હતાં, એમ કહી બધી વસ્તુઓ લક્ષ્મણજીને બતાવવા લાગ્યાં. એટલામાં દાસીએ સમાચાર આપ્યા કે સુમંત્ર રથ જોડી લઈ દ્વાર પાસે ઉભો છે. સીતાજી તપોવન જોવા એટલાં બધાં ઉત્સુક થઈ રહ્યાં હતાં કે રથ આવેલો સાંભળી તરતજ સર્વ સામાન લક્ષ્મણજી પાસે લેવરાવી તેઓ રથમાં ચઢી ગયાં. થોડાજ વખતમાં રથ અયોધ્યાની બહાર નિકળી ગયો. નગરની બહારની ભૂમિ જોઈ પ્રસન્ન થઇ સીતાજી કહેવા લાગ્યાં:—વત્સ લક્ષ્મણ ! આ જે મનોહર દેખાવ હું જોઈ રહી છું તે સર્વ આર્યપુત્ર શ્રી રામચંદ્રજીની કૃપાનુંજ ફળ છે. જો તેઓએ પ્રસન્ન થઈ મને આવવાની રજા ન આપી હોત તો આ બધું હું ક્યાંથી જોઈ શકત ? એમની સેવામાં પ્રસન્નતાપૂર્વક મેં પ્રાર્થના કરી એથી વિશેષ પ્રસન્ન થઈ તેમણે મને આજ્ઞા આપી છે. ભોળાંભાળાં સીતાજીનો આનંદ જોઇ

અને શ્રી રામચંદ્રજીએ પ્રસન્નતાપૂર્વક અનુકૂળતા બતાવી તે જોઈને લક્ષ્મણજી દીલમાં દુઃખી થવા લાગ્યા. જે શોક પોતાના હૃદયમાં ઉછળ્યા કરતો હતો, તેને બહુજ કઠિનતાથી દબાવ્યો અને ઘણાજ ભારે પ્રયત્નથી પોતાનો આંતરિક ભાવ છુપાવી સીતાજીની માફક હર્ષ પ્રકાશિત કરવા લાગ્યા.

આ પ્રમાણે કેટલેક દૂર તેઓ ચાલ્યાં આવ્યાં. આગળ જતાં એક જગ્યાએ સીતાજી કહેવા લાગ્યાં:–વત્સ ! હમણાં તો હું પ્રસન્નતામાં હતી પરંતુ હમણાં હમણાં મારો ભાવ બદલાય છે. મારી જમણી આંખ વારંવાર ફરકયા કરે છે. આખું શરીર કાંપે છે, અને જીવ ઘણોજ ગભરાય છે. આ સર્વ ગભરાટ અને દુઃખ અકસ્માત કેમ થઇ આવ્યું ? કંઇ સમજ પડતી નથી. ખબર નથી કે આર્યપુત્ર કેવા હશે. શું એમનું કંઈ અશુભ થવાનું છે. હા ! પ્રાણપ્રિય ભરત, અને શત્રુઘ્નનું તો કંઈ અનિષ્ટ નથી થયું ! ભગવાન ઋષ્યશૃંગને ત્યાંથી તો કંઇ અશુભ સમાચાર નહિ આવ્યા હોય ! કંઈ સમજ પડતી નથી ! જે હોય તે ખરૂં ! આ લક્ષણોથી માલૂમ પડે છે કે કાંઇ સર્વનાશની દુર્ઘટના થઈ રહી છે ! એમાં કાંઈ સંદેહ નથી. નહિ તો આવા આનંદના સમયમાં મનમાં એકદમ ગભરાટ અને દુઃખની ભાવના કેમ પેદા થઇ આવે ! વત્સ ! શા-માટે એમ થઇ રહ્યું છે ? એ તો કહો ! મારૂં મન કેવું ડામા-ડોળ થઇ રહ્યું છે. મારી ઇચ્છા હવે તપોવન જોવાની પણ નથી રહી. જીવ એમ કહે છે કે પાછાં આપણે અયોધ્યા તરફ ફરીએ. ભલા હું તમને પૂછું છું કે શ્રી રામચંદ્રજીએ મારી સાથે આવવાનું કહ્યું હતું તો તેઓ આવશે કે નહિ ? તેમની

આવવાની આશા છે કે નહિ ? રથમાં બેસતી વખત એ વાત પૂછવી હું ભૂલી ગઇ. એઓ ન આવ્યા તેથી મારા મનમાં સંદેહ ઉપજ્યો છે. વત્સ ! શું કરૂ ? બોલો, મારા ચિત્તનો ગભરાટ વધતોજ જાય છે. રાવણ મને હરી લઇ જવાનો હતો એ અગાઉ જેવો ગભરાટ મારા જીવમાં થયો હતો તેવોજ આ સમય મને લાગે છે. આ વખતે પણ શું એવીજ કંઇ દુર્ઘટના થવાની છે ? ખબર નથી કે શું નાશ થવાનું છે ? જીવમાં તો એમ થાય છે કે તપોવન જોવા ન આવત તો ઠીક થાત. આર્યપુત્રની પાસે રહેવાથી કંઈ પણ દુર્ઘટના ન થઇ શકે. કોઈ કોઇ વાર તો મારા મનમાં એવું થઈ આવે છે કે હવે આ જન્મમાં આર્યપુત્ર શ્રી રામચંદ્રજીનું મને દર્શનજ નહિ થાય !

સીતાજીનો આ પ્રમાણેનો ગભરાટ અને દુઃખથી ભરેલાં વચનો સાંભળી, અત્યંત દુઃખથી શોકાતુર થઇ લક્ષ્મણજી બહુજ વ્યાકુલ થઈ ગયા—અત્યંત ભારે પ્રયત્નથી પોતાનો ભાવ છુપાવી તેઓ બોલ્યાઃ—આર્યે ! આપ દુઃખી ન થાઓ. પરમાત્મા આપણું સારૂંજ કરશે એમ માલૂમ પડે છે. આપ સર્વને છોડી આવ્યાં છો, સાથે પણ બીજું કોઈ નથી, એટલે એકલાંજ હોવાથી આપનો જીવ ગભરાઈ ગયો છે ! આપ અધીર ન થાઓ. થોડાજ વખતમાં બધો ગભરાટ ચાલ્યો જશે. એવું સર્વને થયા કરે છે. મન એ અતિ ચંચળ છે. સદા એકજ સ્થિતિમાં એ નથી રહેતું. એટલા માટે આપ ચિંતા ન રાખો.

લક્ષ્મણજીનું મ્લાન મુખ અને તેમના સ્વરમાં થએલા ફેરફારનો અનુભવ કરી અધિક દુઃખી થઈ સીતાજી પૂછવા લાગ્યાંઃ—વત્સ ! તમારી વિકળતાને જોઇ મારો સંદેહ ઉલટો

વધે છે. મેં કદી પણ તમારૂં વદન આવું ઉદાસ જોયું નહતું. કંઇ પણ અનિષ્ટ જો થઇ ગયું હોય તો તે સ્પષ્ટ કહી દો. કહો, આર્યપુત્ર શ્રી રામચંદ્રજી તો આનંદમાં છે? કાલ બપોર પછી મેં તેમને તમારી સાથે નથી જોયા. જો તેમને હું જોઉં તો હું આટલી ગભરાઈ ન જાઉં. લક્ષ્મણજીએ કહ્યું:–આર્યે! આપ વ્યાકુળ ન થાઓ. આપને શોકાતુર તેમજ ગભરાઈ ગએલાં જોઇ મારો જીવ પણ ગભરાઇ ઉઠયો હતો, અને તેથીજ મારૂં મ્હોં આપને મ્લાન દેખાયું અને મારા સ્વરમાં ફેરફાર લાગ્યો. આ જોઇને આપ આપના દીલમાં વિપરીત ચિંતા પેદા ન કરો. આપ જેટલો શોક કરશો, જેટલું આંદોલન કરશો તેટલી ચિંતા તેમજ વ્યાકુળતા વધશે અને તેથી ઉલટો શોક વધશે.

આ પ્રમાણે વાત કરતાં કરતાં તેઓ ગોમતી નદીના તટપર જઈ પહોંચ્યાં. આ સમયે આખા જગતને પ્રકાશિત કરનાર ભગવાન કમલિનીપતિ–સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતા. સાયંકાળને સમયે ગોમતી નદીના કિનારાપર અત્યંત શોભા થઈ. આ વખતે ત્યાં ગમે તેવો શ્રમિત થએલો માણસ હોય તો તે આ સંધ્યાકાળની રમણીયતા જોઈ શાંત થઈ જાય છે અને અનુપમ આનંદ પ્રાપ્ત કરી શકે છે. આ નદીના કિનારાઉપરની રમણીય શોભાને જોઇ સીતાજી પણ પોતાની સર્વ વ્યથા ભૂલી ગયાં. આ જોઈ લક્ષ્મણજીને ખુશાલી ઉત્પન્ન થઇ. એ રાત્રિએ તેઓએ ત્યાંજ મુકામ કર્યો. માર્ગના શ્રમ તથા ચિત્તની અસ્થિરતાને લીધે સીતાજી બહુજ થાકી ગયાં હતાં. સૂતાંની સાથેજ તેઓ નિદ્રાવશ થઇ ગયાં. સીતાજી દિવસે જેટલાં

અધીર અને વ્યાકુલ થઇ ગયાં હતાં તેટલાં રાત્રે થયાં નહોતાં. પ્રાતઃકાળ પડતાં તેઓએ આગળ ચાલવાનું શરૂ કર્યું. ચોપાસ રમણીય દેખાવ જોઇ સીતાજીને અપૂર્વ આનંદ થયો. પ્રથમ દિવસે જે ઉત્કંઠા અને અધીરાઈ ઉત્પન્ન થઇ હતી તેવું બીજે દિવસે કંઇ પણ ન થયું.

આખરે રથ ભાગીરથી ગંગાને કિનારે આવી પહોંચ્યો. ગંગા પાર ઉતરી જીંદગી સુધી સીતાજીનો પરિત્યાગ કરવો પડશે, એ વાત સ્મરણમાં આવતાં લક્ષ્મણજીને ભારે શોક થવા લાગ્યો. હવે એમનાથી તે વાત વધુ સમય છાની રાખી ન શકાઇ, તેમજ આંખોમાંથી વહી જતી અશ્રુધારાઓને પણ તે ખાળી ન શકયા. આ જોઇ સીતાજી અત્યંત દુઃખી થઈ પૂછવા લાગ્યાં:—વત્સ! શા પ્રયોજનથી તમે આમ થઇ રહ્યા છો તે તો કહો? લક્ષ્મણજીએ આંસુ લુછી કહ્યું:—આર્યે! આપ વ્યાકુલ ન થાઓ. લાંબો સમય થયાં ભાગીરથીનાં દર્શન કર્યાં નહોતાં એટલે અંતઃકરણમાં કંઈ અકથનીય ભાવનો ઉદય થઈ આવ્યો એટલે મારી આંખોમાંથી આંસુ પડયાં. અમારા પૂર્વ પુરૂષો કપિલમુનિના શાપથી બળી ભસ્મભૂત થઇ ગયા હતા. મહાત્મા ભગીરથ કેટલું કષ્ટ સહન કરી ગંગાજીને ભૂમિપર લાવ્યા અને ઉપકાર કર્યો. ગંગાજીને જોઇ એ વાતની મને સ્મૃતિ થઈ ગઇ. એજ કારણને લીધે મારૂં ચિત્ત ગભરાઇ ગયું. સીતાજી અત્યંત સરળ સ્વભાવનાં અને ભોળાં હતાં. લક્ષ્મણજીએ આ પ્રમાણે કહ્યું એટલે તેઓ સંતુષ્ટ થઇ ગયાં. ગંગાજી પાર જવાની સીતાજીની પ્રબળ ઇચ્છા હતી અને વારંવાર લક્ષ્મણજીને પ્રેરણા કરતાં હતાં. પરંતુ ગંગા પાર ગયા પછી જન્મ-

ભર ભારે શોકસાગરમાં ફેંકી દેવામાં આવશે, એનો તેમને ખ્યાલ ન હતો.

થોડાજ સમયમાં હોડી આવી ગઈ. લક્ષ્મણજીએ રથને ત્યાંજ રાખવાની સુમંત્રને આજ્ઞા કરી, સીતાજીને હોડીમાં બેસાડયાં. હોડી તરતજ સામે પાર પહોંચી ગઇ. ગંગા પાર ઉતરી તરતજ તપોવન જોવાની ઇચ્છાથી સીતાજીએ આગળ ચાલવાનો ભાવ પ્રકટ કર્યો. ત્યારે લક્ષ્મણજીએ કહ્યું:–આર્યે ! થોડો સમય ઉભાં રહો. મારે કંઇક કહેવું છે. આ જગ્યાએ આપને હું કાંઇ કહેવા ચાહું છું. આટલું બોલી તેમણે મ્હોં નીચું રાખ્યું અને આંખોમાંથી અખંડિત અશ્રુધારા ચાલવા લાગી. સીતાજી આશ્ચર્યચકિત થઈ પૂછવા લાગ્યાં:–વત્સ! કંઇ કહેવું છે એમ કહી આવી રીતે વ્યાકુલ કેમ થઇ ગયા છો ? શું કહેવા ઇચ્છો છો ? જલદી કહો. તમારો ભાવ જોઇ મારૂં મન અધીરૂં થઈ જાય છે. જે કહેવું હોય તે જલદી કહી નાખો. મારો પ્રાણ વ્યાકુળ થઇ રહ્યો છે. તમારા ચાલ્યા આવ્યા પહેલાં આર્યપુત્ર શ્રી રામચંદ્રજીના વિષયમાં શું કંઇ દુર્ઘટનાની વાત સાંભળી યા જોઈ આવ્યા છો ? અગર શું કંઇ સર્વ-નાશની વાત છે ? શું થયું છે ? જલ્દી કહો. ત્યારે લક્ષ્મણ-જીએ કહ્યું:–દેવિ ! કહું શું ? મારા મ્હોંમાંથી શબ્દ નીકળી શકતો નથી. વડિલ બંધુની આજ્ઞા પાળવામાં મારા ભાગ્યમાં આ કાર્ય લખ્યું હશે એનો મને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હતો. જે બ-નાવ બનશે તેનું સ્મરણ થાય છે ત્યારે આ હૃદય છિન્ન–ભિન્ન થઇ જાય છે. આની પહેલાં મૃત્યુ મને ઉઠાવી લઇ જાય તો ઘણુંજ સારૂં. મૃત્યુથી પણ અધિક મારે વાસ્તે કોઈ વાત હોત

તો તે સારી હતી. એમ જો હોત તો વડિલ બંધુની ધર્મ-વિરૂદ્ધ આજ્ઞાનું મારે પાલન કરવું ન પડત. હા ! વિધાતા, મારા કપાલમાં શું તેં આ લખ્યું હતું? આટલું બોલી જેમ વૃક્ષ છિન્ન–ભિન્ન થઇ જમીનપર તૂટી પડે તેમ તેઓ ભૂમિ-પર પડી હાહાકાર કરવા લાગ્યા. લક્ષ્મણજીની આ દશા જોઈ સીતાજી તો એકદમ ચોંકી ગયાં. પોતાના વસ્ત્રના છેડાવડે લક્ષ્મણજીની આંખો લુછી કહેવા લાગ્યાં:—વત્સ ! શામાટે તમે આટલા બધા વ્યાકુલ થઈ ગયા છો ? શામાટે તમારા મૃત્યુને સંભારી રહ્યા છો ? આ સમયે હું તમને અત્યંત ગભરાઈ ગએલા જોઉં છું. આટલા બધા અધીર તો મેં તમને કદી પણ જોયા ન હતા. મને કહો ! આર્યપુત્ર શ્રી રામચંદ્ર-જીનું તો કંઇ અમંગળ નથી થયુંને ? તમે તેના પ્રાણ-રૂપ છો, તમારી દશા જોવાથી માલૂમ પડે છે કે અવશ્ય તેમનું કંઈ અમંગળ થયું છે. હવે મને ખબર પડી. આજ પ્રયોજનનેલીધે કાલે મારી ખરાબ દશા થઇ રહી હતી. વત્સ ! જે હોય તે જલ્દી કહો ? શું વાત છે ? જલ્દી કહીને મારા પ્રાણની રક્ષા કરો, મને ભારે ચિંતા થઈ છે. શીઘ્ર કહો. વિલંબ ન કરો. હું સ્પષ્ટ સમજી ગઇ. મારૂં સર્વનાશ થઈ ગયું છે. જો એમ ન હોય તો આ સમયે તમે આટલા બધા વ્યાકુલ કેમ થઇ જાઓ ? સીતાજીની આ પ્રમાણે વ્યાકુ-લતા જોઇ લક્ષ્મણજીને સોગણો શોક ઉત્પન્ન થયો. તેમની આંખમાંથી અખંડિત અશ્રુધારા વહી રહી. તેમનો કંઠ પણ રૂંધાઇ ગયો. મુખમાંથી વાત પણ નીકળી ન શકી. ગમે તે હો. આખરે તો આ વાત કહેવીજ પડશે એમ વિચારી

બોલવા માટે લક્ષ્મણજીએ વારંવાર પ્રયત્ન કર્યો, પરંતુ કોઇ પણ પ્રકારે એ નિષ્ઠુર વાત તેમના મ્હોંમાંથી ન નીકળી શકી. આ જોઈ સીતાજી લક્ષ્મણજીનો હાથ પકડી અતિ દીન વચનથી બોલવા લાગ્યાં:-વત્સ ! હવે વધુ વખત ન લગાડો. આર્યપુત્ર શ્રી રામચંદ્રજીએ જે આદેશ કર્યો હોય તે ચાહે ગમે તેટલો કઠોર કેમ ન હોય તોપણ તે મને કહી દો. તમે જરા પણ સંકોચ ન રાખો. હું આજ્ઞા આપું છું કે તમે મનમાં કંઇ પણ ખટકા સિવાય મને કહો. તમારી આ અવસ્થા અને ભાવ જોઇ મને સ્પષ્ટ માલૂમ થાય છે કે મારૂં કર્મ ફૂટી ગયું છે ! શું થયું છે. શીઘ્ર કહો. વધુ વખત ન લગાડો. આવી દુ:ખદ ચિન્તાવસ્થામાં હવે હું એક ઘડીભર પણ નહિ જીવી શકું. જે હોય તે કહી નાખી મારા પ્રાણની રક્ષા કરો. હું પૂછું છું કે આર્યપુત્ર શ્રી રામચંદ્રજીનું તો કંઇ અમંગળ નથી થયું ? જો તેઓ પોતે ક્ષેમકુશળ ખુશાલીમાં હોય તો ચાહે મારૂં સર્વનાશ કેમ ન થાય, હું તેથી આટલી વ્યાકુલ ન થાઉં. તમને આર્યપુત્ર શ્રી રામચંદ્રજીની આણ છે. જલ્દી કહો, તમે હવે જો વધુ વિલંબ કરશો તો મને જીવતી નહિ જુઓ. વધુ દુ:ખ દઇ મને મારવા ચાહતા ન હો તો વધુ સમય હવે ન લગાડો.

સીતાજીની આવી દશા જોઇ લક્ષ્મણજીએ વિચાર્યું કે હવે વિલંબ કરવો એ ઠીક નથી. તેથી જેમ તેમ કરી મનમાં ધીરજ રાખી અત્યંત દુ:ખથી તેઓ કહેવા લાગ્યા:-આર્યે ! કહું શું ? કહેતાં મારી છાતી ફાટી જાય છે. આપ એકલાં રાવણના ઘરમાં રહ્યાં હતાં તેથી પુરવાસી તેમજ રાષ્ટ્રવાસી સર્વ આપનાં

શુદ્ધાચરણ વિષે સંશય લાવી સર્વત્ર નિંદા કરે છે. આ સાંભળીને શ્રી રામચંદ્રજીએ સ્નેહ, દયા અને મમતાને ત્યજી એ નિંદામાંથી બચવાને માટે આપનો પરિત્યાગ કર્યો છે. મને તેમણે એવી આજ્ઞા કરી છે કે તપોવન બતાવવાને બ્હાને આપને વાલ્મીકિમુનિના આશ્રમમાં છોડી આવવાં. આ દેખાય છે તે વાલ્મીકિનો આશ્રમ છે.

આટલું કહેતાંની સાથે લક્ષ્મણજી મૂર્છા ખાઇ ધરણીપર ઢળી પડયા. સીતાજી પણ કદળીના વૃક્ષની માફક જમીનપર ઢળી પડયાં. થોડો સમય વીત્યા બાદ જ્યારે લક્ષ્મણજી સચેત થયા ત્યારે તેમણે સીતાજીને શુદ્ધિમાં લાવવા બહુ પ્રયત્નો કર્યા, અને જ્યારે તેઓ સચેતન થયાં ત્યારે ઉન્મત્તની માફક લક્ષ્મણજીના મ્હોંને ફરીથી જોવા લાગ્યાં. લક્ષ્મણજી શૂન્યકાર થઈ ચિત્રની માફક આંખોમાંથી અશ્રુ સારતા ઉભા રહ્યા હતા. થોડા સમય બાદ સીતાજીના નેત્રયુગલમાંથી અશ્રુની ધારા ચાલી રહી; તે દીર્ઘ નિશ્વાસ નાખવા લાગ્યાં, અને તેમનું આખું શરીર કંપાયમાન થવા લાગ્યું. સીતાજીની આ દશા જોઇ લક્ષ્મણજી વ્યાકુલ થઇ તેમને સમજાવવાને પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ શું કરી સમજાવવું એનો કંઇ પણ ઉપાય ન મળતાં નષ્ટચેતન થઇ આંખોમાંથી અશ્રુધારા ચલાવતા ઉભા રહ્યા.

આવી દશા થોડો સમય ચાલુ રહ્યા પછી સીતાજી પોતેજ જેમ તેમ ધીરજ ધરી કહેવા લાગ્યાં:-લક્ષ્મણ ! હું કોને દોષ દઉં ? મારા ભાગ્યનોજ સર્વ દોષ છે, નહિ તો રાજાની કન્યા અને રાજાની પત્ની હોઇ કોઈ પણ મારી પેઠે ચિરદુઃખિની થઈ છે ? મને સમજાય છે કે આખા જન્મભર, આખા

જીવનભર દુઃખો ભોગવવાને માટેજ મને સ્ત્રીનો જન્મ મળ્યો છે! વત્સ! અન્તમાં મારી આ દશા થશે એમ કોણ જાણતું હતું? લાંબો સમય વીત્યા બાદ આર્યપુત્ર શ્રી રામચંદ્રજીનો મેળાપ થયો ત્યારે હું શોચ્યા કરતી અને મનમાં ભરોસો રાખતી હતી કે બસ હવે મારા સર્વ દુઃખનો અંત આવ્યો છે, પરંતુ વિધાતાએ તો મારા કપાળમાં સોગણું દુઃખ લખી રાખ્યું હતું એ મને સ્વપ્નમાં પણ ભાન ન હતું. હાય વિધાતા! શું તારા જીવમાં આજ હતું?

આટલું કહેતાં કહેતાં સીતાજીનું ગળું રૂંધાઇ ગયું. કેટલોક વખત સુધી બોલી ન શકયાં. ત્યાર બાદ ફરી એક નિઃશ્વાસ નાખી બોલ્યાં:–લક્ષ્મણ! માલૂમ નહિ કે, પ્રથમ જન્મમાં મેં કેટલાં ભારે પાપ કર્યાં હશે, નહિ તો વિધાતા મારા ભાગ્યમાં આવાં ભારે ભારે દુઃખો શા માટે લખે? અગર તો વિધાતાનો શો અપરાધ છે? સર્વ પોતપોતાનાં કર્મોનાં ફળ ભોગવે છે. મેં પૂર્વ જન્મમાં જેવાં કર્મો કર્યાં હશે તેવાં ફળ આ જન્મમાં ભોગવી રહી છું. હું સમજુ છું કે મારા પૂર્વ જન્મમાં મેં કોઇ પણ પતિપ્રાણાધાર કામિનીને તેના પતિ પાસેથી વિખુટી પાડેલી હશે. એજ મહાદુષ્ટ પાપકર્મથી આજે મારી આ દુર્દશા થઇ રહી છે. નહિ તો આર્યપુત્રનું હ્રુદય તો દયાથી પરિપૂર્ણ છે. હું પતિપરાયણ તેમજ શુદ્ધાચારિણી છું એ તેઓ સારી રીતે જાણે છે, તથાપિ આવા સમયમાં તેમણે મને ત્યાગી દીધી! આ સર્વ મારા પૂર્વ જન્મના કર્મનાં ફળ છે, બીજું કંઇજ નથી. વત્સ! હું વનવાસથી દુઃખી નથી. આર્યપુત્રની સાથે લાંબો વખત વનમાં રહી છું. તેમની

સાથે વનમાં મને લેશ માત્ર પણ દુઃખ નહતું. તેમની સાથે હોઉં ત્યાં મને કોઇ પણ જગ્યાએ દુઃખ ન પડી શકે. મને જે થાય છે તે એજ કે આર્યપુત્રે મને શું અપરાધને માટે ત્યજી દીધી ? જ્યારે મુનિપત્ની મને પૂછશે ત્યારે હું શું ઉત્તર આપીશ ? તે સર્વ આર્યપુત્રને તો કરૂણાના સાગર માને છે. જયારે હું આ સર્વ સાચી વાત તેમને કહીશ ત્યારે તેઓ મારો વિશ્વાસ નહિ કરે, તેઓ અવશ્ય એમ ધારશે કે સીતા-એજ કોઇ ઘોર પાપકર્મ કર્યું હશે જેને લીધે તેમણે એને ત્યજી દીધી. વત્સ! હું શું કરૂં ? જો હું ગર્ભવતી ન હોત તો આ સમયે ગંગાજીની વચ્ચે બેસી મારો પ્રાણ ત્યજી દેત. તમેજ કહો કે મારી આ દશામાં જીવવાથી શો લાભ ? આવી દશામાં જીવન ધારણ કરવું શું યોગ્ય છે ? મને એ આશ્ચર્ય થાય છે કે મારા ત્યાગની વાત સાંભળતાંની સાથેજ શા માટે મારો પ્રાણ નીકળી ન ગયો ? આ ઉપરથી માલૂમ પડે છે કે કોઇનો પ્રાણ મારા પ્રાણ જેવો કઠોર નહિ હોય. નહિ તો આ સમયે તે કેમ નિકળી ન જાય ? અગર તો વિધાતાએજ મને ચિર-દુઃખિની બનાવી છે. પ્રાણ ત્યાગ કરવાથી તેનો એ સંકલ્પ વિફળ થઈ જાય એટલા માટે મારો પ્રાણ નિકળી જતો નથી.

આ પ્રમાણે વિલાપ અને પરિતાપ કરતાં સીતાજી એક દીર્ઘ નિઃશ્વાસ નાખી "હા ! શું થયું ?" એમ કહી ફરીથી મૂર્છિત થઇ ગયાં અને ધરતી ઉપર ઢળી પડયાં. બિચારા લક્ષ્મણજી આ સર્વ વિલાપ અને રૂદન જોઇ શોકથી પરિતાપ પામી નેત્રોમાંથી આંસુ ઢાળવા લાગ્યા, અને શ્રી રામચંદ્રજીનું પ્રજારંજન કાર્ય આ સર્વ અનર્થનું મૂળ છે, એમ સમજી શોક-

વિહ્વળ થઈ કહેવા લાગ્યાઃ-અગર જો આ સમય આવ્યો તે પહેલાંજ મારૂં મૃત્યુ આવ્યું હોત તો આ લોક અને ધર્મની વિરૂદ્ધ કાર્ય તો મારા જોવામાં ન આવત. હું શ્રી રામચંદ્રજીની આજ્ઞા માથે ચઢાવી ઘણુંજ બુરૂં કામ કરૂં છું. મારા જેવો પાપી તેમજ પાખંડી બીજો કોઈ નહિ હોય, નહિ તો આવું કઠિન કામ કરવાનું શા માટે હું મારા શિર ઉપર લઉં ? હાય ! મેં આ પતિપ્રાણાધાર, સરલ સ્વભાવની તેમજ શુદ્ધાચારિણી જાનકીને કેવા સર્વનાશના સમાચાર સંભળાવી દીધા છે ! મેં તેમની વાત માનીને અત્યંત બુરૂં કાર્ય કર્યું છે. હાય ! મારાથી આ સમયે ઘણું ઘોર દુષ્કર્મ થઇ ગયું ! હા ! વિધાતા ! આવા કામનો ભાર લેવાની બુદ્ધિ તેં મને કેમ આપી ? હાય ! વજ્રહૃદય ! તું આ સમયે શા માટે ફાટી નથી જતું ? હા ! કઠોર પ્રાણ ! આ સમય તું શા માટે પ્રયાણ નથી કરી જતો ? હા ! દગ્ધ દેહ ! હજી પણ શા માટે તારો વિનાશ નથી થયો ! હાય ! હવે હું આર્યા સીતાજીની દુઃખદાવસ્થા નથી જોઇ શકતો. અરે ! રામચંદ્રજી ! તમે આટલા બધા કઠોરહૃદયના છો એનું મને સ્વપ્નમાં પણ ધ્યાન ન હતું ? તમે આટલા બધા નિસ્પૃહ હતા તો સીતાજીની શોધ વાસ્તે શા માટે એટલી બધી ચેષ્ટા કરી હતી ! રાવણના હરી ગયા પછી ઉન્મત્ત જેવી દશામાં વિરહવ્યાકુલ થઇ વનમાં હાહાકાર કરતા શા માટે આમથી તેમ ભટકતા હતા ? જો આપે પ્રથમથીજ કહી દીધું હોત તો અમે લોકો શા માટે રાક્ષસોની સાથે ઘોર યુદ્ધમાં દુઃસહ દુઃખો ઉઠાવત ? શા માટે ત્યાં સેંકડો અને સહસ્રોના

જાન ચાલ્યા જાત? અસ્તુ. તમારા જેવા નિર્દય અને નિન્દનીય મનુષ્ય કોઇ નથી.

કેટલોક સમય સુધી આ પ્રકારે શ્રી રામચંદ્રના વિચારની નિન્દા કરી લક્ષ્મણજી પોતાના શોકના વેગને રોકી સીતાજીની મૂર્છા દૂર કરવાના પ્રયત્ન કરવા લાગ્યા. સીતાજીની મૂર્છા દૂર થયા બાદ તેઓ લક્ષ્મણજીને કહેવા લાગ્યાં:—વત્સ, ધૈર્ય ધારણ કરો. હવે વિલાપ અને પરિતાપ ન કરો. સર્વ કોઈ માણસ ભાગ્યને અધીન છે. જે કંઈ પણ મારા ભાગ્યમાં હતું તે મારે ભોગવવું પડશે. તમે આને માટે હવે શોક ન કરો. મારૂં સ્મરણ દૂર રાખી હવે તમે શીઘ્ર આર્યપુત્ર પાસે જાઓ. મારો પરિત્યાગ કરી તેઓ અધીર તેમજ શોકવિહ્વલ થઈ ગયા હશે એમાં સંશય નથી. તમે ત્યાં જઈ એવું કામ કરો કે જેથી તેમનો શોક મટી જાય, અને મારા વિયોગનું દુઃખ તેમને ન સતાવે. તેમને કહેજો કે મારો પરિત્યાગ કરવાનું કંઇ પણ દુઃખ ન માનવું. એ કામ સારૂંજ થયું છે, ખોટું થયું નથી. પોતાના પ્રાણ કરતાં પણ વિશેષ ધર્મ રાજાનો એજ છે કે પ્રજાને રંજન કરવી. મને ત્યાગ કરી તેમણે પોતાના રાજધર્મનું પાલન કર્યું છે. હું એમના દિલની વાત જાણું છું. એમણે જે કર્યું છે તે સર્વ પ્રજાની પ્રસન્નતાને માટેજ કર્યું છે! અને રાજાનો એ પરમ ધર્મ છે. એમની હવે ફરજ છે કે શોક અને મોહનો ત્યાગ કરી પ્રસન્નતાથી પ્રજાનું પાલન કરે. તેમના ચરણોમાં મારા પ્રણામ કરી કહેજો કે આપે મને અયોધ્યામાંથી દૂર કરી છે, પરંતુ આપના અંતઃકરણમાંથી દૂર ન કરશો. હું આ તપોવનમાં રહી એકાન્ત જગ્યામાં તપસ્યા કરીશ કે જેથી મારા

આગલા જન્મમાં પણ હું આપનેજ મારા ભરથાર તરીકે પામું; તેમજ હું આપની સદાને માટે દાસી બનું. તેમજ તેમને કહેશો કે આપે સ્ત્રીભાવ તરીકે મારો પરિત્યાગ કર્યો છે, છતાં મને એક સાધારણ પ્રજા તરીકે તો અવશ્ય લેખજો જ. કારણ કે સમુદ્ર સુધી આપ પૃથ્વીના અધીશ્વર છો એટલા વાસ્તે હું જ્યાં રહીશ ત્યાં આપના અધિકારની નીચેજ રહીશ. આપના અધિકારની બહાર જઇ શકતી નથી.

આટલું કહી સીતાજી શોકપૂર્ણ થઇ ગયાં. થોડો સમય ચૂપ રહી તેઓ ફરીથી બોલ્યાં:-લક્ષ્મણ ! મારો ત્યાગ થયો છે અને મારે વનવાસ ભોગવવો પડશે તેથી હું દુઃખી થતી નથી, પરંતુ આર્યપુત્રના મનમાં કલેશ અને શોક થશે એ પ્રયોજનને લીધે મને અત્યંત ખેદ થાય છે, તેમજ એજ પ્રયોજનને લીધે મારૂં ધૈર્ય તૂટી જાય છે. તેમને વિનયપૂર્વક કહેજો કે આપ શીઘ્ર શોક દૂર કરી નિશ્ચિંત થઇ જજો, આપ કોઈ પણ પ્રકારનો શોક મોહ ન કરો. મને તપોવનમાં ત્યજી દેવાથી ભારે દુઃખ થઈ રહ્યું છે, પરંતુ તેથી હું આર્યપુત્રને દોષ નહિ દઉં. જે કંઈ પણ થયું છે તે મારા પ્રારબ્ધાનુસાર થયું છે. એમ જાણી તેઓએ શોક ન કરવો. વત્સ ! તમને મારૂં આગ્રહપૂર્વક એજ કહેવું છે કે તમે સદા આર્યપુત્રની સાથેજ રહેજો. એક ક્ષણ પણ તેમને એકલા ન રાખવા, એકલા રહેવાથી તેમને મારા વિયોગનો ભારે શોક લાગશે. એમના સુખી રહેવાથીજ મને સુખ છે. તમે સદા એવો યત્ન કરજો કે જેથી તેમને કદી પણ દુઃખ ન થાય. તેઓ સદા પ્રસન્ન ચિત્તે રહે એમ તમે કરજો. એમ કહી લક્ષ્મણજીનો હાથ પકડી

સીતાજી અત્યંત દીન વચન બોલ્યાં:-તમે મારી સામે સોગનપૂર્વક કહો કે મેં જે જે તમને કહ્યું છે તેમાં કંઈ પણ ખામી નહિ આવે. જ્યાં સુધી લોકોના મ્હોંએથી આર્યપુત્રની કુશળતાના સમાચાર સાંભળતી રહીશ ત્યાં સુધી હું સુખી રહીશ. અન્યથા નહિ.

આમ કહેતાં કહેતાં સીતાજીની આંખમાંથી અશ્રુધારા ચાલવા માંડી. થોડીવાર રહી ફરી લક્ષ્મણજીને સમજાવી કહેવા લાગ્યાં:-વત્સ ! હવે તમે શીઘ્ર આર્યપુત્રની પાસે જાઓ, તમે હવે વિલમ્બ ન કરો, વારંવાર એમ કહી સીતાજી લક્ષ્મણજીને જલ્દી ચાલ્યા જવા આગ્રહ કરવા લાગ્યાં. લક્ષ્મણજી પ્રણામ કરી હાથ જોડી સીતાજી સન્મુખ ઉભા રહ્યા. આંખોમાંથી આંસુ વરસાવતા લક્ષ્મણજી કહેવા લાગ્યા:-આર્યે, આપ શરૂઆતથી જોતાં આવ્યાં છો કે આર્યનો હું પરમ આજ્ઞાકારી છું. જ્યારે જ્યારે તેઓ જે આજ્ઞા કરે છે, ત્યારે ત્યારે તેજ સમયે તે આજ્ઞાનું હું પાલન કરૂં છું. પ્રાણાન્ત સ્વીકાર કરીને પણ મોટા ભાઈની આજ્ઞા નાના ભાઈએ ઉઠાવવી એ પરમ ધર્મ છે, એજ ધર્મનો વિચાર કરીને આર્યની આ વિષમ આજ્ઞાનું પાલન કરવા હું અહીં આવ્યો છું. મેં પથ્થરનું હૃદય બનાવી આ ભારે કામ મારા શિરપર લીધું હતું તે હવે પૂરૂં થઈ ગયું છે. હવે પ્રાર્થના એજ છે કે જેવો સ્નેહ, વાત્સલ્ય, તથા કૃપા આપ મારા પ્રત્યે આજ સુધી રાખતાં આવ્યાં છો, એમાં ભેદ પડવા ન દેશો. ભવિષ્યમાં પણ અગાઉના જેવીજ કૃપા મારાપર રાખતાં રહેશો. મેં વડિલ બંધુની આજ્ઞાથી આપનો આ અપરાધ કર્યો છે, તે મને માફ કરશો. એ અપરાધની આપની પાસે ક્ષમા ચાહું છું. લક્ષ્મણજીને આ પ્રમાણે શોકયુક્ત જોઈ સીતાજીએ

કહ્યું:–વત્સ ! તમારો શો અપરાધ છે? તમે શા માટે આટલા દુઃખી થઈ પરિતાપ પામો છો? તમારાપર રુષ્ટ તેમજ અસંતુષ્ટ થવાની વાત તો એક બાજુએ રહી, પરંતુ હું સદા મન, વચન અને કર્મથી પરમાત્મા પાસે એજ પ્રાર્થના કરી રહી છું, કે આગલા જન્મમાં પણ હું તમારા જેવા ગુણી અને સુશીલ દીયરને પામું, તમે ચિરંજીવી રહો. તમે અયોધ્યામાં જઇ આર્યપુત્રને મારા પ્રણામ નિવેદન કરો. ભરત, શત્રુઘ્ન તથા મારી બ્હેનોને પણ મીઠાં વચન કહેજો. જ્યારે મારી સાસુ દેવીઓ ઋષ્યશૃંગના યજ્ઞમાંથી પાછાં ઘેર આવે ત્યારે તેમને મારા સાષ્ટાંગ પ્રણામ નિવેદન કરજો. વત્સ ! એક બીજી વાત હું કહું છું. હું સદા દુઃખી છું. વિધાતાએ મારા પ્રારબ્ધમાં સુખ ભોગવવાનું લખ્યુંજ નથી; એટલા માટે મારૂં સર્વનાશ થયું. હું મારી ગઇ ! પરંતુ એટલા માટે હું આટલી દુઃખી થતી નથી. તમે એમ કરજો કે જેથી મારી બ્હેનો દુઃખી ન થાય. મારા વિયોગથી તેઓ અત્યંત દુઃખી થઇ રહી હશે. કોઈ પણ પ્રકારે તેમનું દુઃખ તરત દૂર કરજો. તેમને કહેજો કે હું મારા ભાગ્યનાં–કરેલાં કર્મનું ફળ ભોગવું છું. તમો મારે લીધે શોકાતુર ન થશો.

આ પ્રમાણે કહી સ્નેહથી વારંવાર આશીર્વાદ આપી સીતાજીએ લક્ષ્મણને જવાનું કહ્યું. લક્ષ્મણજીએ નેત્રોમાં આંસુ લાવી ગદ્‌ગદ કંઠે હાથ જોડી ચાલતી વેળા એક વાર ફરી કહ્યું:–“આર્યે ! મારો અપરાધ ક્ષમા કરશો.” આ પ્રમાણે કહી લક્ષ્મણજીએ હોડીમાં બેશી પ્રયાણ કર્યું. સીતાજી લક્ષ્મણજીને જતા તાકી તાકીને જોવા લાગ્યાં. હોડી તરતજ બીજે પાર

ચાલી ગઇ. પાર ઉતરી લક્ષ્મણજીએ સીતાજીને ફરીથી જોયાં અને આંખોમાંથી અશ્રુ વહેવરાવતા રથમાં બેઠા, રથ ચાલી નિકળ્યો. જ્યાં સુધી સીતાજી દેખાયા કર્યાં ત્યાં સુધી લક્ષ્મણજી જોતા રહ્યા. સીતાજી પણ સ્થિર દૃષ્ટિથી રથને જતો જોયા કરતાં હતાં. ધીરે ધીરે રથ દૂર નિકળી ગયો. જ્યારે સીતાજી દૃષ્ટિ બહાર થઇ ગયાં ત્યારે લક્ષ્મણજી શિર પછાડી હાહાકાર કરતા રોવા લાગ્યા. રથને ન જોઇ સીતાજી પણ ઉંચે સ્વરે વિલાપ કરતાં રોવા લાગ્યાં.

સીતાજીનો વિલાપ તેમજ રોવાનો શબ્દ પાસે રહેનારા ઋષિકુમારોને કાને પડયો. તેમનું રોવું સાંભળી તેઓ નજીક આવ્યા. તેઓએ આવીને જોયું તો એક મહારાણીને શિર પછાડી હાહાકાર કરી રોતી જોઈ. તેમને રોતાં પીટતાં જોઇ જોનારાઓનાં કોમળ હૃદય દયાથી ભરાઈ ગયાં. તેઓએ ત્યાંથી જલદી ચાલી જઈ મહર્ષિ વાલ્મીકિજી પાસે નમ્રતાપૂર્વક નિવેદન કર્યું કેઃ–ભગવાન! અમે ફળ ફળાદિ લેવા ગંગાકિનારે વનમાં ગયા હતા. ત્યાં અમે અકસ્માત એક સ્રીના રોવાનો શબ્દ સાંભળ્યો. અમે આમતેમ જોયું તો એક સ્રીને વિલાપ કરી રોતી જોઈ. તે અલૌકિક રૂપ–શોભાસંપન્ન છે. તેણીનાં વસ્રો ઉપરથી તો કોઇ મહારાણી જેવી માલૂમ પડે છે. તે અનાથની પેઠે રોઇ રોઇ ભારે વિલાપ કરી રહી છે. તેણીનું સૌંદર્ય એવું વિલક્ષણ છે કે બીજી લક્ષ્મીજ જોઈ લો. એ કોણ હશે? શા માટે એકલી રૂદન કરી રહી છે? એ કંઈ સમજવામાં આવતું નથી. તેણીના કરૂણાભરેલા પરિતાપ તથા હાહાકારને સાંભળી અમારૂં હૃદય ફાટી જતું હતું. તેની આ

હૃદયભેદક દશા જોઇ અમારાથી કંઇ પૂછી પણ ન શકાયું. અંતમાં એ સમાચાર આપને જણાવવા, એમ નિશ્ચય કરી આપને નિવેદન કર્યું. હવે જે ઉચિત લાગે તે કરો.

ઋષિકુમારોની વાત સાંભળી મહર્ષિ તેજ સમયે ચાલી નિકળ્યા અને ભાગીરથીના તીરપર આવી પહોંચ્યા. સીતાજીની સામે ઉભા રહી તેમણે શાન્તિ તથા ગંભીરાઇથી પૂછ્યું:–વત્સે ! વિલાપને દૂર કરો. તમારૂં તપોવનમાં આવવાનું પ્રયોજન મને પ્રથમથી વિદિત થઇ ગયું છે. તમે મિથિલાનરેશ રાજર્ષિ જનકનાં પુત્રી, કોશલાધિપતિ મહારાજા દશરથનાં પુત્રવધૂ, તેમજ રાજાધિરાજ શ્રી રામચંદ્રજીનાં ધર્મપત્ની છો. તમારા સ્વામીએ લોકાપવાદ સાંભળીને અસ્થિર ચિત્તથી, સારા નબળાનો વિચાર કર્યા સિવાય તમને વિના અપરાધે અહીં કાઢી મેલ્યાં છે.

મહર્ષિના સમજાવવાથી સીતાજીએ આંસુ લૂછયાં અને પોતાની કાંધપરનાં કપડાં વડે તેમના ચરણ લૂછયા. મહર્ષિએ ‘ કુલશ્રેષ્ઠ પુત્રને જન્મ આપો ’ એવો આશીર્વાદ આપ્યો અને કહ્યું:–વત્સે ! હવે અહીંથી ઉઠી આશ્રમ ઉપર ચાલો. હું તમને પુત્રીની પેઠે માની તમારૂં પાલન પોષણ કરીશ. અહીં તમને કોઇ પ્રકારનું દુઃખ નહિ પડે. નગરનિવાસી લોકો વનનું નામ સાંભળી ડર્યા કરે છે, પરંતુ અહીંઆં કોઈ પ્રકારનો ડર નથી. મારા તપના પ્રભાવથી અહીંનાં હિંસક પ્રાણીઓ પણ સ્વાભાવિક હિંસાનો ગુણ ભૂલી પરસ્પર પ્રેમથી રહે છે. કોઇ કોઇને કષ્ટ દેતાં નથી. તપોવનનો એવો મહિમા છે કે થોડો વખત રહેવાથી પણ માણસોને અપાર આનંદ મળે છે. મને ખબર

છે કે તમે પૂર્ણ ગર્ભવતી છો. તમને સંતાન થયા બાદ તેને સંસ્કાર આદિ કરવામાં અહીં કંઈ પણ હરકત નથી. સર્વ કામ વિધિપૂર્વક થશે. તમારા જેટલીજ ઉમ્મરની અહીં મુનિકન્યાઓ પણ છે, તેમની સાથે તમને કંઈ દુઃખ થશે નહિ. તેમની સાથે રહેવાથી તમને ઘણો આનંદ થશે. તમારા પિતા પણ મારા મિત્ર છે. જેવું તમે તમારા પિતાના ઘરમાં સુખ લેતાં તેવુંજ સુખ અહીં પણ ભોગવશો. મારી પુત્રી માફક હું તમારૂં પાલન કરીશ. તમને દુઃખ નહિ થવા દઉં. વત્સે! હવે સમય ન ગુમાવો, ઉઠો અમારી સાથે ચાલો. એમ કહી સીતાજીને સાથે લઈ મહર્ષિ તપોવનમાં ચાલ્યા ગયા. સીતાજીનું આવાગમન તેમણે સર્વને જણાવી દીધું અને સમવયની મુનિ કન્યાઓને સીતાજીની દેખરેખ રાખવાનું કાર્ય સોંપી દીધું. સીતાજીને દેખી કન્યાઓ પણ અતિ પ્રસન્ન તથા સંતુષ્ટ થઈ. તે સર્વ એવા પ્રયત્નો કરવા લાગી કે જેથી સીતાજીનું વિયોગદુઃખ જલદી દૂર થઈ જાય.

પ્રકરણ ૫ મું.

સીતાજીને વનવાસ આપી શ્રી રામચંદ્રજી અત્યંત અધીર તેમજ શોકાકુલ થઇ ગયા. તેમણે સીતાજીના વિયોગદુઃખમાં આહાર–વિહાર તેમજ રાજ્યનું આવશ્યક કામકાજ, સર્વ છોડી દીધું. તે એટલે સુધી કે તેમણે લોકોને મળવાનું પણ છોડી દીધું. તેઓ અલગ–એકાંત સ્થાનમાં રહેવા લાગ્યા. જ્યાં તેઓ રહેતા હતા ત્યાં કોઈને પણ જવાની આજ્ઞા નહોતી. તેઓ

સીતાજીને તદ્દન શુદ્ધાચારિણી જાણતા હતા, તેમજ તેમના પ્રત્યે તેમનો બહુ પ્યાર હતો. વાસ્તવમાં તે બન્નેનું મન અને પ્રાણ એકજ હતાં. માત્ર શરીર ભિન્ન ભિન્ન હતાં. જેવી રીતે સીતાજી સાધુ સ્વભાવવાળાં અને સુશીલ હતાં. તેજ માફક શ્રી રામચંદ્રજી પણ સર્વાંશે તેવાજ હતા. સીતાજી જેવી રીતે પતિપ્રાણાધાર, પતિ–હિતૈષિણી, તેમજ સદા પતિના સુખમાંજ સુખ માનતાં હતાં, તેજ માફક શ્રી રામચંદ્રજી પણ સીતાજીના શુભાશુભમાં પોતાનું શુભાશુભ જાણનારા, સીતાના શુભચિંતક તેમજ તેનાજ સુખમાં સુખ માનનારા હતા. રાજ્યભોગ કરતા કરતા તેઓ જેટલા આનંદિત રહેતા હતા તેથી પણ તેઓ વનવાસમાં વધુ સુખી હતા. વાત એ હતી કે વનવાસમાં એ પતિપત્ની એકત્ર હતાં. વનવાસ પૂરો થયા બાદ ઘરમાં રહેતાં ત્યારે એ બન્ને વચ્ચે અપાર પ્રેમ તથા સ્નેહ વધી ગયો. બન્ને પરસ્પર એક બીજાને ક્ષણ માત્ર પણ અલગ થવા ન દેતાં. શ્રી રામચંદ્રજીએ કેવળ પ્રજાના અસંતુષ્ટ થઈ જવાના ભયથી ભારે કઠોરતા વાપરી સીતાજીનો ત્યાગ કર્યો હતો. એ કારણથી સીતાનો પરિત્યાગ એમના દીલમાં અત્યંત શોક ઉપજાવી રહ્યો છે.

સીતાજીનો ત્યાગ કરવાથી જે આંતરિક વેદના શ્રી રામચંદ્રજીને થઈ તેની સીમાજ નથી. તેમને અપાર કલેશ થયો. તેઓ અનેક પ્રકારના વિલાપ તથા પરિતાપ કરવા લાગ્યા. વિલાપ કરતાં તેઓ જણાવતા કે મારો જન્મ રાજવંશમાં શા માટે થયો ? વનવાસમાંથી ફરીને હું અહીં શા માટે આવ્યો ? આવીને મેં શા માટે રાજ્યકારભાર હાથમાં લીધો ? પ્રજાની સંમતિ લેવાનાજ ખાસ કામપર શા માટે દુર્મુખને મેં રાખ્યો ?

લક્ષ્મણના ઉપદેશ અનુસાર શા માટે મેં કામ ન કર્યું ? નિષ્ઠુરતાથી મેં શા માટે સીતાનો પરિત્યાગ કર્યો ? આ અસાર રાજ્યભારને છોડી શા માટે હું સીતાની સાથે વનમાં ન ગયો ? શું કહીને મનને સમજાવું ? શું જોઇને મારા પ્રાણને ધારણ કરી રાખું ? પ્યારીને વનવાસ આપવો તેના કરતાં તો મારે આત્મઘાત કરવો એજ બહેતર હતું. આ પ્રમાણે વિવિધ પ્રકારે શ્રી રામચંદ્રજી વિલાપ કરવા લાગ્યા. આ શોકાગ્નિથી પ્રજ્વલિત થઇ શ્રી રામચંદ્રજીનું અર્ધું શરીર સૂકાઈ ગયું.

સીતાજીને છોડી આવી ત્રીજે દિવસે મધ્યાહ્ન કાળે લક્ષ્મણજી અયોધ્યામાં આવ્યા. સૌથી પહેલા તેઓ શ્રી રામચંદ્રજીના મંદિરમાં ગયા. ત્યાં જઇ સામે હાથ જોડી ઉભા રહ્યા. આંખોમાંથી આંસુ વર્ષાવતા ગદ્‌ગદ કંઠે કહેવા લાગ્યાઃ–બંધુ ! દુરાત્મા લક્ષ્મણ આપની આજ્ઞાનું પાલન કરી આવી આપની પાસે ઉભો છે ! આટલું સાંભળતાંજ શ્રી રામચંદ્રજી 'હા પ્રિયા સીતા !' આટલું કહી ભૂતળ ઉપર મૂર્છિત થઈ પડી ગયા. જો કે લક્ષ્મણજી પણ અત્યંત શોકાતુર હતા તો પણ તેઓ રામચંદ્રજીની મૂર્છા દૂર કરવાના ઉપાય કરવા લાગ્યા. તેઓ થોડા સમય બાદ ચેતનતા આવ્યા પછી લક્ષ્મણના મ્હોં સામું જોવા લાગ્યા. પછી હાહાકાર અને દીર્ઘ નિઃશ્વાસ નાખી બોલ્યાઃ–ભાઇ લક્ષ્મણ ! તું જાનકીને કયાં છોડીને આવ્યો ? તેના વિયોગ–વિરહમાં હું મારો પ્રાણ કેમ ધારણ કરી શકું ? આ વેદના મારે માટે અસહ્ય છે. એમ કહી તેઓ લક્ષ્મણના ગળામાં હાથ નાખી ઉંચા સ્વરથી રૂદન કરવા લાગ્યા. થોડા વખત બાદ સ્વસ્થ થયા પછી સીતાજીના ત્યાગની સર્વ

હકીકત લક્ષ્મણના મુખેથી તેમણે સાંભળી લીધી. તે સાંભળી આંખોમાંથી અખંડિત અશ્રુઓની ધારા ચાલી રહી. તેમને એટલો બધો શોક થયો કે કંઠ પણ રૂંધાઇ ગયો, અને બોલવાની શક્તિ પણ ન રહી. હૃદયમાં દુઃખની વેદના વારંવાર ઉભરાઇ આવતી અને તેને લીધે તેઓ ફરીથી મૂર્છિત થઇ જમીનપર પડયા.

લક્ષ્મણજીએ તેમને ફરીથી સાવધાન કર્યા. તેઓ મનમાં ને મનમાંજ કહેવા લાગ્યા, કે આર્યને આ વેળા જેટલું દુઃખ લાગ્યું છે, તેટલું અગાઉ કદી પણ લાગ્યું નહોતું. આ વખતે એમનો શોક દૂર કરવાનો કોઈ પણ ઉપાય દેખાતો નથી. ગમે તેમ હો, એમને સમજાવવા પ્રયત્ન તો કરવોજ જોઇએ. એમ વિચારી લક્ષ્મણજી નમ્રતા તેમજ અત્યંત સ્નેહપૂર્વક બોલ્યાઃ– આર્ય ! આપ જેવા મહા પુરૂષોએ શોક તેમજ મોહમાં આટલા બધા અધીર થવું ન જોઇએ. આપ અત્યંત જ્ઞાની છો. આપ સર્વજ્ઞ છો. જે બનવાનું હતું તે તો બની ગયું. નહિ તો આપ આમ સીતાજીને ત્યજી દો, એમ કોઇને પણ વિશ્વાસ ન હતો. આપ વિચાર કરી જોશો કે સંસારમાં કોઈ પણ ચિરકાલ સુધી રહેતું નથી. સંસારમાં અત્યંત અસ્થિરતા છે. જેની ચઢતી થાય તેની પડતી પણ છે. ઉન્નતિ પછી અવનતિ પણ આવે છે. સંયોગ બાદ વિયોગ પણ હોય છે. તેમજ જન્મ થયા બાદ મૃત્યુ પણ આવે છે. એ પ્રમાણે અનાદિ કાળથી બનતું આવ્યું છે. એમાં બીજું કંઈ થતુંજ નથી. આ સર્વ વિચારી આપ શોકને દૂર કરો. વિશેષમાં આપે તો લોકના હિતને ખાતર શાસનભાર સ્વીકારેલો છે, તો આપે શોકમાં આટલા બધા અધીર ન થવું

જોઇએ. પ્રિયનો વિયોગ અને અપ્રિયનો સંયોગ થતાં શોક થાય છે, એ હું જાણું છું; પરંતુ આપ જેવા મહાનુભાવે આટલો બધો શોક કરવો ઉચિત નથી. મૂર્ખ મનુષ્ય શોકમાં વિકળ થયા કરે છે; ધીર તેમજ વિચારશીલ પુરૂષો વિકળ થતા નથી. આપ ધીર તેમજ વિચારશીલ છો તો આપ ધૈર્ય ધારણ કરી શોકને મનમાંથી કાઢી નાખી, હવે રાજકાજમાં ધ્યાન આપો. આપે એ પણ વિચારવું જોઈએ કે આપે પ્રજારંજનને ખાતર સીતાજીનો ત્યાગ કર્યો છે. આર્યાને ઘરમાં રાખવાથી પ્રજા રુષ્ટ થશે, આ શંકાથી આપે દેવીને વનવાસ આપ્યો છે, તો હવે શોક કરવો ઉચિત નથી. આપ તેમનો ત્યાગ કરી શોક, વિલાપ, તેમજ પરિતાપ કરશો તો પ્રજાની શંકા દૂર નહિ થાય. તેથી જે દોષ દૂર કરવાને માટે આપે આ દુષ્કર્મ કર્યું છે, તે દોષ ફરી પણ ઉભોજ રહેશે. સીતાજીનો પરિત્યાગ કર્યો છે તેનું કંઇ પણ ફળ નહિ આવે. આપ એ તો વિચારી જુઓ કે જેટલા દિવસ શોકમાં આપ વ્યાકુલ થઇ રહેશો તેટલા દિવસ રાજકાજ બધું બંધ રહેશે. પ્રજાનાં કાર્યોની દેખરેખ નહિ રાખો તો રાજધર્મનું પાલન નહિ થાય. તેથી આપ લાંબો વિચાર કરી જોશો તો માલૂમ પડશે કે આ સમયે ધૈર્ય રાખવું જોઇએ, શોક અને મોહનો ત્યાગ કરવો જોઈએ. ગઈ વાતને ફરી ફરી યાદ કરવાથી અધિક શોક થાય છે અને શોક કરવો હવે મિથ્યા છે.

લક્ષ્મણજીએ આ પ્રમાણે કહ્યા બાદ શ્રી રામચંદ્રજી કેટલોક સમય શાંત રહી પછી બોલ્યા:—વત્સ! તમારાં ઉપદેશવાક્યો સાંભળી મને ઘણું જ્ઞાન થયું; તમે યથાર્થ કહો છો.

સીતાજીને ત્યાગ કરવાનું નિન્દિત તેમજ અન્યાય ભરેલું કામ મેં કર્યું છે, હવે એને માટે શોક કરવો વૃથા છે. જે પ્રયોજનને લઇ આ કાર્ય કર્યું છે, તે શોક કરવાથી સર્વ માટીમાં જશે અને કર્યું કારવ્યું બધું ધૂળ થઇ જશે. શોકનો તો એ ધર્મ છે કે જેટલો વધારીએ તેટલો તે વધે. શોકયુક્ત મનુષ્યને કર્તવ્ય-કર્મનું જ્ઞાન ન રહેવાથી તેનાથી દુરાચાર થાય છે. એટલા માટે શોકને દૂર કરવા હવે હું પ્રયત્ન કરૂં છું. હું પ્રતિજ્ઞા કરૂં છું કે હવે હું શોકમાં વ્યાકુલ નહિ થાઉં. હવે હું કોઈની પણ આગળ શોકાકુળ નહિ થઈશ. મંત્રીઓને કહી દો કે કાલથી હું યથાવત્ રાજ્ય-કાર્યનું બરાબર નિરીક્ષણ કરીશ, સર્વ રાજકારભારીઓને કહી દો કે સર્વ લોક કાલથી પોતપોતાના કામમાં ઉપસ્થિત થઇ જાય.

આટલું કહી શ્રી રામચંદ્રજી કેટલોક સમય મૌન ધારણ કરી રહ્યા. પછી આંખોમાં આંસુ લાવી કહેવા લાગ્યાઃ-હાય ! રાજત્વમાં પણ કેવું વિષમ દુઃખ રહેલું છે. લોકો શું સુખ ભોગવવાની ઇચ્છાથી રાજ્યાધિકાર ઇચ્છતા હશે, એ સમજાતું નથી. રાજ્ય ગ્રહણ કરી હું મારા જન્મ પર્યંતનું સુખ ખોઇ બેઠો. મહા કઠોરતાથી મેં નિરપરાધિની સીતાને વનવાસ દીધો. હવે એને માટે રોવું એ ઉચિત નથી. રાજત્વ-લાભથી મને ચોખ્ખું જણાઇ આવે છે કે મારામાં સ્નેહ, દયા, મમતા તેમજ મનુષ્યત્વ કંઇ રહ્યું નથી. ભવિષ્યની પ્રજા મને પાપી, રાક્ષસ તેમજ તુચ્છ સમજશે. સર્વ એમ કહ્યા કરશે કે રામ અત્યંત નિર્દય તથા રાક્ષસ હતા.

આટલું કહી શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણને વિદાય કર્યા.

આગલે દિવસે કરેલી પ્રતિજ્ઞા મુજબ રામચંદ્રજી રાજકાર્યમાં ધ્યાન આપવા લાગ્યા. શ્રી રામચંદ્રજી રાજકાર્યની દેખરેખ રાખવા લાગ્યા. તે જોઇ લોક એમ પણ કહેવા લાગ્યા કે રામચંદ્રજી ધીર પુરૂષ છે. તેમણે આટલો ભારે શોક તરતજ દૂર કરી દીધો, પરંતુ તેમના અંતઃકરણમાં પોતાની પ્રિયતમાના વિયોગનું અપાર દુઃખ હતું. એમનું હૃદય શોકાગ્નિથી નિરંતર પ્રજ્વલિત રહેતું હતું. પોતાની નિરપરાધિની પ્રિયાને વનવાસ આપી, શોક તથા ક્ષોભથી તેમનું હૃદય બાણની પેઠે વિંધાવા લાગ્યું. માત્ર પ્રજાની પ્રસન્નતાને ખાતર સીતાજીનો પરિત્યાગ કર્યો હતો, તેટલા માટે પ્રજાવર્ગ રુષ્ટ થઇ જશે એ ભયથી પોતાના હૃદયનો શોક હૃદયમાંજ સમાવી રાખતા હતા. જે સમયે રાજસિંહાસનપર બેસી સ્થિર ચિત્તથી રાજ્યકારભાર ચલાવતા હતા તે વેળાનું એમની ધૈર્ય જોઇ સર્વ પ્રજા કહેતી કે એમના જેવા ધીર પુરૂષ ભૂમંડલમાં બીજા કોઈ નથી. પરન્તુ રાજ્યકાર્યમાંથી નિવૃત થઈ જ્યારે તેઓ પોતાના ભુવનમાં આવતા ત્યારે શોકથી અતિ વ્યાકુલ થઇ જતા. લક્ષ્મણજી તેમની સાથેજ રહેતા હતા એટલે તેઓ તેમને સમજાવ્યા કરતા. પરન્તુ લક્ષ્મણજીના સમજાવવાથી પણ તેમનો શોક શાંત થતો નહોતો, પરંતુ ઉલટો વધ્યા કરતો હતો. તાત્પર્ય કે માત્ર હાહાકાર, અશ્રુમોચન, આત્મનિન્દા તેમજ સીતાજીના ગુણકીર્તનમાં સઘળો સમય વ્યતીત કરતા હતા. આ પ્રમાણે સીતાજીના વિરહ—શોકથી રામચંદ્રજીનું શરીર કૃશ, દુર્બળ, તેમજ નિરૂત્સાહી થઇ ગયું. પ્રજાકાર્ય સિવાય બીજા કાર્યમાં બીલકુલ ઉત્સાહ ન રહ્યો. અહીં આ પ્રમાણે શોક છવાઈ રહ્યો હતો,

અને બીજી તરફ વનમાં સીતાજીએ બે જોડીઆ પુત્રોને જન્મ આપ્યો. મહર્ષિ વાલ્મીકિએ તેમનો જાતકર્માદિ સંસ્કાર વિધિપૂર્વક સમાપ્ત કર્યો અને મોટા પુત્રનું નામ કુશ તથા નાનાનું નામ લવ પાડયું. મુનિઓની કન્યાઓ સીતાજીને પુત્રપ્રાપ્તિ થઈ એ સમાચાર જાણી અત્યંત રાજી થઇ. આખા આશ્રમમાં આનંદ આનંદ થઇ રહ્યો. દુઃસહ પ્રસવવેદનાના કારણથી સીતાજી કેટલોક સમય તો મૂર્છિત થઇ ગયાં હતાં. જ્યારે કેટલાક સમય પછી તેમને ચેતનતા આવી ત્યારે મુનિકન્યાઓ હર્ષાવેશમાં સીતાજીને કહેવા લાગીઃ—જાનકિ! આજે અત્યંત આનંદનો દિવસ છે. ઈશ્વરની કૃપાથી આજે તમને અત્યંત રૂપવાન બે પુત્રોની પ્રાપ્તિ થઇ છે. આ સાંભળી સીતાજીને અત્યંત હર્ષ થયો. પરંતુ કેટલાક સમય બાદ તે શોકસાગરમાં પડી ગયાં અને આંખોમાંથી અશ્રુધારા ચાલવા લાગી. આ જોઇ મુનિકન્યાઓ પૂછવા લાગીઃ—અરે જાનકિ! આ પરમ આનંદના સમયે તમે કેમ શોકમાં ડૂબી ગયાં છો? અત્યંત શોકને લીધે જાનકીજીનો કંઠ પણ રૂંધાઇ ગયો. કેટલોક સમય તો મ્હોંથી તેઓ બોલી પણ ન શકયાં. થોડો સમય વીત્યા બાદ શોકને કમી કરી તેઓ કહેવા લાગ્યાંઃ—પ્યારી બ્હેનો! શું તમને ખબર નથી કે આ પ્રમાણે મને પૂછો છો? પુત્રોત્પત્તિથી અધિક આનંદ આ સંસારમાં સ્ત્રીઓ માટે બીજો કોઈ નથી. એ હું સારી પેઠે જાણું છું. પરંતુ આ મારા પુત્રોનો જન્મ કેવા વિપત્તિ–કાળમાં થયો છે? આવા દુઃખના સમયમાં પુત્રોત્સવનો આનંદ હું કેમ ભોગવી શકું? હાય! મારૂં સર્વ સુખ, સર્વ આનંદ, જીંદગી સુધી પૂરાં થઇ ગયાં છે. જે વખતે લક્ષ્મણજીએ મારા

પરિત્યાગની વાત કરી તે વેળા આ અભાગી ગર્ભ મારા દેહમાં ન હોત તો ગંગામાં પડતું નાખી હું આપઘાત કરત, યા બીજી કોઈ રીતે મારી હત્યા કરી કોઈ પણ રીતે આ અસહ્ય દુઃખમાંથી છૂટકારો કરત. હવે હું સંસારમાં મ્હોં દેખાડવા યોગ્ય પણ નથી રહી! આટલું કહી સીતાજી શોકથી વ્યાકુલ થઈ ગયાં, અને તેમની આંખોમાંથી અશ્રુધારા ચાલવા લાગી. મુનિ-કન્યાઓ આ પ્રમાણે હૃદયવિદારક વિલાપ સાંભળી અત્યંત દુઃખી થઈ. તેઓ પ્રીતિભરેલાં વાકયોમાં કહેવા લાગીઃ–પ્રિય સખિ! શોક દૂર કરો. તમે જે કહો છો તે સર્વ યથાર્થ છે, પરંતુ તમારી આ દશા ચિરકાલ સુધી રહેશે નહિ. રાજા રામચંદ્રને બુદ્ધિભ્રમ થઈ ગયો હતો જેથી તમારી સાથે કર્તવ્યાકર્તવ્યનો વિચાર ન કરી આવું ઘોર કામ કર્યું. આવું કામ કરેલું અમે આજ-સુધીમાં જોયું યા સાંભળ્યું નથી. અમે અમારા પિતાશ્રીના મુખથી સાંભળ્યું છે કે શ્રી રામચંદ્રજી શીઘ્ર આપને પાછાં બોલાવશે. એટલા માટે હવે શોકને દૂર કરો. મુનિકન્યાઓના સમજાવવાથી સીતાજીની આંખમાંથી ઉલટી વધુ અશ્રુધારા ચા-લવા લાગી. આ કારૂણિક દેખાવ જોઇ મુનિ કન્યાઓનાં કોમળ હૃદયો દ્રવીભૂત થઇ ગયાં. એ વખતે તેમણે પણ શોકમાં વ્યાકુળ થઇ આંખમાંથી આંસુ વર્ષાવવા માંડયાં.

એટલામાં બાળક કુમાર રડવા લાગ્યા. સ્નેહ તેમજ મોહની પણ કેવી અદ્ભૂત તેમજ મોહિની શક્તિ છે કે તેમનું રોવું સાંભળી સીતાજી એકદમ પોતાનો શોક ભૂલી ગયાં; તેમને છાના રાખવા તરતજ સીતાજી પ્રેમથી સ્તનપાન કરાવવા લાગ્યાં. બન્ને કુમાર શુકલ પક્ષના ચંદ્રમાની સમાન પ્રતિદિન વૃદ્ધિ પામવા

લાગ્યા અને પોતાની જનનીનાં નેત્ર તેમજ મનના આનંદને વધારવા લાગ્યા. પોતાના પ્રાણ સમાન પુત્રોને જોઇ સીતાજીને અપાર હર્ષ થવા લાગ્યો. જે સમયે તેઓ અર્ધી અર્ધી વાત કરી મા મા કરતા અને મોતી સમાન તેમની દાંતોની ચમકતી હારો જયારે સીતાજી જોતાં, તથા તેમની અર્ધી અર્ધી તોતડી વાત જયારે તેઓ સાંભળતાં તેમજ જયારે તેમને પોતાની છાતી સાથે ચાંપી ચુમ્બી કરતાં ત્યારે એ સીતાજી પોતાનો:સર્વ શોક ભૂલી જતાં હતાં, તેમનું આખું શરીર હર્ષથી પુલકિત થઇ જતું તેમજ બન્ને નેત્રો પ્રેમાશ્રુથી ભરાઇ જતાં હતાં.

જયારે લવ અને કુશ પાંચ વર્ષના થયા ત્યારે મહર્ષિ વાલ્મીકિએ તેમની પાસે વિદ્યારમ્ભ કરાવ્યો. બન્ને કુમારો બહુ બુદ્ધિમાન હતા. થોડા દિવસોમાં તેઓ પોતાની અસાધારણ બુદ્ધિ, સ્મરણશકિત, તેમજ પ્રભાવથી વિધવિધ વિદ્યાઓમાં પ્રવીણ થઇ ગયા. આ પહેલાં વાલ્મીકિજીએ શ્રી રામચંદ્રજીના અલૌકિક જીવન–ચરિત્ર ઉપરથી 'રામાયણ' નામનું એક અ-ભૂત અને વિસ્તૃત પુસ્તક બનાવી રાખ્યું હતું. એ પુસ્તક પહેલ વહેલું તેમનાજ પુત્ર લવ અને કુશને તેમણે શીખવ્યું. થોડા સમયમાંજ તેઓએ રામાયણ કંઠસ્થ કરી લીધું. તે કુ-મારો પોતાની માતાને એ કાવ્ય સંભળાવીને તેનો શોક દૂર કરતા. અગીઆરમેં વર્ષે મહર્ષિએ તેમને યજ્ઞોપવીતસંસ્કાર કર્યો અને ત્યારબાદ વેદાધ્યયન આરમ્ભ કરાવ્યું. એક વર્ષની અંદર તો બન્ને કુમારોએ વેદશાસ્ત્રમાં સરસ વિદ્વતા પ્રાપ્ત કરી લીધી.

ધીરે ધીરે કુશ તેમજ લવ બાર વર્ષની ઉંમરના થયા. ત્યાં સુધી તેમને એ જ્ઞાન ન હતું કે અમો કોના પુત્ર છીએ.

તેઓ પોતાને ઋષિકુમાર તેમજ પોતાની માતાને ઋષિપત્ની સમજ્યા કરતા હતા. વાસ્તવમાં આશ્રમમાં રહેતાં સીતાજીનું જીવન એવા પ્રકારનું હતું કે તેમને સર્વ કોઇ ઋષિપત્નીજ ધારી લે, એટલુંજ નહિ પરંતુ બન્ને કુમારોનો આચાર-વ્યવહાર તેમજ કામ એવા પ્રકારનાં હતાં કે તેઓ ઋષિકુમાર નથી એમ કોઈ ન કહી શકે. સર્વ લોક તેમને ઋષિપુત્રજ માનતા હતા. તેઓ ફક્ત એટલુંજ જાણતા હતા કે સીતાજી અમારાં માતા છે. પરંતુ તેઓ એ ન જાણતા કે એ રાજર્ષિ જનકની પુત્રી તેમજ કોશલાધિપતિ શ્રી રામચંદ્રજીનાં પત્ની છે. વાત એ હતી કે મહર્ષિ વાલ્મીકિજીએ એ સર્વ વાતો છુપાવી રાખી હતી. તેમણે આશ્રમમાં પણ સર્વને કહી રાખ્યું હતું કે ભૂલ-ચૂકમાં પણ કોઈએ એ વાત કુમારોને જણાવવી નહિ. એટલા માટે સીતાજી પણ એ વાત કોઈવાર છેડતાં નહિ. એ કુમારોએ રામાયણ કાવ્યમાંથી શ્રી રામચંદ્રજી અને સીતાજીનું વિશેષ વૃત્તાન્ત બરાબર મ્હોડે રાખ્યું હતું. પરંતુ તેઓ જાણુણતા ન હતા કે આ અમારી માતા સીતાજી એ શ્રી રામચંદ્રજીનાં ધર્મપત્ની છે. તેટલા માટે રામાયણમાંની સર્વ લીલાઓ તેમણે શીખી લીધી છતાં તેઓ પીછાની ન શકયા અને એ પ્રમાણે કેટલોક વખત સુધી પીછાનવાને તેઓ અસમર્થ રહ્યા.

સીતાજીએ સર્વ જગ્યાએથી પોતાનું મન હઠાવી બીજું સર્વ કામ છોડી દઇ અત્યંત સ્નેહથી પોતાના પુત્રોનું લાલનપાલન કર્યું. જયારે બાળપણમાંથી બાળકો યુવાનીમાં આવવા લાગ્યા ત્યારે તેની માતાને લાલનપાલનની આવશ્યકતા ન રહી. એટલા માટે શિશુ-વયમાંથી તેઓ પસાર થઇ ગયા

ત્યારે લાલનપાલનની સર્વ ચિંતા સીતાજીએ છોડી દીધી અને તેઓ નિશ્ચિંત થઇ રહેવા લાગ્યાં. એમ થવાથી સીતાજીનો સર્વ સમય ઋષિપત્નીઓની પેઠે તપસ્યામાંજ જવા લાગ્યો. તેઓ કંઈ પણ સ્વાર્થને સારૂ તપસ્યા કરતાં નહોતાં. તેમની તપસ્યાનો મુખ્ય ઉદ્દેશ એજ હતો કે શ્રી રામચંદ્રજી સર્વદા કુશળ રહે. જો કે શ્રી રામચંદ્રજીએ સીતાજી નિરપરાધી હોવા છતાં તેમને ત્યજી દીધાં હતાં તો પણ સીતાજીના મનમાં પોતાના પતિને માટે એક ક્ષણ પણ બુરી ભાવના પેદા થઈ ન હતી. તેમણે એક પણ વખત પોતાના મન સાથે પોતાના પતિને દોષ દીધો નથી. એમની પ્રીતિ જેવી અયોધ્યામાં હતાં અને હતી તેવીજ કાયમ રહી. તેઓ આવા ઘોર દુઃખસાગરમાં પડેલાં હતાં તેને માટે તેમણે માત્ર પોતાના ભાગ્યનેજ દોષ દીધો છે. આ સર્વ આપત્તિઓને માટે શ્રી રામચંદ્રજીને તેમણે કદી પણ દોષ દીધો નથી. વાસ્તવમાં એટલુંજ કે સીતાજીનામાં જે અપૂર્વ ભક્તિ, શ્રદ્ધા અને પ્રેમ પ્રથમ હતાં, તેમાં લેશ માત્ર પણ અંતર પડ્યો નહિ; અને તેથીજ તે પોતાના પતિની કુશળતા માટે દેવતાઓને પ્રાર્થના કર્યા કરતાં હતાં; એટલુંજ નહિ પરંતુ ‘ આવતા જન્મમાં પણ એમનીજ દાસી થઇને રહું” એમ પ્રાર્થના કરતાં. દિવસ તો તપસ્યામાં તેમજ મુનિકન્યાઓની સાથે વાતચિતમાં ચાલ્યો જતો હતો, પરંતુ એકલાં હોવાના સબબે રાત્રિ પસાર કરવી મહા મુશ્કેલ થઈ પડતી હતી. આખી રાત્રિ તે શ્રી રામચંદ્રજીના સ્મરણમાં અને રોવામાં કાઢતાં હતાં. સીતાજી પતિપરાયણ હતાં અને તે જોતાં કોઈને પણ એવી સંભાવના ન રહેતી કે એને પતિ-

વિરહની વેદના કમી લાગી હશે. સમય વીત્યા બાદ સર્વનો શોક, પછી તે ગમે તેટલો ભારે હોય તો પણ અવશ્ય કમી થઈ જાય છે. પરંતુ સીતાજીનો શોક દિન પ્રતિદિન વધતો જતો હતો. આ પ્રમાણે બાર વર્ષ સુધી શોકસાગરમાં નિમગ્ન રહેવાના પ્રયોજનને લીધે સીતાજીનું સર્વ સૌંદર્ય, સર્વ શોભા તેમજ સર્વ કાન્તિ અશ્રુજળની સાથેજ ચાલી ગઈ. તેમના સમસ્ત રૂપ-લાવણ્યને વિરહાગ્નિએ બાળી ભસ્મ કરી નાખ્યું અને શરીર માત્ર હાડપિંજર જેવું થઇ રહ્યું.

પ્રકરણ ૬ ઠ્ઠું.

રાજા રામચંદ્રજીએ એક વાર અશ્વમેધ યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો અને એ સંકલ્પ તેમણે વસિષ્ઠ, જાબાલિ, કાશ્યપ, વામદેવ આદિ મહર્ષિઓ આગળ પણ પ્રકટ કર્યો. એ સાંભળીને વસિષ્ઠદેવે અતિ પ્રસન્ન થઈ કહ્યું:—મહારાજ ! આપે સરસ વિચાર કર્યો છે. આપ પૃથ્વીના અધીશ્વર છો. આપે અખંડ ભૂમંડલમાં આપનું એકાધિપત્ય એવી રીતે વિસ્તૃત કરી રાખ્યું છે કે જેવું પ્રથમ કોઈ પણ રાજાએ કર્યું ન હતું. આપના રાજ્યમાં પ્રજા ઘણાજ સુખચેનમાં દિવસો વ્યતીત કરે છે. પ્રજાને આટલી સુખી અને સ્વતંત્ર મેં પહેલાં કદી જોઇ ન હતી. રાજ્યભાર લઇ રાજાને જેટલાં કર્તવ્ય કરવાનાં છે તે સર્વ આપ કરી ચૂકયા છો. રાજકર્તવ્યમાં માત્ર અશ્વમેધ કરવો એટલુંજ બાકી રહેલું હતું. આ વખતે એ કાર્ય થઈ જવાથી જે કાર્ય રહી જતું હતું તે પણ પૂર્ણ થશે. એ થઇ

ગયા બાદ બીજી કોઈ વાત રહેશે નહિ. મેં પણ એ વાત-વિષે કેટલાક દિવસ ઉપર વિચાર કર્યો હતો કે મહારાજને અશ્વમેધ કરવાનું હું નિવેદન કરૂં, પરંતુ આપ પોતેજ આપની ઇચ્છા પ્રકટ કરી રહ્યા છો તો એ બહુજ હર્ષની વાત છે. હવે એ વિષયમાં વખત લગાડવો ન જોઇએ, અને યજ્ઞ-કાર્યની તૈયારી માટે સર્વ પ્રબંધ કરી રાખવો જોઇએ.

વસિષ્ઠજી કહી રહ્યા બાદ, નજીકમાંજ બેઠેલા લઘુ બંધુ-ઓને શ્રી રામચંદ્રજીએ પૂછ્યું:–વત્સગણ ! ગુરૂજી મહારાજે જે કહ્યું, તે સર્વ તમોએ સાંભળ્યું ? હવે તમે પણ પોતપોતાની સંમતિ જાહેર કરો કે એ વિષયમાં શું કરવું જોઇએ ? તમારી સંમતિ મળ્યા બાદજ એ કાર્ય કરવામાં આવશે. સર્વ ભાઇઓ આજ્ઞાનુવર્તી હતા. સાંભળતાંની સાથેજ તેઓએ પોત-પોતાની સંમતિ જાહેર કરી દીધી. તેઓએ પણ એ ઠરાવને અનુમોદન આપી દીધું. ભાઈઓની પણ અનુકૂળ સંમતિ જોઇને શ્રી રામચંદ્રજીએ વસિષ્ઠજીને કહ્યું:–ભગવન્ ! જ્યારે આપ સર્વ મારી આ વાતને અનુમોદન આપો છો તો અવશ્ય એ કર્તવ્ય મારે કરવુંજ જોઇએ. હવે મારી ઇચ્છા એ છે કે નૈમિષારણ્યમાં આ કાર્યનો આરંભ થાય. નૈમિષારણ્ય ક્ષેત્ર પરમ પવિત્ર છે. યજ્ઞને માટે એ ઉત્તમ સ્થાન છે. એ વિષયમાં આપની શું સંમતિ છે? વસિષ્ઠજીએ પણ યજ્ઞને માટે એજ સ્થાન ઉત્તમ છે એમ દર્શાવ્યું.

ત્યાર પછી શ્રી રામચંદ્રજીએ લઘુ બંધુઓને કહ્યું:–જુઓ, હવે વખત ગુમાવવો ન જોઇએ. તમો યજ્ઞની શીઘ્ર તૈયારી કરો. સર્વ રાજાઓને નિમંત્રણ મોકલો. અમુક દિવસ મુકરર કરી

પછી તે વિષે નગરનિવાસી તેમજ રાષ્ટ્રવાસી સર્વને આ સમાચારની સૂચના આપવી જોઇએ. લંકાના યુદ્ધમાં ભારે સહાયતા કરનારા મિત્રોને પણ ભારે સન્માનપૂર્વક બોલાવવા જોઈએ. તેઓ અમારા પ્રિય બંધુ છે. તેઓએ અમારે માટે બહુજ દુઃખો ખમ્યાં છે. તેઓના આવવાથી મને અપાર હર્ષ થશે. ત્યાર બાદ સર્વ ઋષિઓને આમંત્રણ મોકલો. તેઓના પધારવાથી હું મને ભાગ્યશાળી સમજીશ. ભરત! તમે નૈમિષ-ક્ષેત્રમાં જાઓ અને યજ્ઞને માટે ભૂમિ નિર્માણ કરી આવો. લક્ષ્મણ, યજ્ઞ સંબંધી સમસ્ત સામગ્રીઓ તૈયાર કરી તમે ત્યાં જલદી પહોંચાડો. જુઓ, યજ્ઞોત્સવ જોવાને માટે ત્યાં મહાન જન-સમુદાય એકત્ર થશે. એટલા વાસ્તે જે જે આવશ્યક વસ્તુઓની જરૂર પડે તે તે સર્વ ત્યાં પહોંચાડી દો. તમને સર્વની માહિતી છે એટલે મારે તમને અધિક ઉપદેશ આપવાની જરૂર નથી.

જ્યારે આ પ્રમાણે કહી શ્રી રામચંદ્રજી ચૂપ રહી ગયા ત્યારે વસિષ્ઠદેવે કહ્યું:–મહારાજ! સર્વ પ્રબંધ તો બરાબર થઇ જશે. પરંતુ હું એક વાતની આમાં ખોટ જોઉં છું. એક વાત અવશ્ય અધુરી રહી જશે. ત્યારે શ્રી રામચંદ્રજીએ કહ્યું:–મહા-રાજ! કહો. આપ શી ખોટ જુઓ છો? જે વાત હોય તે કહો. વસિષ્ઠજીએ કહ્યું:–મહારાજ! શાસ્ત્રકારોનું વચન છે કે સ્ત્રી–ધર્મ-પત્ની સિવાય ધર્મકાર્યની સ્થાપના થઈ શકતી નથી, એ વિષયમાં તમે શો વિચાર કર્યો છે? આ સાંભળતાંજ રામચંદ્રજીનું મુખ-મંડળ ફીકું પડી ગયું, અને આંખમાંથી અશ્રુ પડવા લાગ્યાં. થોડો સમય નીચી દૃષ્ટિ રાખી ચૂપ બેસી રહ્યા. પછી આંખો લુછી શોકના વેગને દબાવી તેઓ બોલ્યા:–ભગવન્! એ વાતનો

મને અત્યારસુધી વિચાર ન હતો. હવે શું કરવું જોઇએ તે આપજ જણાવો. વસિષ્ઠદેવ, લાંબા સમય સુધી એકાગ્ર ચિત્ત થઇ વિચારમાં બેઠા. થોડો સમય વીત્યાબાદ વિચારીને તેમણે કહ્યું:-મહારાજ ! બીજો વિવાહ કર્યા સિવાય મારી સમજમાં બીજો કોઈ ઉપાય આવતો નથી. આપ બીજું લગ્ન કરી યજ્ઞ-કાર્યનો આરંભ કરી શકો છો. અન્ય કંઇ કરી શકતા નથી. વસિષ્ઠની વાત સાંભળી સર્વ લોક ચૂપ થઈ ગયા. કોઇ કંઈ પણ બોલ્યું નહિ. શ્રી રામચંદ્રજી મહારાજ સીતાજીને પ્રાણથી પણ પ્યારાં સમજતા હતા. લોકનિંદાના ડરથી તેઓ સીતા-જીનો પરિત્યાગ કરી જીવતાં મુઆ જેવા થઇ રહ્યા હતા. શ્રી રામચંદ્રજીના જેવોજ શુદ્ધ પ્રેમ તેમજ સ્નેહ સીતાજીનામાં પણ હંમેશાં હતો. તેમાં અત્યાર સુધી કાંઈ પણ ભેદ પડયો ન હતો. સીતાજીની મોહિની મૂર્તિ પ્રથમનીજ માફક આજ દિન પણ રાત્રિ-દિવસ તેમના હ્રદયમાં જાગ્રત થઈ રહી છે. આ સર્વ વાતો જોઇ કોઇ અનુમાન પણ કરી નહોતું શકતું કે શ્રી રામ-ચંદ્રજી વસિષ્ઠજીએ બીજીવાર લગ્ન કરવાના દર્શાવેલા વિચાર સાથે સમ્મત થશે કે કેમ? વસિષ્ઠજીએ બીજીવાર લગ્ન કરવા શ્રી રામચંદ્રજીને ઘણું કહ્યું પરંતુ તેમણે વસિષ્ઠની વાતને ન સ્વીકારી. બીજું લગ્ન કરવા તેઓ તૈયાર ન થયા. વાત તો એ હતી કે શ્રી રામચંદ્રજી એક પત્નીવ્રત પાળતા હતા. તેઓ બીજો વિવાહ કરવાનું ઉચિત સમજતા નહોતા. છેવટે વાદ-વિવાદ થતાં એ નિશ્ચય થયો કે સીતાજીની સોનાની મૂર્તિ બનાવી તેની સાથે યજ્ઞનો આરંભ કરવો, અને એ વિચાર અન્તમાં સર્વેએ માન્ય રાખ્યો.

એ પ્રમાણે સર્વ વાત નક્કી કરી સૌથી પહેલા ભરતજી નૈમિષારણ્ય ક્ષેત્રમાં ગયા. ત્યાં જઈ યજ્ઞને માટે ભૂમિ બરાબર સાફ કરાવી સર્વ પ્રાંતના રહેવાસીઓને માટે અલગ અલગ બેસવાનાં ઉચિત સ્થાન બનાવ્યાં. લક્ષ્મણજીએ પણ ખાવાપીવાનો સર્વ સામાન, બીછાનાં આદિ આવશ્યક સામગ્રી તરતજ ત્યાં પહોંચાડી દીધી, અને ત્યારબાદ શ્રી રામચંદ્રજીએ યજ્ઞનો ઘોડો છૂટો મૂકી દીધો. તેની રક્ષા કરવાને વાસ્તે લક્ષ્મણજીને મોકલવામાં આવ્યા. એટલું કરી તેઓ પોતાની માતાઓ તથા અન્ય કુટુંબી જનોને લઈ નૈમિષારણ્ય ક્ષેત્ર તરફ જવા ઉપડી ગયા.

થોડા દિવસ બાદ આમંત્રેલા લોકોનો સમુદાય આવવા લાગ્યો. સેંકડો નરપતિઓ કીંમતી પોશાક ધારણ કરી પોતાના ઇષ્ટ મિત્રોને સાથે લઇ આવવા લાગ્યા. તેઓની સાથે તેમના સેંકડો સેવકો પણ આવ્યા. સહસ્રો ઋષિ-મુનિઓ યજ્ઞોત્સવ જોવા સારૂ આવી પહોંચ્યા અને ઉત્સવની શોભા વધારવા લાગ્યા. અસંખ્ય નરનારીઓ-નગર નિવાસી-તેમજ રાષ્ટ્રવાસીઓ સર્વે નૈમિષારણ્યમાં આવી એકત્ર થવા લાગ્યાં. ભરત તેમજ શત્રુઘ્ન સર્વ નરપતિઓનો સત્કાર કરતા હતા. વિભિષણ ઋષિ મુનિઓનો આદરસત્કાર કરવા લાગ્યા. તેમજ સર્વની સંભાળ રાખવાનું કાર્ય શ્રી રામચંદ્રજીના પરમ પ્રિય મિત્ર સુગ્રીવે માથે લીધું.

અહીં તો યજ્ઞોત્સવની સર્વ યોજનાઓ ધામધૂમપૂર્વક ચાલી રહી છે. હવે પેલી તરફ કુશ તથા લવની બાર વર્ષની ઉંમર થઈ ગએલી હોવાથી તેમજ સીતાજીની અતિ શોચનીય દશા જોઈ મહર્ષિ વાલ્મીકિજીના મનમાં ભારે ચિન્તા થવા લાગી.

તેઓ વિચારવા લાગ્યા, કે હવે જો વધુ દિવસો સુધી સીતાજીની આવી દશા રહેશે તો તેઓ જીવી શકશે નહિ. તેમજ રાજાધિરાજના પુત્ર હોઇ કુશ તથા લવ જંગલમાં નિવાસ કરી રહે એ પણ ઠીક નહિ. એમને ધનુર્વિદ્યા તથા રાજધર્મ શીખવાનો સમય પણ આવી રહ્યો છે. એટલા વાસ્તે જલદી કોઈ એવો ઉપાય શોધી કાઢવો જોઇએ કે પુત્રો તથા સીતાજીને શ્રી રામચંદ્રજી બોલાવી લે. બીજા ઉપાયો શોધવાથી શું થવાનું છે? કોઈ પણ શિષ્યને રામચંદ્રજી પાસે મોકલી તેમને અહીં બોલાવું અગર હુંજ આ બધાંને સાથે લઈ જઇ રામચંદ્રજી પાસે જઈ તેમને રાખવાની પ્રાર્થના કરૂં. મને આશા છે કે રામચંદ્રજી અવશ્ય મારૂં કથન માન્ય રાખશે. આ પ્રમાણે મનમાં અનેક વિચારો કરતા ઋષિજી ચિંતા કરવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યાઃ–રામચંદ્રજી બહુજ લોકપ્રિય છે, પ્રજા વર્ગની પ્રસન્નતાનાં કામ કરવામાં તેમને બહુજ સ્નેહ છે. પ્રજા રંજનનેજ વાસ્તે એમણે પૂર્ણ ગર્ભાવસ્થામાં નિરપરાધિની સીતાજીને ઘરમાંથી કાઢી મૂકયાં. એ સર્વ વાતો જોતાં મને સંદેહ છે કે એ મારી વાત માનશે નહિ. જે થાય તે ખરૂં પણ આ સર્વ વિચારી ચૂપ બેસી રહેવું ઉચિત નથી. આ બન્ને બાળકો ભવિષ્યમાં ગાદીએ બેસશે અને આ સમયે પિતાની પાસે જઈ જ્યાં સુધી નીતિશાસ્ત્ર અને રાજકાજના કાર્યની શિક્ષા ન લે ત્યાંસુધી એ બાળકો ચતુર થશે નહિ અને એવું હોવાથી રાજા રામચંદ્રજી કદાચ મને પણ દોષિત ઠરાવે તથા એમ સમજવા લાગે કે મેં કોશલ રાજ્યનું હિત સાધન ન કર્યું. એટલા માટે એ બાબત વધુ વિચાર કરવો વ્યર્થ છે. રામચંદ્રજીની

પાસે આ સર્વ સમાચાર મોકલવા એજ ઠીક છે. અથવા તો એ વિષયમાં પ્રથમ લક્ષ્મણ અને વસિષ્ઠની સંમતિ લેવી જોઇએ અને જોવું જોઇએ કે તેઓ શું કહે છે.

એક દિવસ સાયંકાળના વખતે સંધ્યા તેમજ અગ્નિહોત્ર કરી વાલ્મીકિજી આસનપર બેઠા હતા અને એજ ચિન્તામાં નિમગ્ન હતા એટલામાં અયોધ્યાથી એક રાજદૂત પત્ર લઇને આવ્યો અને મહર્ષિના હાથમાં તે મૂક્યો. એ પત્ર શ્રી રામચંદ્રજીએ મોકલ્યો હતો. અશ્વમેધ યજ્ઞનું તેમાં નિમંત્રણ હતું. મહર્ષિ પત્ર વાંચી અતિ પ્રસન્ન થયા અને દૂતને વિશ્રામ સ્થાનમાં જવાની આજ્ઞા આપી. શિષ્યોએ તેના ખાવાપીવાનો સર્વ બંદોબસ્ત કર્યો. મહર્ષિ મનમાં કહેવા લાગ્યાઃ—જે વાતને માટે હું ભારે ચિન્તા કરી રહ્યો હતો તેજ વાતને માટે દૈવે કૃપા કરીને સંજોગ આણ્યો છે. હવે પ્રાર્થના સિવાય કામ સિદ્ધ થઇ જશે. કુશ અને લવને બીજા શિષ્યોની સાથે ત્યાં લઇ જઇશ. રામચંદ્રજીની તથા કુમારોની સુરત જોઇ સર્વ લોક પણ સમજી જશે કે એ રામચંદ્રજીના પુત્રો છે. રામચંદ્રજી પોતે પણ પુત્રોને જોઇ અવશ્ય મોહથી દ્રવીભૂત થઇ જશે એટલે આપણું સર્વ કામ સિદ્ધ થઇ જશે.

મનમાં આ મુજબ નિશ્ચય કરીને મહર્ષિ વાલ્મીકિજી સીતાજીની ઝુંપડીમાં ગયા. ત્યાં જઇ કહેવા લાગ્યાઃ—વત્સે ! રાજા રામચંદ્રજીએ અશ્વમેધ યજ્ઞ કરવાનો આરંભ કર્યો છે અને મને આ આમંત્રણ મોકલ્યું છે. કાલે સવારમાં ત્યાં જઇશું. મારા મનમાં એમ છે કે મારા શિષ્યોની સાથે તમારા બન્ને પુત્રોને પણ સાથે લઇ જાઉં. આ સાંભળતાંની સાથેજ સીતાજીએ પોતાની

અનુમતિ આપી. ત્યાર બાદ મહર્ષિ પોતાની પર્ણકુટીમાં ગયા અને સર્વ શિષ્યોને બોલાવી તેમની આગળ આમંત્રણપત્ર વાંચ્યું. લવ અને કુશને બોલાવી કહ્યું, કે આજ સુધીમાં તમે લોકોએ કોઇ પણ શહેર જોયું નથી. રામાયણ કાવ્યના નાયક રાજા રામચંદ્રજી અશ્વમેધ યજ્ઞ કરે છે, મારી ઇચ્છા છે કે હુ તમને પણ સાથે લઇ જાઉં. યજ્ઞ–દર્શન સાથે સાથે તમને રાજાનાં દર્શન પણ થઈ જશે. ત્યાં અનેક લોકોને જોઇ તમે લૌકિક વૃતાંત્ત પણ જાણી શકશો.

એ બન્ને કુમારોએ રામાયણમાંથી શ્રી રામચંદ્રજીની અલૌકિક કીર્તિ વાંચી મ્હોડે કરી રાખી હતી અને શ્રી રામચંદ્રજીને એ મહા પુરૂષ સમજી તેઓ તેમના પ્રત્યે ભક્તિભાવ તથા શ્રદ્ધા રાખતા હતા. એ રામચંદ્રજીના પ્રત્યક્ષ દર્શન થશે એ જાણીને તેમના આનંદનો પાર ન રહ્યો. યજ્ઞ તેમજ તેમાં પધારેલાં નરનારી આદિને જોવાની પ્રબળ ઇચ્છાથી તેમનાં હ્રદય આનંદ સાગરમાં ઉછળવા લાગ્યાં.

વાલ્મીકિજીના મુખેથી પોતાના સ્વામી શ્રી રામચંદ્રજીનું નામ સાંભળી સીતાજી શોકાગ્નિમાં પ્રજ્વલીત થવા લાગ્યાં અને તેમની આંખોમાંથી અશ્રુધારા ચાલવા લાગી. થોડા સમય બાદ સીતાજીના શરીરમાં વિજળી પેસી ગઇ હોય તેમ ચમક થઈ. તેમનો ભાવ એકદમ બદલાઇ ગયો. તેમને વિશ્વાસ હતો કે શ્રી રામચંદ્રજીનો મારાપર અપાર પ્રેમ છે. તેમજ તેઓ પણ નિશ્ચયપૂર્વક સમજતાં હતાં કે રામચંદ્રજીએ અવશ થઇને મારો ત્યાગ કરેલો છે. પરંતુ યજ્ઞારંભની વાત સાંભળી સીતાજીના મનમાં એ વિશ્વાસ બેસી ગયો કે અવશ્ય તેમણે હવે બીજી વાર લગ્ન

કર્યું હશે. કારણ કે તેમને ખબર હતી કે સ્ત્રી સિવાય યજ્ઞ થઈ શકતો નથી. આ વિચારથી સીતાજીના અંતઃકરણમાં પ્રાણ નીકળી જવાની માફક દુઃખ થયું. એક તો વિના પ્રયોજને ત્યાગ કરવાથી સીતાજીને અત્યંત શોક થયોજ હતો, તેમાં વળી ફરીવાર લગ્ન કર્યો હશે એવી ધારણાથી તેમના દુઃખની સીમાજ ન રહી. અકારણ ત્યાગ કર્યો હતો છતાં સીતાજીના દિલમાં એમ હતું કે તેમણે પ્રજારંજનને વાસ્તે આ કાર્ય કર્યું છે. એ જાણી ધૈર્ય રાખતાં હતાં અને માનતાં હતાં કે તેમના દિલમાં મારે માટે સ્નેહ, પ્રીતિ, દયા, તેમજ મમતા સર્વ પુર્વવત્ છે અને એ વિશ્વાસથી તેમણે ધૈર્ય ખોયું ન હતું. પરંતુ હવે એ વિશ્વાસ ન રહ્યો. તેમના મનમાં નિશ્ચય થઇ ગયો કે શ્રી રામચંદ્રજી મારા પ્રત્યે પહેલાં જે અલૌકિક સ્નેહ તેમજ અનુરાગ રાખતા હતા તે હવે નથી.

સીતાજી આ પ્રમાણે તર્ક વિતર્ક કરી પોતાના મનમાં ચિન્તા કરી રહ્યાં હતાં એટલામાં કુશ અને લવ ત્યાં આવીને કહેવા લાગ્યાઃ—માતાજી ! આજ મહર્ષિએ કહ્યું છે કે કાલ તમને પણ રાજા રામચંદ્રજીનો અશ્વમેધ યજ્ઞ જોવા લઈ જઇશું. જે દૂત અયોધ્યાથી નિમંત્રણ પત્ર લઈ આવેલો છે, તેની પાસે જઇ રામચંદ્રજી વિષે મેં ઘણી વાત પૂછી જાણી લીધું છે. અમે જોઇએ છીએ કે રામચંદ્રજીનું સર્વ કામ બહુ અલૌકિક હોય છે. પરંતુ માતાજી એક વાતથી મને બહુ મોહ થાય છે. રામાયણ ભણવાથી તેમના પ્રત્યે જે ભક્તિ હતી તેથી આ વખતે સહસ્ર ઘણી વધી ગઇ છે. વાતો વાતોમાં મેં સાંભળ્યું છે કે એમણે પ્રજા-રંજન વાસ્તે પોતાની પ્રિય રાણીને ઘરમાંથી કાઢી

મૂકી છે. એ સાંભળી મેં પૂછયું કે જ્યારે તેમણે પોતાની પ્રિય રાણીને કાઢી મૂકી છે તો તેઓ યજ્ઞ કાર્ય કેવી રીતે કરશે ? ત્યારે તે દૂતે જણાવ્યું કે તેમના ગુરૂ વસિષ્ઠજીએ બીજી સ્ત્રી કરવા તેમને અત્યંત આગ્રહ કર્યો હતો પરંતુ રામચંદ્રજી બીજી સ્ત્રી કરવા તૈયાર ન થયા અને યજ્ઞ કાર્ય માટે તેમણે સીતાની સોનાની મૂર્તિ બનાવરાવી છે અને એ સોનાની મૂર્તિદ્વારા યજ્ઞ કાર્યનો આરંભ કરશે. જુઓ, માતાજી ! એ રામચંદ્રજી જેવા કોઇ પણ નરેશ આ ભૂમંડળમાં હશે ખરા ? જેવી રીતે તેઓ રાજધર્મનું પાલન કરે છે તેવીજ રીતે દામ્પત્ય પ્રેમને પણ નીભાવી જાણે છે. અમે ઇતિહાસ ગ્રંથોમાં અનેક રાજાઓ તેમજ મહાપુરૂષોના વૃત્તાંત શીખ્યા છીએ પરંતુ કોઇ પણ રાજા રામચંદ્રજી જેવા તો નથીજ જાણ્યા. પ્રજાની પ્રસન્નતા વાસ્તે પરમ પ્રિય રાણીનો ત્યાગ કરી દેવો, અને પછી જીદંગી સુધી બીજી પત્ની ન કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરવી એ બન્ને કાર્યો પ્રશંસનીય છે. આવું તો અમે કદી જોયું નથી યા સાંભળ્યું નથી. જે હોય તે, પરંતુ માતાજી, જ્યારથી અમે રામાયણ શીખ્યા હતા ત્યારથીજ એ રામચંદ્રજીનાં પ્રત્યક્ષ દર્શન કરવાની ઇચ્છા થઇ હતી એટલે આ સમયે એ ઇચ્છા પૂર્ણ કરવાનો સરસ સુયોગ મળ્યો છે. આપ આજ્ઞા આપો તો અમે મહર્ષિજીની સાથે જઈ રામચંદ્રજીનાં દર્શન કરીએ. સીતાજીએ જવાની આજ્ઞા આપી. માતાજીની આજ્ઞા મેળવી બંને સહોદર ભાઇઓ મહર્ષિની પાસે ગયા.

શ્રી રામચંદ્રજીએ બીજી વાર વિવાહ કર્યા હશે એવી આશંકા કરી સીતાજીના હૃદયમાં જે વિષમ વેદના થઇ રહી હતી

અને એજ ચિંતાને લીધે સીતાજીનું આખું શરીર બળ્યા કરતું હતું તે સર્વ તેમણે જ્યારે સુવર્ણ-મૂર્તિની વાત સાંભળી ત્યારે એકદમ દૂર થઈ ગયું. તેમજ શોક પણ ઘણો ખરો ઘટી ગયો. આ સમયે હર્ષનેલીધે સીતાજીના નેત્રોમાંથી હર્ષાશ્રુ નીકળવા લાગ્યાં અને જે ક્ષોભ થયો હતો તે સર્વ દૂર થઈ ગયો તથા હૃદયમાં અનુપમ સૌભાગ્ય ગર્વનો ઉદય થયો.

બીજે દિવસ પ્રાતઃકાળ થતાંજ લવ અને કુશ તેમજ બીજા શિષ્યોને સાથે લઇ મહર્ષિ નૈમિષક્ષેત્ર તરફ પ્રયાણ કરી ગયા. બીજે દિવસે મધ્યાન્હકાળે તેઓ ત્યાં પહોંચી ગયા. વસિષ્ઠ-દેવ વાલ્મીકિજીને તેમના શિષ્યોની સાથે પોતાના આશ્રમપર બોલાવી લઇ ગયા. દૂરથીજ શ્રી રામચંદ્રજીનાં દર્શન કરી લવ અને કુશનાં દીલ આનંદ પામ્યાં. તેમને જોઈ તેઓ એક બીજા સાથે વાત કરવા લાગ્યાઃ-જુઓ ભાઈ! રામાયણમાં આપણે જેવી કીર્તિ વાંચી હતી તેવાજ એ સાક્ષાત્ અલૌકિક ગુણોની મૂર્તિ છે. જોઇ લો, એઓ અલૌકિક સદ્ગુણોના એક આધાર માત્ર છે. એમનામાં જેવો સૌમ્યભાવ છે તેવુંજ ગાંભીર્ય પણ છે. જેવી રીતે આપણા ગુરુજી અલૌકિક કવિત્વ-શક્તિ-સંપન્ન છે તેજ પ્રમાણે એઓ અલૌકિક સદ્ગુણોના એક મંદિર રૂપ છે. શું કહીએ ? રાજા રામચંદ્રજીના અલૌકિક ગુણોનું કીર્તિગાન કરીને ગુરુદેવે પોતાની કવિત્વ શક્તિને સાર્થક કરી લીધી છે. ગુરુજીની કવિત્વ-શકિત પણ સર્વોત્તમ અને કથાના નાયક પણ મહાપુરુષ સર્વોત્તમ ! આજે આપણાં નેત્રો સફળ થયાં છે.

ધીરે ધીરે જ્યારે સર્વ નિમંત્રિત જનો ત્યાં આવી ગયા ત્યારે યોગ્ય સમયે યજ્ઞનો આરંભ થયોઃ-કેટલાઓ દીન, દરિદ્રિ

પોતપોતાની પ્રાર્થના કરતા યજ્ઞક્ષેત્રમાં આવી ઉપસ્થિત થયા. શ્રી રામચંદ્રજી તેવાઓને મન માન્યું દાન આપવા લાગ્યા. અન્નની અપેક્ષાવાળાને અન્ન, ધનની ઇચ્છાવાળાને ધન, અને ભૂમિની ઇચ્છાવાળાને ભૂમિનાં દાન આપ્યાં. સારાંશ કે જે અભિલાષથી જે આદમી ત્યાં ગયા હતા તેમના તે તે અભિલાષો તત્ક્ષણ પૂરા કરવામાં આવ્યા. સર્વ પ્રેક્ષકો મનોહર પોશાકમાં હાજર રહેલા હતા, સર્વનાં મુખારવિન્દ આમોદ-પ્રમોદથી ખીલતાં હતાં. કોઈનું પણ મુખારવિન્દ મલિન ન હતું. ત્યાં જે જે મહાન રાજાઓ અને મહર્ષિઓ આવ્યા હતા તેઓ કહેવા લાગ્યા કે અમે આવો યજ્ઞ આજ સુધી કોઈ પણ જગ્યાએ જોયો ન હતો. ભૂતકાળની વાત જાણનારાઓ પણ એમજ કહેતા હતા કે કોઈ પણ રાજાએ આવી સમૃદ્ધિ તથા ધામધૂમથી પૂર્ણ યજ્ઞ કર્યો ન હતો. રાજા રામચંદ્રનાં સર્વ કાર્યો અદ્ભુત તથા અનુપમજ હોય છે.

આ પ્રમાણે પ્રતિદિન ભારે ધામધૂમથી યજ્ઞ કાર્ય ચાલવા લાગ્યું. ત્યાં આવેલા સર્વે લોકો એકઠા થઇ યજ્ઞોત્સવનાં દર્શન કરવા લાગ્યા.

પ્રકરણ ૭ મું.

એક દિવસ મહર્ષિ વાલ્મીકિજી વિચારવા લાગ્યા કે, આટલા દિવસ મેં માત્ર યજ્ઞ જોવામાંજ કાઢી નાખ્યા. જે મનોરથ કર્યો હતો તેની સિદ્ધિને માટે કોઈ પણ ઉપાય લીધો નહિ. લવ અને કુશને રામચંદ્રજીની દૃષ્ટિ પાસે કેવી રીતે લાવું? એક દિવસ એ બન્ને સહોદર ભાઇઓને લઇ રાજસભામાં જવું જોઇએ.

અગર તો કોઈ પણ રીતે શ્રી રામચંદ્રજીને અહીં બોલાવી લાવવા જોઇએ. યા તો એકાન્તમાં આ સર્વ વાત તેમને કહી દેવી જોઇએ અને કુશ તથા લવને બતાવી સીતાને પાછાં ગ્રહણ કરવા કહેવું જોઇએ. આ પ્રમાણે તર્ક વિતર્ક કરી મહર્ષિએ નિશ્ચય કર્યો કે રામચંદ્રજી સમક્ષ રામાયણ કાવ્ય બન્ને કુમારો પાસે ગવડાવવું જોઇએ. જયારે સ્થળે સ્થળે એઓ ગાન કરતા જશે ત્યારે રાજાના જોવામાં પણ આવી જશે. પછી પોતાનું ચરિત્ર સાંભળી તેઓ એમને પોતાની પાસે બોલાવશે અને એમ થશે એટલે એની મેળે કાર્ય થઈ જશે.

એમ ધારી વાલ્મીકિજીએ કુશ અને લવને પાસે બોલાવી તેઓને કહ્યું:-વત્સો ! લવ તથા કુશ, હવે તમારે વીણાની સાથે રામાયણ કાવ્ય ગાવું જોઇશે. તમો બન્ને ભાઇઓ પ્રસન્નતાપૂર્વક સુંદર સ્વરે ઋષિ મંડળી આગળ તેમજ રાજાઓના તંબુઓમાં, પુરવાસી તથા રાષ્ટ્રવાસી સજ્જનોના તંબુઓમાં, જઇને ગાઈ સંભળાવો. એક દિન નહિ પરંતુ દરરોજ જઇને સંભળાવો. વળી જો રાજા તમને બોલાવી સાંભળવાની ઇચ્છા કરે તો તમારે તરતજ ગાવાનું શરૂ કરી દેવું. રાજા સમક્ષ જેટલો વખત રહો તેટલો વખત ત્યાં કોઇ તરેહની કુચેષ્ટા ન કરવી. રાજા સર્વના પિતા છે. એટલા માટે તેની સામે તમારે પુત્રની માફક વર્તવું અને જો તમારૂં સંગીત સાંભળી રાજા પ્રસન્ન થાય તથા કંઈ ધન આપે તો તમારે તે સ્વીકારવું નહિ. નમ્રતા તેમજ ભક્તિપૂર્વક નિર્લોભતા જાહેર કરી ધન લેવાની તમારી અનિચ્છા પ્રગટ કરવી. તેઓને કહેવું કે મહારાજ ! અમે વનવાસી છીએ. તપોવનમાં રહી વનનાં ફળ, મૂળ દ્વારા અમારો

નિર્વાહ કરીએ છીએ. અમારે ધનનું શું પ્રયોજન ? અને રાજા તમારો પરિચય જાણવા માગે તેમજ સર્વ વૃત્તાંત પૂછવા લાગે તો તમારે માત્ર એટલુંજ કહી દેવું કે અમે વાલ્મીકિજીના શિષ્યો છીએ.

આ પ્રમાણેનો આદેશ અને ઉપદેશ આપી મહર્ષિ વાલ્મીકિજી ચૂપ રહી ગયા, અને બંને કુમારોએ તેમની આજ્ઞા શિરપર ચઢાવી, હાથમાં વીણા લઈ જૂદી જૂદી જગ્યાએ રામાયણ કાવ્ય ગાવાનું શરૂ કરી દીધું. જે જે સાંભળતા હતા તેઓ મોહિત થઈ જતા હતા અને નિશ્ચેષ્ઠ ભાવથી આંખોમાંથી અશ્રુધારા વહેવરાવતા હતા. એવું થવુંજ જોઇએ કારણ કે પ્રથમ તો શ્રી રામચંદ્રજીનું પરમ પવિત્ર અને અદ્‌ભુત ચરિત્ર, બીજું મહર્ષિ વાલ્મીકિજીની અનુપમ રચના પદ્ધતિનો ચમત્કાર, અને ત્રીજું કુશ તથા લવનું રૂપ લાવણ્ય, જે જોતાંજ જોનાર માણુસ મોહિત થઈ જતા હતા; અને એ બધું છતાં તેમનો સ્વર એટલો મધુર હતો કે તેમની સામે કોયલનો સ્વર પણ નિરસ લાગે. ચોથું વીણા વગાડવામાં તેઓ એટલા પ્રવીણ હતા કે એવા વગાડવાવાળા કોઈએ જોયા નહતા. ત્યાં કોઈ પણ માણુસ એવો ન રહ્યો હતો કે જેને આ રામાયણ સાંભળી અપૂર્વ આનંદ પ્રાપ્ત ન થયો હોય.

થોડા સમય બાદ કેટલાક માણુસો શ્રી રામચંદ્રજી સમીપ જઈ કહેવા લાગ્યાઃ—મહારાજ ! બે સુંદર ઋષિકુમાર વીણા વાજીંત્ર સાથે આપના ચરિત્રનું ગાન કરે છે. જે સાંભળે તે મોહયુક્ત થઇ જાય છે. આપે પણ કદી એવું મધુર ગાયન નહિ સાંભળ્યું હોય. તેઓ બંને જોડીયા ભાઇ છે. મહારાજ ! એ

છોકરાઓના જેવું સૌંદર્ય અમે કોઈનું પણ જોયું નથી. સ્વરની મધુરતાની તો વાતજ ન પૂછવી, કિન્નર પણ સાંભળીને લજ્જિત થઈ જાય. તેઓ એ કાવ્ય ગાઈ સંભળાવે છે તે નથી ખબર કે કોણે રચ્યું છે? પરંતુ એવી અદ્‌ભુત પૂર્ણ, લલિત, તેમજ મનોહર રચના અમે પહેલાં કદી જોઈ કે સાંભળી નથી. મહારાજ! અમારી એજ પ્રાર્થના છે કે આપ તેમને બોલાવો, અને રાજસભામાં તેમનું ગાન સાંભળો. આપ તેમને જોઇને તેમજ તેમનું ગાવું સાંભળી મોહિત થઈ જશો. એમાં સંદેહ નથી.

આ વાત સાંભળીને શ્રી રામચંદ્રજીના અંતઃકરણમાં તેમનું ગાન સાંભળવાની પ્રબલ ઇચ્છા થઈ. તેમણે તે કુમારોને બોલાવવા એક બ્રાહ્મણને મોકલ્યો. રાજાએ બોલાવવા મોકલ્યા છે એ સમાચાર મળતાંજ બંને ભાઇઓ અતિ નમ્રતાપૂર્વક રાજસભામાં આવ્યા. એ બંને કુમારોને જોતાંજ શ્રી રામચંદ્રજીના દિલમાં એક અનિર્વચનીય તથા અપૂર્વ ભાવ ઉત્પન્ન થયો. તેમના સમસ્ત શરીરમાં એકદમ કયા રસનો સંચાર થયો? પ્રીતિરસ યા વિષાદરસ? કંઈ પણ સમજી ન શકાયું. કેટલોક વખત સુધી ભ્રાન્ત–ચિત્તની માફક તેઓ બંને કુમારોની તરફ એકાગ્ર દૃષ્ટિથી જોઈ રહ્યા. તેમના સમજવામાં પણ ન આવ્યું કે મારા મનમાં કંઇ ભાવ બદલાય છે. તેઓ ચિત્રની માફક કેટલોક સમય ત્યાં બેસીજ રહ્યા.

બંને કુમારો ધીરે ધીરે તેમની પાસે જઇ 'મહારાજની જય' એમ કહી ઉચિત આસનપર બેસી ગયા. બેસી ગયા પછી અત્યંત નમ્રતાપૂર્વક તેમણે પૂછયું:–'મહારાજ! આપે શું પ્રયોજનથી અમને અત્રે બોલાવ્યા છે?' કુમારો પાસે આવી

ગયા બાદ, શ્રી રામચંદ્રજી તેમના શરીરમાં પોતાનાં તેમજ સીતાજીનાં લક્ષણો જોઇ બહુ વિસ્મય પામ્યા. આ વખતે સભામાં ઘણાએ સજ્જન બેઠા હતા એટલે પોતાનો ભાવ ચતુરાઇપૂર્વક સંતાડી શ્રી રામચંદ્રજીએ કહ્યું:–મેં સાંભળ્યું છે કે તમે સરસ રીતે ગાઇ–વગાડી જાણો છો અને જે સાંભળે છે તેઓ મોહિત થઈ જાય છે. એ પ્રમાણે તમારી ગાવાની શકિતની બહુજ પ્રશંસા થઇ રહી છે. એટલા માટે તમારૂં ગાન સાંભળવા હું ઇચ્છું છું. તમારી ઇચ્છામાં આવે તે પ્રસન્નતાપૂર્વક ગાઈ સંભળાવો. કુમારોએ કહ્યું:–મહારાજ ! અમે જે કાવ્ય ગાઇએ છીએ તે ઘણુંજ લાંબુ છે. તેમાં આપના જીવનચરિત્રનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. તો એ કાવ્યમાંથી કયો ભાગ ગાઇએ તેની આજ્ઞા આપો.

કુશ તથા લવનાં સ્વરૂપ પોતાના તથા સીતાજીના સ્વરૂપને મળતાં છે એ જોઇ શ્રી રામચંદ્રજીનું મન ચંચલ થઈ ગયું. એટલુંજ નહિ પરંતુ સીતાજીનો વિયોગ પુનઃ યાદ આવ્યો. એ વેળાએ તેઓ એટલા ચલાયમાન તેમજ અધીર થઇ ગયા કે બહુ ધૈર્ય રાખવા અસમર્થ થઇ ગયા. એ વેળા એકાન્ત સ્થાનમાં જવાની ઇચ્છાથી જલદી સભા સમાપ્ત થઇ જવાની ઇચ્છા કરવા લાગ્યા. એટલામાટે શ્રી રામચંદ્રજીએ કહ્યું:–આજે તો તમારી મરજી પડે ત્યાં આગળથી સંભળાવો પછી કાલથી પ્રતિદિન થોડું થોડું કાવ્ય ગાઇ સંભળાવી મારી આગળ તે પૂરૂં કરો. ‘ જેવી આજ્ઞા ’ એમ કહી તેઓએ ગાવાનો આરંભ કરી દીધો. સર્વ સભ્યો તેમનું ગાવું સાંભળી અંતઃકરણપૂર્વક ધન્યવાદ દેવા લાગ્યા. શ્રી રામચંદ્રજી કવિની

વિદ્વત્તા તેમજ રચના લાલિત્યને જોઈ પૂછવા લાગ્યાઃ–આ કાવ્ય કોણે રચ્યું છે? આવું સરસ ગાવું–વગાડવું તમે કોની પાસેથી શીખ્યા છો? પ્રત્યુત્તરમાં તેમણે કહ્યુંઃ–મહારાજ! આ કાવ્યના રચનાર મહર્ષિ વાલ્મીકિજી છે. અમે તેમનાજ આશ્રમમાં રહીએ છીએ, એટલામાટે અમે જે કંઇ શીખ્યા છીએ તે તેમની પાસેથીજ શીખ્યા છીએ. ત્યારે શ્રી રામચંદ્રજીએ કહ્યુંઃ–મહર્ષિ વાલ્મીકિએ એ કાવ્યમાં પોતાની અદ્ભુત કવિત્વ શકિતનું સરસ દર્શન કરાવ્યું છે. અને એટલું બધું રોચક બનાવ્યું છે કે થોડું ઘણું સાંભળવાથી તૃપ્તિ થતી નથી. તમે બહુજ પરિશ્રમ લીધો છે. હવે તમને હું વિશેષ કષ્ટ નથી આપી શકતો. હવે તમો તમારા સ્થાન ઉપર જાઓ. આ પ્રમાણે બંને ભાઇઓને વિદાય કરી શ્રી રામચંદ્રજીએ તે દિવસે તરતજ સભા બરખાસ્ત કરી. પછી તેઓ એકાન્ત સ્થાનમાં જઇ મનમાં શોચવા લાગ્યા કે આ બંને કુમારોને જોઇ મારૂં દીલ આટલું વ્યાકુળ કેમ થઈ ગયું એ સમજી શકાતું નથી.

મેં સાંભળ્યું છે તેમ પુત્રને દેખી પિતાના અંતઃકરણમાં જેવો ભાવ થાય છે તેવોજ ભાવ આ કુમારોને જોઈ મને થયો છે. પરંતુ એમ થવાનું કારણ સમજમાં આવતું નથી. એવું તો હોઈજ કેમ શકે? મેં જે દશામાં જેવી નિર્દયતાથી સીતાજીને ઘરમાંથી કાઢી મૂકયાં એનો વિચાર કરૂં છું તો મને નિશ્ચય થાય છે કે અતિ દુઃખથી, શોકથી, લજ્જાથી તેમજ અપમાનથી સીતાએ કદી પ્રાણ પણ છોડી દીધા હોય. લક્ષ્મણના ચાલ્યા જવા બાદ તેમણે તરત આપઘાત કર્યો હશે, અગર તો કોઇ હિંસક પ્રાણીએ તેમનો જાન લીધો હશે. આવા ઘોર

વિપત્કાળમાં તેમનું જીવતાં રહેવું અને સુખથી સંતાનને જન્મ આપી તેમનું લાલન પાલન કરવું એ બધું શું સંભવિત છે? હું જ્યારે મારા ભાગ્યને જોઉં છું ત્યારે એવું બને એવી સંભાવના ન હોઈ શકે એમ જણાય છે. એવું મારૂં સદ્ભાગ્ય ક્યાંથી કે એમજ બન્યું હોય.

આટલું કહી શ્રી રામચંદ્રજી આંખોમાંથી આંસુ પાડવા લાગ્યા. શોકના વેગને રોકી વળી કહેવા લાગ્યા. પરંતુ આ કુમારોની આકૃતિ અને ચેષ્ટા ઉપરથી માલૂમ પડે છે કે તેઓ અવશ્ય ક્ષત્રી પુત્ર છે. મારા શરીરનાં લક્ષણો તેઓમાં મોટે ભાગે મોજૂદ છે. એમની સુરત મારી સુરત સાથે તદ્દન મળતી આવે છે. ધ્યાનપૂર્વક જોવાથી માલૂમ પડે છે કે સીતાનાં ચિહ્નો પણ એ બાળકોના શરીરમાં છે. આંખ, કાન, નાક, હોઠ જે જુઓ તે સર્વ મળતાંજ આવે છે. આટલી બધી સમાનતાનું દૃષ્ટાંત શું પરમાત્માએ એમજ બનાવ્યું હશે. વળી તેઓ કહે છે કે:–અમે વાલ્મીકિના આશ્રમમાં રહીએ છીએ. મેં પણ લક્ષ્મણને એજ તપોવનમાં સીતાજીને છોડી દેવાનું કહ્યું હતું. એવો સંભવ છે કે મહર્ષિ વાલ્મીકિએ દયા ખાઈ સીતાને પોતાના આશ્રમમાં આશરો આપ્યો હોય અને ત્યાં તેમણે બે જોડીયા પુત્રને જન્મ આપ્યો હોય. લક્ષણો ઉપરથી તો એજ પ્રતીત થાય છે. આ સર્વ વાતનો વિચાર કરૂં છું તો મારી આશા નિર્મૂળ થઈ શકતી નથી. નહિ, નહિ, મૃગ–તૃષ્ણાની માફક વ્યર્થ હું મને પોતાને દુઃખમાં નાખી રહ્યો છું. હું વ્યર્થ દુઃખી થાઉં છું. જ્યારે મેં નિર્દયતા તેમજ કઠોરતાથી રાક્ષસની માફક આવી પતિવ્રતા કામિનીને સર્વથા નિરપરાધ

હોવા છતાં વનવાસ દીધો તો પછી આવી આશાઓ કરવી એ મૂર્ખતા નહિ તો બીજું શું ? હા, પ્રિયે ! તું એવી સાધુશીલા તેમજ ભોળીભાળી કેવા નિર્દય તેમજ કઠોર હૃદયના પુરૂષને પાલવે પડી ! હા ! જ્યારે મેં તારા જેવી પતિપરાયણ, સાધુ-શીલા, તેમજ શુદ્ધાચારિણીને અનાયાસ વનમાં મોકલી દીધી તો મારા કરતાં સંસારમાં અધિક પાપી તેમજ પાષાણ હૃદયનો બીજો કોણ હોઈ શકે ?

આ પ્રમાણે વિલાપ કરતા કરતા શ્રી રામચંદ્રજી અચેત થઈ ગયા. તેમની આંખોમાંથી અસ્ખલિત અશ્રુધારાઓ ચાલી રહી. થોડા સમય બાદ જ્યારે દુઃખ કંઈક ઓછું થયું ત્યારે વળી કહેવા લાગ્યા. એમ લાગે છે કે વાલ્મીકિજી સીતાને પોતાના આશ્રમમાં લઇ ગયા હશે, અને ત્યાં આ બે જોડીયા પુત્રનો જન્મ થયો હશે. અવશ્ય એમજ થયું હશે એમાં સન્દેહ નથી. એ બન્ને ભાઈઓ વાસ્તવમાં ઋષિકુમાર નથી, એ વાતનું એક પ્રમાણ મળી આવે છે ! એનો વેશ જોતાંજ વિદિત થાય છે કે એમનો યજ્ઞોપવિત સંસ્કાર થયાને વધુ વખત ગયો નથી. હમણાં એમની ઉમ્મર બાર વર્ષથી અધિક ન હશે. માલૂમ પડે છે કે અગીઆરમે વર્ષે એમને યજ્ઞોપવિત સંસ્કાર થએલો છે. જો એ ક્ષત્રી-પુત્રો ન હોત તો અગી-આરમે વર્ષે શા માટે એમને યજ્ઞોપવિત સંસ્કાર દેવામાં આવે ? જો એઓ ઋષિકુમાર હોત તો મહર્ષિ વાલ્મીકિજીએ આઠમે વર્ષે એમને ઉપવિત ધારણ કરાવ્યું હોત. એ સિવાય બીજી વાત એ છે કે ઉપવિત દીધેલા બ્રાહ્મણ કુમારનો જે વેશ હોવો જોઇએ તે આ બાળકોનો નથી. એમનો તો સર્વ વેશ

ક્ષત્રિય પુત્રો સમાન છે. જો એઓ ક્ષત્રિય કુમાર હોય તો ઘણું કરીને એઓ સીતાનાજ પુત્રો હોય એવો સંભવ છે. એનું કારણ એટલુંજ છે કે કોઇ પણ ક્ષત્રિય સંતાન વનમાં રહે તો ત્યાં આગળજ ઉપનયન સંસ્કાર કરાવવાની શી આવશ્યકતા હોય? અવશ્ય મારા જેવા અભાગી પિતાનાજ એ સંતાનો છે નહિ તો એમની આ દશા શા માટે હોય? મનમાં ને મનમાં એ પ્રમાણે તર્કવિતર્ક કરતા શ્રી રામચંદ્રજી કહેવા લાગ્યા કે, પ્યારી જાનકી હજી સુધી જીવતી હોય તેમજ આ બન્ને સંતાનો મારાંજ હોય તો એ અત્યંત આનંદનો વિષય છે. જો એમજ હોય તો પ્રિય જાનકી મને ફરી આનંદ આપશેજ. આ વાત વિચારવાથી મારૂં શરીર આનંદમાં છલકાઈ જાય છે. આ ચિર વિયોગ બાદ જ્યારે પ્રથમ વાર સીતાની સાથે મેળાપ થશે ત્યારે હું અવશ્ય આનંદમાં ગરકાવ થઈ જઈશ અને પ્રિય જાનકી પણ અવશ્ય આનંદ સાગરમાં મગ્ન થઇ જશે. પહેલવહેલાં જ્યારે બન્નેની મુલાકાત થશે ત્યારે આંખમાંથી હર્ષાશ્રુ ચાલ્યાં જશે. કેટલોક સમય આવા વિચારોમાં મગ્ન રહી શ્રી રામચંદ્રજીએ પોતાની આંખોમાંનાં આનંદનાં આંસુ લુછ્યાં. પછી તેમના મનમાં ચિન્તા ઉઠી આવી અને શોચવા લાગ્યા કે હું તેની સાથે અત્યંત કઠોરતા તેમજ નિર્દયતાથી વર્ત્યો છું. હવે હું શું મ્હોં લઇ તેમને મળીશ? અગર તો એ વાતની ચિંતા નજ કરવી જોઇએ કારણ કે સીતા સરળ હૃદયની, સાધુશીલા તેમજ દયાવતી છે. તે જરૂર મારા અપરાધને ક્ષમા કરશે. તેને જોતાંની સાથેજ હું પોતે ક્ષમાને માટે પ્રાર્થના કરીશ. તેઓ વળી વિચારવા

લાગ્યા કે, પાછળથી પ્રજા મારી નિંદા ન કરે તો ઠીક; કારણ કે એટલા વાસ્તેજ મેં સીતાને વનમાં કાઢી હતી. પરંતુ હવે જો હું ફરીથી તેને ગ્રહણ કરૂં અને પ્રજા ફરી કદાચ નિંદા કરવા લાગે તો એજ વાત આગળ આવી ઉભી રહેશે. પ્રજા જરૂર ખૂરૂં સમજશે, અને એમ થવાથી અત્યાર સુધી મેં તથા પ્રિય જાનકીએ જે વિરહાગ્નિ સહન કર્યો છે તે સર્વ વ્યર્થ થઈ જશે.

આ પ્રમાણે શોચ કરવાથી શ્રી રામચંદ્રજીના મુખની શોભા જતી રહી. વળી મનમાં કહેવા લાગ્યા:–હવે હું લોક નિંદાની લેશ માત્ર પણ પરવા ન કરીશ. હવે પ્રિય જાનકીને પાછી ગ્રહણ કરવાથી જો પ્રજા અસંતુષ્ટ થાય તો ભલે થાય. હવે હું તેઓની વાત ન સાંભળીશ. હું મારી મરજી પ્રમાણે કરીશ. રાજ્યપદ ધારણ કરી મારી પેઠે કોણ આત્મવંચન કરશે ? પ્રજાની પ્રસન્નતાને માટે મેં કોઈ પણ કાર્ય બાકી નથી રાખ્યું એમ છતાં પણ જો પ્રજા અસંતુષ્ટ રહે તો ભલે રહે. પ્રિય જાનકીને વનવાસ દેવો એ ઉચિત ન હતું. હવે હું અવશ્ય મારી પ્રાણાધારને ફરીથી ગ્રહણ કરીશ. નહિ તો આખરે ભરતને રાજ્યકારભાર સોંપી પ્રિય જાનકીને સાથે લઇ વાનપ્રસ્થાશ્રમાં દાખલ થઇ જઇશ. પ્રિયાના વિરહમાં રાજ્ય કરવું એના કરતાં તેની સાથે વનવાસ ભોગવવો એમાં હજારગણું સુખ છે. એમાં કાંઇ પણ સંદેહ નથી.

પ્રકરણ ૮ મું.

મહર્ષિ વાલ્મીકિજીએ શ્રી રામચંદ્રજીના જીવન વૃત્તાંતનું કાવ્ય રચ્યું છે તેના બે શિષ્યો ઘણાજ મધુર સ્વરથી એ કાવ્યને ગાય છે. તેઓ કાલે પ્રાતઃકાળમાં રાજસભામાં જઈ તે કાવ્ય ગાશે આ સમાચારની નૈમિષક્ષેત્રમાં આવેલા સર્વ લોકોને ખબર પડી. પ્રાતઃકાળ થતાંજ ઋષિ લોકો, રાજાઓ તેમજ અન્ય નિમન્ત્રિત વર્ગ તે કાવ્ય સાંભળવા રાજસભામાં આવી પહોંચ્યા. શ્રી રામચંદ્રજી પણ આવી સિંહાસન ઉપર વિરાજમાન થઇ ગયા. ભરત, લક્ષ્મણ, શત્રુઘ્ન તેમજ લંકા—યુદ્ધમાં સહાય કરનારાઓ સુગ્રીવ, વિભીષણ, આદિ પોતપોતાના સ્થાનક પર બેસી ગયા. કૌશલ્યા, કૈકેયી, સુમિત્રા, ઉર્મીલા, માંડવી, શ્રુતિ, કીર્તિ આદિ રાજપરિવારની સ્ત્રીઓ, અરૂંધતી વગેરે ઋષિ—પત્નીઓની સાથે અલગ સ્થાનપર બેઠી.

આ પ્રમાણે સર્વ લોક પોતપોતાના સ્થાનકે બેસી ગયા. નૂતન કાવ્યને સાંભળવાની ઉત્કંઠાથી, તે બંને બાળકો વિષે સભાસદો પરસ્પર નાના પ્રકારની ચર્ચા કરવા લાગ્યા. સર્વ લોકો તે બન્ને કુમારોની આવવાની વાટ જોવા લાગ્યા. એટલામાં તો કુશ અને લવને સાથે લઈ મહર્ષિ વાલ્મીકિજી સભામાં આવી પહોંચ્યા. તેઓને જોઇ સભા મંડળમાં ભારે કોલાહલ મચી રહ્યો. જે લોકોએ આગલે દિવસ એ બન્ને કુમારોને જોયા હતા, તેઓ તેમના તરફ આંગળી બતાવી આજે આવેલા નવા લોકોને બતાવી કહેવા લાગ્યા. જુઓ આ બાળકો ગાવાનું

શરૂ કરશે. જે વેળા મહર્ષિ વાલ્મીકિજી સભાસ્થાનમાં પહોંચ્યા તે વેળા તેમને દેખી સર્વ લોકો ઉભા થઇ ગયા. સર્વ જણે મહર્ષિને આદર સન્માન આપ્યું. મહર્ષિ તેમજ તેમના શિષ્યો વાસ્તે પહેલેથીજ અલગ સ્થાન નિયત કરી રાખ્યું હતું તેઓ પોતાના સ્થાનપર જઇને બેઠા. હવે સર્વ લોકો કાવ્ય સાંભળવાની લાલસાથી અત્યંત ઉત્કંઠીત થઇ કાવ્યનો આરંભ ક્યારે થાય તેની વાટ જોવા લાગ્યા.

સભામાં મોટી મેદની જોઈ મહર્ષિ વાલ્મીકિજીએ રામચંદ્રજીને કહ્યું:—મહારાજ ! સર્વ લોક સાંભળવા વાસ્તે ઉત્સુક થઇ રહ્યા છે. આજ્ઞા આપો તો ગાવાનું કાર્ય શરૂ કરવામાં આવે. ત્યાર બાદ શ્રી રામચંદ્રજીની અનુમતિ લઇ કુશ અને લવે વીણા વાજીંત્ર સાથે ગાવાનો આરંભ કર્યો. મહર્ષિ વાલ્મીકિજીએ પ્રથમથીજ કુમારોને કહી રાખ્યું હતું કે જ્યાં જ્યાં રામ અને સીતાના પ્રેમ અને અનુરાગનું વિશેષ વર્ણન આવે તેજ પ્રસંગ લઈને ગાવું. કુશ તથા લવે તેજ પ્રમાણે કર્યું. શ્રી રામચંદ્રજી તથા સીતાના પરસ્પર પ્રેમનું વર્ણન તે કુમારોએ એવી ઉત્તમ રીતે ગાયું કે માત્ર થોડુંકજ સાંભળતાં શ્રી રામચંદ્રજીનું અંતઃકરણ દ્રવીભૂત થઈ ગયું, અને તેમનાં નેત્રોમાંથી પ્રેમાશ્રુનાં બિંદુઓ ટપકવા લાગ્યાં. એ વેળાએ તેઓ આ બંને કુમારોને તાકી તાકીને જોવા લાગ્યા. તેઓને જોઇને તેમને દ્રઢ વિશ્વાસ થયો કે એ બંને સીતાનાજ પુત્રો છે. ભરત, લક્ષ્મણ તેમજ શત્રુઘ્ન પણ આ કુમારોની શ્રી રામચંદ્રજી તથા સીતાજીને મળતી આવતી કાંતિ જોઇ અનેક તર્કવિતર્ક કરવા લાગ્યા. સમસ્ત સભાજનો એકે

સ્વરે કહેવા લાગ્યા કે કેવું આશ્ચર્ય ! કેટલી અચંબાની વાત છે ! આ બંને ઋષિકુમારની સુરત બરાબર રામચંદ્રજીને મળતી આવે છે. વેષ ભૂષા અને આયુષ્યમાં ફેર ન હોય તો રામચંદ્રજી અને એમનામાં કાંઈ ભેદ ન રહે, સર્વ એમ કહેવા લાગ્યા કે શ્રી રામચંદ્રજીએ કુમારાવસ્થાનાં બે રૂપો બીજાં ધારણ કરી લીધાં છે. કુમારાવસ્થામાં શ્રી રામચંદ્રજીની જેવી મોહિની સુરત અને શોભા હતી તેવીજ સુરત આ બાળકોની છે. સમસ્ત સભાજનો મોહિત તેમજ નિશ્ચેષ્ટ થઈ અનિમેષ દૃષ્ટિથી આ બાળકોનું ગાવું સાંભળવા લાગ્યા તથા તેમના રૂપ લાવણ્યને જોવા લાગ્યા.

શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણને કહ્યું:–વત્સ ! આ બન્ને બાળકોને એક હજાર સોના મહોર જલદી આપો. આ સાંભળી બન્ને બાળકો કહેવા લાગ્યા:–મહારાજ ! અમે વનવાસી છીએ, વિલાસી યા ભોગાભિલાષી નથી. જે કંઇ ફળ મૂળ અમને જંગલમાં મળે છે તેનો આહાર અમે કરી લઇએ છીએ, અને માત્ર વલ્કલ વસ્ત્રો ઓઢીએ છીએ, અમને સુવર્ણની આવશ્યકતા નથી. ભારે પરિશ્રમ કરી અમે આપનું ચરિત્ર શીખ્યા હતા એટલે આજે આપનાં પ્રત્યક્ષ દર્શન કરી અને ચરિત્ર ગાઈ સંભળાવી અમારો શ્રમ સફળ કર્યો છે. આપની પ્રસન્નતાથી અમે કૃતકૃત્ય થઇ ગયા છીએ. આ બાળકોની વાક્ચાતુરી તથા નિર્લોભતા જોઇને સર્વ લોક આશ્ચર્યચકિત થઈ ગયા.

કુશ તથા લવની સુરત જોઇ કૌશલ્યના મનમાં એમજ આવી ગયું કે ગમે તે હો પરંતુ આ પુત્રો સીતાનાજ છે. આ વિચાર આવતાં તેમને ભારે દુઃખ થયું. હા વત્સે જાનકિ !

એટલું કહી તેઓ મૂર્છિત થઇ પૃથ્વીપર ઢળી પડયાં. તેમની આ દશા જોઇ સર્વને આશ્ચર્ય તેમજ ભારે દુઃખ થયું. સર્વ મળી તેમને સચેત કર્યાં. કાવ્ય સાંભળી રહ્યા બાદ સીતા વિયોગનું દુઃખ સર્વના હૃદયમાં લાગ્યું અને સર્વ અધીર થઇ ગયા. સૌની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં અને સર્વ લાંબો નિઃશ્વાસ નાખવા લાગ્યા. કૌશલ્યા અધીર થઇ કહેવા લાગ્યાં, કોઇ પણ આ બન્ને કુમારોને મારી પાસે બોલાવી લાવે તો એક વાર મારે ઉછંગે બેસાડી તેમને ચુમી લઉં અને એમ કરવાથી મારા મનમાંથી જાનકીનું દુઃખ ઓછું થશે. આ તો જુઓ, એનાં સર્વ અંગ અને લક્ષણ મારા રામ તથા સીતાના જેવાંજ છે. જે વેળા આ પુત્રો સભામાં આવ્યા તે વેળા કોઇએ મારા કાનમાં કહ્યું, કે આ બન્ને કુમાર તમારા રામના છે. અને ત્યારથી એમને માટે મારો પ્રાણ ઉછાળા મારી રહ્યા છે. હું લગભગ બાર વર્ષ થયાં એટલે સીતાને ભૂલી ગઇ હતી. પરંતુ આ બન્ને કુમારોએ ફરીથી જાનકીનો શોક મારા હૃદયમાં તાજો કર્યો. હા મારી વત્સ જાનકિં ! તું કયાં છે ? તારી શી દશા છે ? તું હજી સુધી જીવિત છે યા આ પાપી લોકને છોડી પરલોક સિધાવી ગઈ છે ? કંઇ સમજમાં નથી આવતું. એમ કહી કૌશલ્યા ફરીથી મૂર્છિત થઇ ગયાં અને ધરણીપર ઢળી પડયાં. જેમ તેમ કરી તેમની મૂર્છા સર્વે મળી દૂર કરી. ચૈતન્ય આવતાં કૌશલ્યા અત્યંત વિકલ થઈ કહેવા લાગ્યાં:-હવે તમે એ બન્ને કુમારોને શીઘ્ર મારી પાસે લઇ આવો, નહિ તો કોઇ જઇને લક્ષ્મણને કહી દો કે તેઓ બન્નેને લાવી મારા ઉછંગે બેસાડે.

કૌશલ્યાની આ પ્રમાણેની અસ્થિરતા જોઇ પાસે બેઠેલી અરૂં-ધતીએ એક દાસીને લક્ષ્મણ પાસે મોકલી. તેણે જઈને કૌશલ્યાની સર્વ દશાનું વર્ણન લક્ષ્મણજી આગળ કર્યું. લક્ષ્મણજીએ તે સમયે ચતુરાઈ વાપરી ઝટ સભાને બરખાસ્ત કરી દીધી. સભા બરખાસ્ત થયા પછી તેઓ બન્ને કુમારને કૌશલ્યા પાસે લઇ ગયા. કૌશલ્યાએ તે બન્નેને પોતાના ઉછંગે લઇ વારંવાર ચુમ્બન કર્યું અને હા વત્સ જાનકિ, તું કયાં છે ? આમ કહી તેઓ મોટે સાદે રૂદન કરવા લાગ્યાં. આ જોઇ સુમિત્રા તથા ઉર્મીલા પણ રોવા તથા વિલાપ કરવા લાગ્યાં. આ રોવું પીટવું જોઈ કુશ તથા લવ તો અવાકજ થઇ ગયા.

કેટલોક સમય વ્યતીત થયા બાદ શોકના વેગને રોકી કૌશલ્યાએ પોતાનો સંદેહ દૂર કરવા બન્ને કુમારોને પૂછ્યું. તમારાં અને તમારાં માતપિતાનાં શાં નામ છે ? પોતાનાં નામો બતાવી ઘણીજ નમ્રતાપૂર્વક તેમણે કહ્યું:—અમારા પિતા કોણ છે તેની ખબર અમને નથી. આજ સુધી અમે અમારા પિતાને જોયા નથી. હા, અમારી માતા છે તે તપસ્વિની છે. પરંતુ અમે એક પણ દિવસ તેનું નામ અમારા કાનથી સાંભળ્યું નથી. તેનું નામ શું છે તેની અમને બિલકુલ ખબર નથી. અમે તેને યા બીજા કોઈને તેનું નામ પૂછ્યું પણ નથી. અમે મહર્ષિ વાલ્મીકિના શિષ્યો છીએ અને તેમના તપોવનમાં રહીયે છીએ. તેમની જ પાસે રહી અમે વિદ્યાધ્યયન કરીએ છીએ.

કુશ અને લવના મુખેથી આ સર્વ વાત સાંભળી કૌશલ્યાના મનનો કેટલોક સંદેહ દૂર થયો. પરંતુ એટલેથીજ એમને પુરી

તૃપ્તિ ન થઇ તેથી તેઓ ફરી પૂછવા લાગ્યાં:–તમારી માતાની સુરત કેવી છે? કુશ અને લવે પોતાની માતાની સુરત તેમજ બીજી સર્વ નિશાની વગેરે બતાવ્યું. તે સાંભળીને તો સર્વના દીલમાં એજ નિશ્ચય થઇ ગયો કે આ સીતાજીનાજ પુત્રો છે અને એ જાણી કૌશલ્યા તથા બીજા રાજપરિવારનાં માણસોના હૃદયમાં જાનકીનો શોક ફરીથી તાજો થયો. કૌશલ્યાએ ફરી પૂછયું:–તમારી માતા કેવાં છે? તેમણે ઉત્તરમાં કહ્યું કે તેઓ હંમેશાં જીવન મૃત રહે છે. તેઓ પ્રતિદિન એટલાં બધાં દુર્બળ થતાં જાય છે કે તેમની દશા જોઇ અનુમાન કરી શકાય કે તેઓ ઝાઝા દિવસ જીવી શકશે નહિ.

કુશ તથા લવના મ્હોંએથી પોતાની માતાની આ દશા સાંભળી તેમની માતાને સીતાજીજ સમજી સર્વ રાજ પરિવારની સ્ત્રીઓ ઘણીજ અધીર થઇ વિલાપ કરવા લાગી. થોડો વખત ધીરજ ધરી પોતાનો સંદેહ દૂર કરવા કૌશલ્યાએ લક્ષ્મણજીને કહ્યું:–વત્સ! એકવાર મહર્ષિ વાલ્મીકિજીને તો અહીં બોલાવી લાવ. લક્ષ્મણજીએ પોતાની માતાની આજ્ઞા તરતજ ઉઠાવી લીધી. તેઓ ઝટ જઇને મહર્ષિ વાલ્મીકિજીને બોલાવી લાવ્યા. તેમને જોઈ સર્વેએ ઉભા થઇ પ્રણામ કર્યા, અને આદરપૂર્વક આસનપર બેસાડયા. પછી કૌશલ્યાજી હાથ જોડી બોલ્યાં:–ભગવન્! આપના આ બે શિષ્યો કોણ છે? કૃપા કરીને સ્પષ્ટ રીતે બતાવો. જે દિવસે લક્ષ્મણજી સીતાજીને છોડી ચાલ્યા આવ્યા હતા તે દિવસથી છેવટ સુધીનો વૃત્તાંત મહર્ષિએ કહી સંભળાવ્યો, અને પોતાના પ્રિય પતિના વિયોગથી સીતાજીની દશા કેવી શોચનીય થઇ રહી છે તે યથાવત

વિસ્તારપૂર્વક કહ્યું:–એ સાંભળતાંની સાથેજ સૌની આંખમાંથી આંસુઓની ધારા ચાલવા લાગી. શોકમાં વ્યાકુલ થઇ કૌશલ્યા ‘ હા, વત્સે જાનકિ ! વિધાતાએ તમારા ભાગ્યમાં એવાં ઘોર દુઃખો સહન કરવાનું લખ્યું હશે.’ એમ કહી વિલાપ કરવા લાગ્યાં. સીતાજી હજી સુધી જીવતાં છે તેમજ આ બન્ને બાળકો તેમનાં છે એ વિષે કોઇને કાંઇ પણ સંદેહ હવે ન રહ્યો.

આટલા દિવસ પછી પોતાનો સાચો વૃત્તાંત જાણી કુશ અને લવના અંતઃકરણમાં અનિર્વચનીય ભાવ પેદા થવા લાગ્યો. એ વેળા વાલ્મીકિજીએ તેમને કહ્યું:–વત્સ લવ ! તથા વત્સ કુશ ! આ તમારાં દાદી છે તથા આ તમારાં કાકી છે તેમને પ્રણામ કરો. ગુરૂની આજ્ઞા મળતાં તેઓએ કૌશલ્યા, કૈકેયી, સુમિત્રા, ઉર્મીલા, માંડવી તેમજ શ્રુત કીર્તિના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ત્યાર પછી મહર્ષિએ કહ્યું:–જુઓ લક્ષ્મણ નામના મહા પુરૂષના ગુણ તમે શીખી ગયા તે આ ઉભા છે. એ તમારા કાકા છે. એમ કહી તેમણે લક્ષ્મણજી સાથે પરિચય કરાવ્યો. લક્ષ્મણજીનું નામ સુણતાંજ બન્ને કુમારોએ તેમને પગથી શિર સુધી નિહાળીને જોયા અને અત્યંત પ્રેમભક્તિથી તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

કેટલાક વખત બાદ કૌશલ્યાએ લક્ષ્મણજીને કહ્યું:–વત્સ ! તમે શીઘ્ર રામ તથા વસિષ્ઠ દેવને અહીં બોલાવી લાવો. તદનુસાર લક્ષ્મણજી તરતજ બન્નેને ત્યાં બોલાવી લાવ્યા. કૌશલ્યાએ ગદ્‌ગદ કંઠે, આંખોમાં આંસુ ભરી કુશ અને લવનો પરિચય કરાવી દીધો. તેમજ સીતાજી જીવે છે તે સમાચાર પણ આપી દીધા. કુશ અને લવની બાબતમાં શ્રી રામચંદ્રજીને

જે થોડી ઘણી શંકા રહી ગઇ હતી તે હવે દૂર થઇ ગઈ. આ વખતે શ્રી રામચંદ્રજીનાં કમલ નેત્રોમાંથી એટલાં આંસુ વહેતાં હતાં કે તેમનાં કપડાં પણ ભીંજાઈ ગયાં. તેઓ કુશ તથા લવને ઘણીજ પ્રેમ દૃષ્ટિથી જોવા લાગ્યા. ત્યાર બાદ કૌશલ્યાએ પુત્ર સહિત સીતાને ગ્રહણ કરવાની સમ્મતિ આપી. એ સાંભળી શ્રી રામચંદ્રજી ચૂપ રહ્યા. તેઓ ચૂપ રહ્યા એ સંમતિનુંજ લક્ષણ છે એમ સમજી કૌશલ્યાએ મહર્ષિને કહ્યું કે સીતાજીને હવે અત્રે બોલાવો. આ સાંભળતાંજ વાલ્મીકિજીએ પાલખીની સાથે પોતાના શિષ્યોને મોકલી દીધા. તેમણે શિષ્યોને કહ્યું, કે સીતાજીને આ પાલખીમાં બેસાડી મારી પર્ણકૂટીમાંથી લઈ આવો.

યજ્ઞમાં આવેલા સર્વ લોકોને ધીરે ધીરે ખબર પડી ગઈ કે સભામાં જે બે કુમારોએ રામાયણ ગાયું હતું તે ઋષિકુમાર નહિ પરંતુ રાજકુમાર છે. તેમજ સાથે સાથે એ પણ ખબર પડી ગઈ કે જ્યારે સીતાજીને કાઢી મૂક્યાં ત્યારે વાલ્મીકિના આશ્રમમાં તેઓ ગયાં હતાં અને ત્યાં તેમણે આ બન્ને પુત્રોને જન્મ આપ્યો અને સીતાજી હજી સુધી જીવતાં છે, અને એ પણ સર્વને માલૂમ પડી ગયું કે હવે શ્રી રામચંદ્રજી સીતાજીને પાછાં ગ્રહણ કરશે. તેને બોલાવવા મહર્ષિએ પોતાના શિષ્યોને પાલખી સાથે મોકલ્યા છે. એ સર્વ વાતો સાંભળી ઘણાઓ પ્રસન્ન થયા. પરંતુ કેટલાએક લોક કહેવા લાગ્યા કે અમારા રાજા બહુજ અસ્થિર ચિત્તના છે. તેમના ચિત્તમાં ઘણી અસ્થિરતા છે. જ્યારે સીતાજીને ફરીથી ગ્રહણ કરે છે તો તેનો ત્યાગ કરવાની શી આવશ્યકતા હતી? ત્યારે

જે જાનકી હતાં તેજ આજે પણ છે. શું હવે જાનકી બદલાઈ ગયાં ? જે કારણથી તેનો પરિત્યાગ કર્યો હતો તે કારણ તો તેનામાં હમણાં પણ છે. એ કારણ તો નષ્ટ નથી થયું. ભાઈ મોટા માણુસોની વાત સમજમાં આવતી નથી.

શ્રી રામચંદ્રજીએ સીતાજીને ગ્રહણ કરવાનો પાકો વિચાર કરી લીધો હતો તથાપિ કેટલાક લોકો વિરૂદ્ધ વાત કરે છે એ તેમણે પણ સાંભળ્યું હતું. એ સાંભળીને તેમનું ચિત્ત પાછું ચલાયમાન થયું. પ્રથમ તેઓ ધારતા હતા કે સીતાજીને પાછાં ગ્રહણ કરવામાં લોકો હવે વિરૂદ્ધતા ન બતાવે. પરંતુ હજી સુધી લોકો સીતાના ચરિત્રપર કલંક લગાવી રહ્યા છે અને તેને શુદ્ધ નથી સમજતા, આ જોઇને તેઓ વિષાદ સાગરમાં મગ્ન થઈ ગયા. હવે શું કરવું જોઇએ ? કંઈ સમજમાં નથી આવતું. આવા વિચારો કરતા શ્રી રામચંદ્રજી લક્ષ્મણજી સાથે સલાહ કરવા લાગ્યા. કેટલોએક વિવાદ કર્યા પછી એવો નિશ્ચય થયો કે સર્વ લોકની સામે સીતાજીએ પોતાની પવિત્રતા પ્રત્યક્ષ પ્રમાણ સાથે સિદ્ધ કરી બતાવવી તોજ સીતાજીને શ્રી રામચંદ્રજી ગ્રહણ કરી શકે. વડીલ બંધુની આજ્ઞાનુસાર લક્ષ્મણજીએ એ વિચાર વાલ્મીકિજીને સંભળાવ્યો.

લક્ષ્મણજીના મુખથી આ વાત સાંભળીને મહર્ષિ તુરતજ શ્રી રામચંદ્રજી પાસે ગયા. તેમની પાસે જઇ મહર્ષિ વાલ્મીકિજીએ તેમને બહુએ સમજાવ્યા કે સીતાજી પવિત્ર છે, તેમનામાં કોઈ પ્રકારના દોષ નથી. શ્રી રામચંદ્રજીએ કહ્યું:—ભગવન્ ! સીતાજીની પવિત્રતા વિષે મને લેશ માત્ર પણ સંદેહ નથી. મને સારી રીતે ખબર છે કે સીતાજી વિશુદ્ધ છે, પરંતુ

રાજ્ય ભાર મારે શિરે લઇને હું સર્વથા પરાધીન થયો છું. આપેજ મને ઉપદેશ કર્યો હતો કે પોતાના પ્રાણને સાચવવા કરતાં પ્રજાનું રંજન કરવું એ રાજાનો પરમ ધર્મ છે.

આપજ વિચાર કરો કે શા માટે એ ધર્મનું પાલન ન કરવું ? એ રાજ્ય–ધર્મનો પરિત્યાગ કરવાથી પ્રજામાં નિંદા તેમજ પરલોકમાં નરકના ભોગી બનવું પડે. સીતાજીની બાબતમાં પ્રજા–જનોની ઘણીજ વિષમ બુદ્ધિ થઈ રહી છે, અને તેઓ સીતાજીના ચરિત્રને અપવિત્ર સમજે છે. જ્યાં સુધી એ કલંક દૂર ન થઈ જાય ત્યાં સુધી કોઈ પણ પ્રકારે સીતાનું હું ગ્રહણ કરી શકતો નથી. આપજ કહો ? જે દિવસથી મેં સીતાજીનો પરિત્યાગ કરેલો છે તે દિવસથી મેં મારાં સર્વ સુખોનો પરિત્યાગ કરેલો છે. હું કહી નથી શકતો કે કઇ રીતે હું મારા પ્રાણને ધારણ કરી રહ્યો છું. મેં સર્વથા પરવશ થઇને સીતાજીનો પરિત્યાગ કર્યો હતો. એક વખત મેં મારા મન સાથે નિશ્ચય કર્યો હતો કે પ્રજાવર્ગ અસંતુષ્ટ થાય તો ભલે થાય, પણ સીતાને અવશ્ય ગ્રહણ કરવાં જોઇએ; પરંતુ એ પ્રમાણે કરવાથી રાજધર્મના પાલનથી હું પતિત થઈ જાઉં છું. એટલા ખાતર સીતાને ગ્રહણ કરવાનું સાહસ હું કરી શકતો નથી. બીજી વાત મેં એમ પણ વિચારી હતી કે રાજ્યભાર ભરતને સોંપી હું વાનપ્રસ્થ આશ્રમનું પાલન કરૂં, એમ થવાથી પછી સીતાને ગ્રહણ કરવામાં કોઇને કંઈ પણ કહેવાપણું ન રહે. આખરે બહુજ લાંબો વિચાર કરતાં એ ઉપાય પણ શ્રેયસ્કર ન લાગ્યો. જાનકીની સાથે હું અત્યંત ઘોર દુષ્ટતાથી વર્ત્યો છું, અને તેથી હું અધર્મી થઈ

ગયો છું. માત્ર દુઃખ ભોગવવાને ખાતરજ મારો આ જન્મ થયો છે. આ સમયે મારા ચિત્તમાં જેવું દુઃખ થઈ રહ્યું છે, અને આ જન્મમાં જે જે દુઃખો મેં ભોગવ્યાં છે તે સર્વને એક મારો અંતરાત્માજ જાણે છે. હવે જો મારો પ્રાણ નિકળી જાય તો આ દુઃખમાંથી મારો છૂટકારો થઇ જાય.

આટલું કહીને શ્રી રામચંદ્રજી શોકમાં અતિ વ્યાકુળ થઇ ગયા અને તેમનાં નેત્રોમાંથી અખંડિત અશ્રુધારા ચાલી રહી. કેટલાક સમય બાદ જ્યારે કંઈક શોક ઓછો થયો ત્યારે અત્યંત નમ્રતાપૂર્વક હાથ જોડી મહર્ષિ પ્રત્યે કહેવા લાગ્યાઃ-ભગવન્! આપને મારી એટલીજ પ્રાર્થના છે કે જ્યારે સીતા અહિં આવી જાય ત્યારે આપ તેને ગ્રહણ કરવાના વિષયમાં સર્વ લોકોની સંમતિ લેજો, અને જો સર્વ લોકો તેને ગ્રહણ કરવાની સંમતિ આપે તેમજ એને ગ્રહણ કરવામાં કોઇને અડચણ ન હોય તોજ હું તેને ગ્રહણ કરી શકું. જો સર્વ લોકો સંમત ન થયા તો કોઇ પણ પક્કા પ્રમાણથી પ્રજા વર્ગનો સંદેહ દૂર કરવો જોઇશે. આ સાંભળીને તેમજ શ્રી રામચંદ્રજીએ દર્શાવેલા વિચાર સાથે સંમત થઈ ઉદાસ થતા થતા મહર્ષિ વાલ્મીકિજી પોતાના નિવાસ સ્થાનપર ચાલ્યા ગયા. અહીં તો આ પ્રમાણે ચાલી રહ્યું હતું. બીજી બાજુ કૌશલ્યાએ મોકલેલી પાલખી તેમજ મુનિના શિષ્યોના મ્હોં-એથી સર્વ વાત સાંભળી સીતાજીએ પોતાના મનમાં કહ્યું, વિધાતાએ દયા કરીને હવે મારા દુઃખોનો અંત આણ્યો. જ્યારે પૂજનીય દેવીએ મારે માટે પાલખી મોકલી છે તો હવે મને ગ્રહણ કરશેજ એમાં સંદેહ નથી અને એટલાજ માટે આજે

મારી ડાબી આંખ ફરકે છે. આર્યપુત્રની દયા, સ્નેહ અને મમતાને હું જાણું છું. એમણે પોતાની મરજીથી મારો ત્યાગ નથી કરેલો પરંતુ તદ્દન પરાધીન થઇને આ કામ કર્યું હતું. તેમના વિયોગમાં જેમ હું દુઃખી થઇ રહી છું તેમ તેઓ પણ મારા વિયોગથી દુઃખી થઈ રહ્યા હશેજ એમાં કંઇજ સંદેહ નથી. મારા ઉપરથી એમનો પ્રેમ જો ઘટી ગયો હોત તો તેઓ ફરી વિવાહ કરત. તેમણે સહધર્મિણીના સ્થાને મારી સુવર્ણમય મૂર્તિ બનાવી રાખી હતી. આ પ્રમાણે કરીને તેમણે મારી સાથેના સ્નેહની પરાકાષ્ટા બતાવી દીધી, અને મારો સર્વ શોક દૂર કરી દીધો. આર્ય પુત્રના સહવાસથી મને હવે ફરીથી આનંદ પ્રાપ્તિ થશે, એની મને સ્વપ્નમાં પણ આશા ન હતી.

આ પ્રમાણે કહેતાં કહેતાં સીતાજીનાં કમલ-નેત્રોમાંથી આનંદનાં આંસુઓ ટપકવા લાગ્યાં. તેના શરીરમાં પહેલાં કરતાં અધિક બળ આવ્યું, અને મનમાં અસીમ સ્ફૂર્તિ તથા ઉત્સાહ ઉભરાઈ રહ્યાં. મને મારા પ્રાણનાથ ફરીથી ગ્રહણ કરશે, આ વિચારથી તેનું હૃદય અપૂર્વ આનંદ સાગરમાં ડોલવા લાગ્યું. આશા અત્યંત બળવતી છે. આશાના ઉપર નિર્ભય રહી તે મનનાં ને મનમાં અનેક કલ્પનાઓ કરવા લાગી. પ્રાણનાથની સાથે મેળાપ થતાં જે જે ઘટનાઓ બનશે તે સર્વ ઘટનાઓને યાદ કરવા લાગી. તેણે પોતાના મનમાં માની લીધું કે હું અત્યારે શ્રી રામચંદ્રજી પાસેજ ઉભી છું અને પ્રાણનાથ નીચું મ્હોં કરી લજ્જાથી કંઇ બોલી શકતા નથી. શ્રી રામચંદ્રજી અત્યંત પ્રેમથી મારી સાથે વાત કરવા લાગ્યા અને હું જવાબ જ દેતી નથી. અભિમાનમાં તણાઇ

જઈ મ્હોં મરડી હું એક બાજુ ઉભી છું. વળી પાછી શોચવા લાગી કે જાણે અમે પરસ્પર પ્રેમ-દૃષ્ટિએ એક બીજા તરફ ચૂપચાપ જોઇજ રહ્યાં, અને બન્નેની આંખોમાંથી આંસુની ધારા ચાલી રહી. વળી પાછી વિચાર કરવા લાગી કે અમે એકજ આસનપર બેઠાં બેઠાં વિરહનાં દુઃખો સંભારી રહ્યાં છીએ, અને બેઠાં બેઠાં આખી રાત્રિ વીતી ગઈ. સવાર પડી ગઇ, વળી હું સાસુઓના ચરણુમાં વંદન કરી રહી છું અને તેઓ આંખમાં આંસુ લાવી મને ચુમી રહ્યાં છે, અને મને દુબળી તેમજ પાતળી થઇ ગએલી જોઈ ભારે વિલાપ કરવા લાગે છે. વળી ધારો કે હું એકાંતમાં બેઠી બેઠી સાસુઓ સાથે વાતચિત કરી રહી છું, એટલામાં તો દીયરજી લક્ષ્મણુ આવી પહોંચ્યા અને આર્યે ! પ્રણુામ કરૂં છું કહી મને પ્રણુામ કર્યા, પછી તેને એમ માલૂમ પડયું કે મારી બ્હેનો આવી મને પ્રણુામ કરે છે અને એક બીજાંઓ એકઠાં થઈ વિલાપ અને પરિતાપ કરવા લાગ્યાં. પછી વિચારતાં વિચારતાં સીતાના મનમાં એવી કલ્પના થવા લાગી કે સોનાની મૂર્તિને અલગ કરવામાં આવી અને હુંજ યજ્ઞકાર્યમાં સહધર્મિણીનું કામ કરવા લાગી.

આ પ્રમાણે અનેક પ્રકારની કલ્પના તેમજ ભાવના કરતાં કરતાં સીતાજી આનંદપૂર્વક પાલખીમાં બેઠાં. બીજે દિવસે સાંજે નૈમિષક્ષેત્રમાં પાલખી આવી પહોંચી. ત્યાં પહોંચી ગયા બાદ વાલ્મીકિજીએ સીતાજીને કહ્યુંઃ-વત્સ ! રાજા રામચંદ્ર તમને ગ્રહણુ કરવા તૈયાર થયા છે. કાલે સભામાં જ્યારે સર્વ લોક એકઠા થશે ત્યારે હું તમને રામચંદ્રજીના હાથમાં સોંપીશ. વાલ્મીકિજીને પૂરો વિશ્વાસ હતો કે જ્યારે સભામાં

સીતાજીને ગ્રહણ કરવાની હું દરખાસ્ત કરીશ ત્યારે કોઈ પણ ચું કે ચાં નહિ કરે. એટલા માટે તેમણે એમ પણ વિચાર્યું નહિ કે તેમની શુદ્ધતાને માટે કોઇ પ્રમાણ બતાવવું પડશે. ત્યાર બાદ જાનકીએ એકાન્તમાં જઈ લવ અને કુશને બોલાવી સર્વ વાત પૂછી. વાત પૂછ્યા પછી પોતાને રામચંદ્રજી ગ્રહણ કરશે એ વિષે કંઈ પણ શંકા રહી નહિ. પોતાના પ્રાણ-નાથને મળવા તે એટલી બધી ઉત્સુક થઈ રહી હતી કે રાત્રિ પસાર કરવી પણ ભારે થઇ પડી. તે તો એજ વિચાર કર્યા કરતી હતી કે કયારે સવાર પડે અને હું સ્વામીનાં દર્શન કરૂં.

બીજે દિવસે પ્રાતઃકાળમાં નિત્ય-ક્રિયાઓમાંથી નિવૃત્ત થઈ વાલ્મીકિજી સીતા, કુશ, લવ તથા અન્ય શિષ્યોની સાથે સભામંડપમાં આવી પહોંચ્યા. સીતાજીનું શરીર તે દિવસે અત્યંત દુબળું લાગતું હતું. તેની કૃશતાને જોઈ શ્રી રામ-ચંદ્રજીના હૃદયમાં ભારે દુઃખ થયું. સીતાજીની આ શોચનીય દશા જોઈ તેમનું હૃદય બળી જવા લાગ્યું. આ શોકના વેગને તેઓ ઘણી કઠિનતાથી રોકી શકયા. પ્રજા આજે કેવી રીતે વર્તશે, તે ચિન્તામાં તેઓ ચૂપચાપ બેસી રહ્યા. સીતાજીને જોતાંજ સર્વના હૃદયમાં દયાનો સંચાર થયો. સીતાજીને દુબળી તેમજ હાડપિંજર જેવી થઈ ગએલી જોઈ સર્વને દુઃખ થયું. વાલ્મીકિજી આવી આસનપર પણ ન બેઠા. તે આવતાંજ ઉભા ઉભા મોટે સ્વરથી કહેવા લાગ્યાઃ-આ સભામાં વિરાજેલા નરપતિઓ, કોશલરાજના મુખ્ય પ્રધાનો, પ્રજાવર્ગ, સહસ્રો પુર-વાસી તેમજ રાષ્ટ્રવાસીઓ એકઠા થયા છે. તમે સર્વ લોકને ખબર છે કે રાજા રામચંદ્રજીએ માત્ર પ્રજાના લોકાપવાદને

સાંભળીને, તેમજ લોકનિંદાના ભયથી, સર્વથા નિરપરાધિની જાનકીને ઘરમાંથી કાઢી મૂકી હતી. આ વખતે સર્વને હું કહું છું કે તમો સર્વે જણા સીતાજીને ગ્રહણ કરવા બાબત તમારૂં અનુમોદન પ્રકાશિત કરો. સીતાજીના શુદ્ધ ચરિત્ર વિષે કોઇ પણ માણસ કદી સન્દેહ કરી શકતો નથી. વાલ્મીકિજી આટલું બોલ્યા કે સભામાં મોટો કોલાહલ થઈ રહ્યો. વાલ્મીકિજી કહી રહ્યા બાદ કેટલાક રાજાઓ, તથા મુખ્ય પ્રધાનો, તથા લોકો ઉભા થઇને હાથ જોડી કહેવા લાગ્યા કે, રાજા રામચંદ્રજી સીતાજીને પાછાં ગ્રહણ કરે તો તેથી વિશેષ આનંદ બીજો કોઇ નથી, પરંતુ કેટલાક લોકો મ્હોં નીચું ઘાલી ચૂપચાપ બેસી રહ્યા. શ્રી રામચંદ્રજી આ વેળા ઘણાજ સંદેહમાં બેઠા હતા, પરંતુ તેમણે જોઇ લીધું કે સાધારણ લોક સીતાને ગ્રહણ કરવાના વિષયમાં સમ્મત ન થયા; તેથી તેઓ ઘણાજ ઉદાસ થઇ વાલ્મીકિજીના મુખ તરફ જોવા લાગ્યા. નિરૂપાય થઇ વાલ્મીકિજીએ સીતાને કહ્યું:—વત્સે! તમારા વિષયમાં લોકોને જે સંદેહ પેસી ગયો છે તે દૂર નથી થયો, તેથી તમો તમારી શુદ્ધતા કોઇ પ્રત્યક્ષ પ્રમાણ આપી સાબિત કરો અને લોકોનો સંદેહ દૂર કરો. સીતાજીના મનમાં હતું કે વાલ્મીકિજી ઋષિના કહેવા ઉપરથી મને શ્રી રામચંદ્રજી ગ્રહણ કરશે. પરંતુ વાલ્મીકિજીના મુખથી આ સાંભળતાંની સાથેજ જેમ પ્રચંડ વાયુના વેગને લીધે ઝાડની લતા તુટી પડે તેમ જાનકીજી ધરતીપર ઢળી પડયાં. કુશ તથા લવ પોતાની માતાની આ દુર્દશા જોઈ રોવા લાગ્યા. શ્રી રામચંદ્રજી અત્યાર સુધી ધીરજ ધરી બેઠા હતા, પરંતુ સીતાજીને પૃથ્વીપર મૂર્છિત પડેલાં જોઇ અને કુશ તથા લવનું રૂદન સાંભળી તેમની ધીરજ પણ ઉડી ગઇ. તેઓ 'હા પ્રિયા!'

કહીને શોકમાં વિહ્વલ થઇ સિંહાસન ઉપરથી મૂર્છિત થઇ નીચે જમીન ઉપર પડી ગયા. સીતાજીની બ્હેનો પણ શોકાગ્નિમાં ભસ્મ થઈ જઇ 'હાય ! શું થયું" કહીને ભયંકર રૂદન કરવા લાગી. કૌશલ્યા દેવી શોકમાં વિહ્વલ થઈ 'હા વત્સે, જાનકી' કહી મૂર્છિત થઇ ગયાં. આ સર્વ રૂદન તેમજ હાહાકાર જોઇ સભામાં બેઠેલા સર્વ લોકો ચિત્રની માફક ચૂપ થઇ રહ્યા. ભરત, લક્ષ્મણ, તેમજ શત્રુઘ્ન પણ શોકાગ્નિમાં બળતા હતા, પરંતુ જેમ તેમ ધીરજ રાખી વડીલ બંધુ શ્રી રામચંદ્રજી મહારાજની મૂર્છા દૂર કરવાના ઉપાય યોજવા લાગ્યા. તેમના પ્રયત્નથી રામચંદ્રજીની મૂર્છા દૂર થઇ ગઇ. મહર્ષિ વાલ્મીકિજીએ સીતાજીની મૂર્છા દૂર કરવા તથા તેમને સચેત કરવા નાના પ્રકારના પ્રયત્નો કર્યા, પરંતુ તે નિષ્ફળ ગયું. તેમના બધા પ્રયત્નો વ્યર્થ ગયા. તેમને ખબર પડી કે સીતાજીની માનવલીલા ત્યાંજ સંપૂર્ણ થઇ.

સીતાજી અત્યંત સુશીલા, તેમજ સરલ સ્વભાવનાં હતાં. એમના જેવાં પતિવ્રતા સ્ત્રી કદી પણ કોઇએ જોયાં કે સાંભળ્યાં ન હશે. તેમણે પોતાના પવિત્ર ચરિત્રથી પતિપરાયણતા તેમજ પતિભક્તિના ગુણની પરાકાષ્ઠા બતાવી દીધી. એમના ચરિત્ર ઉપરથી માલૂમ પડે છે કે વિધાતાએ માનવ જાતિને પતિવ્રતા ધર્મનો ઉપદેશ કરવા માટેજ સીતાજીને ઉત્પન્ન કર્યાં હતાં. એમના જેવી સર્વગુણસંપન્ન કોઇ નારી કદી ભૂમંડલમાં જન્મી હોય અથવા તેમના સમાન સર્વગુણસંપન્ન હોઇ સર્વગુણસંપન્ન પતિને પ્રાપ્ત કરી તેમની માફક દુઃખભાગિની થઇ હોય એવું સાંભળવામાં આવ્યું નથી.

સંપૂર્ણ.

તમારાં બાળકોને સદાચારી અને આજ્ઞાંકિત બનાવવા માટે અને સરઅવસરે બાળકોમાં ઇનામ તથા લ્હાણી વહેંચવા માટે નીચલાં ખાસ બાળોપયોગી પુસ્તકો અવશ્ય ખરીદો.

સદ્ગુણી બાળકો.

સુધારેલી ત્રીજી આવૃત્તિ, પૃષ્ઠ ૧૯૨, કાપડી પૂઠા સાથે રૂ. ૦।

આ દેશમાં તેમજ બીજા દેશોમાં અનેક મનુષ્યોએ પોતાના બચપણમાં કષ્ટ વેઠીને પણ પરહિત, સત્ય, પ્રમાણિકતા, વડીલોની આજ્ઞાનું પાલન, કુટુંબીઓ પ્રત્યે પ્રેમ વગેરે જુદા જુદા અનેક સદ્ગુણો દર્શાવી આપેલા તેવા ૮૧ બહુજ બોધપ્રદ ખરા બનાવો આ પુસ્તકમાં આપેલા છે.

બાળકોની વાતો.

ત્રીજી આવૃત્તિ, પૃષ્ઠ ૧૨૦, કાપડી પૂઠું છતાં માત્ર ૦)॥

વૈદ્ય બ૦ મું૦ પઢીયારે આ પુસ્તકમાં સ્વદેશપ્રેમ, પરમાર્થ, હુન્નર, માતા-પિતા પ્રત્યેની ફરજ, અભ્યાસ, ધર્મ, નીતિ, ઇશ્વિર વગેરે જુદી જુદી બાબતોના ૨૧ પાઠ પરસ્પરની વાતચીતના રૂપમાં લખેલા છે.

બાળ સદ્બોધ.

બીજી આવૃત્તિ, પૃષ્ઠ ૧૩૬, કિં. ૦)॥

મહાભારત, રામાયણ, ભાગવત ઇ૦ ધર્મગ્રંથો તેમજ બીજાં ઉત્તમ પુસ્તકોમાંની અનેક સુબોધદાયક વાર્તાઓ અને દ્રષ્ટાન્તોદ્વારા ઉત્તમ ધાર્મિક શિક્ષણ આ ગ્રંથમાં સમાવેલું છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય-મુંબાઈ નં. ૨ અને અમદાવાદ.

ઉત્તમ ચરિત્રોનો વાંચનાર પોતે પણ ઉત્તમ ગુણવાળો બને છે.
આટેજ આ માળાની યોજના થયેલી છે.

ચરિત્ર માળા

જેના ગ્રાહક થવાથી દેશવિદેશનાં પ્રાચીન અર્વાચીન મહાન સ્ત્રી-પુરુષોનાં ઉત્તમ ચરિત્રનાં દર વર્ષે પૃષ્ઠ ૧૫૦૦ જેટલાં પુસ્તકો માત્ર રૂ. ૨ માં મળે છે. પો૦ માફ. દરેક વર્ષ પુરૂં થયા પછી પોસ્ટેજ જુદુંજ લેવાય છે.

સં. ૧૯૭૨ નાં પુસ્તકો–રાજા રામમોહનરાય, સમ્રાટ્ અકબર, (તૈયાર છે). બીજાં–મહાન અશોક, વિદેશી વીર પુરુષો, બાબુ કેશવચંદ્રસેન, સર વિલ્યમ વૉલેસ, ગ્લેડસ્ટોન, ઘુપ્લી, કાવ્હુર, બિસ્માર્ક, સુરેશવિશ્વાસ, નેલસન, બાણભટ્ટ, મયુર, ઇ૦ માંથી છપાશે.

સંવત ૧૯૬૮નાં પુસ્તકો–પૈકી શ્રી બુદ્ધચરિત્ર અને ઉપદેશ પાકું પૂઠું અને ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૨ જો સાદું પૂઠું–કુલ પૃષ્ઠ ૧૦૦૦) એ બે પુસ્તકોજ મળી શકે છે. કિં. રૂા. ૧ા પો૦ જુદું.

નીચેના આગલા દરેક સેટના રૂ. ૨, પાકાં પૂઠાં ૩, પો૦ જુદું.

સંવત ૧૯૬૯–ભારતના મહાન પુરુષો; ડૉ. આનંદીબાઈ જોશી; ભારતના વીર પુરુષો; ભારતના સંત પુરુષો–જગવિખ્યાત પુરુષો.

સંવત ૧૯૭૦–ભારતનાં સ્ત્રીરત્નો ભા. ૩ જો; બુકર ટી વૉશિંગ્ટન; ભારતના મહાન પુરુષો ભા. ૨ જો; જગવિખ્યાત પુરુષો ભાગ ૨ જો.

સંવત ૧૯૭૧–જોન ઑફ આર્ક; ભારતની દેવીઓ; મહાન અલેકઝાંડર; મહાન શીખગુરુઓ–નાનક તથા ગોવિંદસિંહ; થિયોડર પાર્કર.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય–મુંબઈ નં. ૨ અને અમદાવાદ.

અતિ ઉત્તમ છતાં સસ્તા ગ્રન્થો.

શ્રીયોગવાસિષ્ઠ મહારામાયણ—ભાગ ૧ લો, પાંચ પ્રકરણ. રૂ. ૩)
" " " ૨ જો, નિર્વાણ પ્રકરણ. રૂ. ૩)
શ્રીશાન્તિપર્વ—(મહાભારતનું) મ્હોટાં પૃષ્ઠ ૮૪૦ રૂ. ૨॥ અને ૨)
સ્વામી રામતીર્થ—(ભાગ ૧ થા ૫ નો મ્હોટો ગ્રંથ) ... રૂ. ૧॥
શ્રીમદ્ ભગવતી ભાગવત—વેદધર્મસભાવાળું. ... ૨॥
શ્રીમદ્ ભાગવત ભાષાન્તર—નવીન સચિત્ર આવૃત્તિ ...રૂ. ૨)=
આર્યભિષક્ અથવા હિંદુસ્થાનનો વૈદ્યરાજ—નવી આવૃત્તિ રૂ. ૨)
રાજસ્થાનનો ઇતિહાસ—ગ્રંથ ૧ લો. ... રૂ. ૨, ૨॥, ૩॥
" " " ૨ જો. છપાય છે. . .. " "
શ્રીશિવાજી છત્રપતિ—(ઉત્તમ મ્હોટું ચરિત્ર) રૂ. ૦॥, ૧, ૧॥
શ્રીદાસબોધ—ચોમાસા અગાઉ નીકળશે. ... ... રૂ. ૧
શ્રીમદ્ ભગવદ્ગીતાના ગુટકા—નવીન આવૃત્તિ રૂ. ૦)= ૦)≡ ૦।, ૦॥
એકાદશ સ્કંધ—પાકું ૦।=॥, સોનેરી ૦॥. **સુબોધ રત્નાકર** ૦।-.
સદ્ગુણી બાળકો ૦।, **બાળકોની વાતો** ૦)≡, **બાળસદ્બોધ** ૦)=
મનહરપદ ૦)=॥, **આર્યધર્મનીતિ** ૦।, **ભજનસાગર** ... ૦)=
સુબોધ રત્નમાળા છત્રીશી ૦॥=, **ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર** ૦)≡
ભગવાનની છબી ૦)-, **જ્ઞાનપટ સોપાનપટ** ... ૦)-

સૂચના:—પોસ્ટેજ ખર્ચ દરેકનું જુદું. આફ્રિકામાંથી મંગાવનારે મૂળ કિંમત ઉપરાંત ડબલ પોસ્ટેજ બદલ દરરૂપીએ આઠ આના, જેટલી રકમના પોસ્ટલ ઑર્ડર અમદાવાદના સ૦ સા૦ વ૦ કાર્યાલયના મેનેજરના નામપર મોકલવાથીજ પુસ્તકો મોકલાશે. પોસ્ટેજમાંથી વધશે તે સ્ટામ્પથી પાછું મોકલાશે.

ફિનીક્ષ (નાતાલ)માં **ઇંડીયન ઓપિનિયન**ની ઑફીસમાં તથા જોહાનસબર્ગમાં **પાટીદાર** ટ્રેડીંગ કો૦ માંથી પણ આમાંનાં ઘણાં ખરાં પુસ્તકો ખર્ચજોગી વધુ કિંમતે મળશે.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય—મુંબઈ-૨ અને અમદાવાદ.